MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૧૯-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

3 ભીમા-કોરેગાંવ તપાસ પંચનું એનસીપી અધ્યક્ષ શરદ પવારને સમન

5 અશ્લીલ ગીતમાં ગાંધીજીનું નામ લેતાં ભોજપુરી સિંગર અંતરા સિંહ વિરુદ્ધ ફરિયાદ

7 વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડાઃ રસ્તા પર રઝળતી મળી આવી ઉત્તરવહીઓ

11 રાજપીપળા કોર્ટમાં પણ થર્મલ ચેકીંગ શરૂ કરાયુંઃ વકીલો અસીલોને ટેસ્ટિંગ બાદ કોર્ટમાં પ્રવેશ

દેશમાં વાયરસના કુલ ૧૫૩ કેસ નોંધાયા, બંગાળમાં પ્રથમ કેસ પોઝિટિવ

ભારત માટે કોરોના પડકાર: આર્મી જવાન વાયરસની ચપેટમાં

વિશ્વભરમાં વાયરસથી ૮૦૦૦થી વધુ લોકોના મોત, ૨ લાખથી વધુ લોકો સારવાર હેઠળ, વિદેશમાં અનેક ભારતીયો ફસાયા,કોરોના વાયરસથી વિદેશમાં ૨૭૬ ભારતીયો સંક્રમિત,દિલ્હી-એનસીઆર અને ભુવનેશ્વરમાં લેબોરેટરી શરૂ કરવામાં આવશે, એક પ્રયોગશાળામાં દરરોજ ૧૪૦૦ સેમ્પલની તપાસ કરવામાં આવશે



- જવાનમાં વાયરસના લક્ષમો પોઝિટિવ આવતાં સમગ્ર પરિવારને આઈસોલેટ હેઠળ રખાયો
- લખનૌમાં સારવાર કરી રહેલ ડૉક્ટરનો કેસ પોઝિટિવ નીકળતાં ખળભળાટ
- સ્ટેજ-ટુમાં જો કાળજી નહિ રખાય તો ભારતમાં હાહાકાર મચી જવાની સંભાવના
- તેલંગાનામાં એક,બેંગ્લુરુમાં ૨,નોએડામાં વધુ એક કેસ નોંધાયો,સૌથી વધુ ૪૨ કેસો મહારાષ્ટ્રમાં

૧૭૧ વર્ષમાં પહેલી વખત વૃંદાવનમાં ભગવાન રંગનાથજીની યાત્રા અટકાવી
કોરોનાને પગલે વૈષ્ણોદેવી યાત્રા સ્થગિત: JKમાં વાહન વ્યવહાર પર પ્રતિબંધ

કોરોના વાયરસ ન ફેલાય તેના માટે દેશભરમાં ભીડને રોકવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તેમાં ધાર્મિક સ્થળો પર પાબંદીઓ લગાવવામાં આવી રહી છે. બુધવારે માતા વૈષ્ણોદેવીની યાત્રા રોકી દેવામાં આવી હતી. વૃંદાવનમાં ભગવાન રંગનાથજીની ૧૭૧ વર્ષ જૂની વાર્ષિક યાત્રા પણ સ્થગિત કરી દેવામાં આવી છે. આ પહેલા મંગળવારે શિરડી સાંઇ મંદિર, શિંગળાપુર સ્થિત શનિધામ અને મદુરાઇ સ્થિત ત્રંબકેશ્વર મંદિર દર્શનાર્થીઓ માટે આગામી આદેશ સુધી સંપૂર્ણ રીતે બંધ કરી દેવામાં આવ્યા છે. જમ્મુ કાશ્મીરથી આવતી અને જતી આંતરરાજ્ય બસોનાં પરિવહન પર પ્રતિબંધ લગાવી દીધો છે.

ન્યુ દિલ્હી

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર જીવલેણ રોગ કોરોના વાયરસ ભારત માટે હવે એક પડકાર બની ગયો હોય તેમ તેની ચપેટમાં આવનારાઓની સંખ્યા વધીને ૧૫૩ પર પહોંચી ગઇ છે. કુલ ૩ના મૃત્યુ સાથે ભયજનક રીતે લેહ-લદાખમાં ભારતીય લશ્કરનો એક જવાન કોરોનાગ્રસ્ત હોવાનું બહાર આવતાં ફફડાટ વ્યાપી ગયો છે. અને આ જવાનના સંપર્કમાં કોણ કોણ આવ્યાં તેની તપાસ આર્મીના મેડિકલ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે. ભારત આ રોગના બીજા સ્ટેજમાં છે અને જો તેમાંથી હેમખેમ બહાર નિકળી જશે તો ઇટાલી કે ચીન જેવી ભયંકર સ્થિતિનો સામનો નહીં કરવો પડે. ભારત સરકાર અને રાજ્યો આ મહામારીને રોકવા યુધ્ધના ધોરણે સંભવિત તમામ સાર્વત્રિક પગલાં લઇ રહી છે. આ રોગના ફેલાવાને રોકવા માટે લોકોને એક સ્થળે એકઠા નહીં થવા માટેના તમામ પગલાં લેવામાં આવી રહ્યાં છે.

અનુ. પાના નં. ૬ પર

લંડનના સંશોધકનો દાવો
કોરોના વાયરસ અમેરિકામાં ૨૨ લાખ અને બ્રિટનમાં ૫ લાખ લોકોને ભરખી જશે..!!

બ્રિટનમાં લોકોને ઘરની બહાર નહિ નિકળવા અને વિવિધ બિમારીઓનો સામનો કરતા ૭૦ લાખ લોકોને અલગ રહેવા આદેશ, બિમારીને રોકવાના ગંભીર પ્રયાસો નહિ થાય તો કોરોના તાંડવ મચાવશે

લંડન

ચીનના વુહાન શહેરમાંથી ફેલાયેલા કોરોના વાયરસનો કહેર આખી દુનિયા પર વર્તાયો છે. કોરોનાથી પોતાના નાગરિકોને બચાવવા માટે દુનિયાની તમામ સરકારો શકય તેટલા તમામ પ્રયાસ કરી રહી છે. આ દરમિયાન એક બ્રિટિશ સંશોધનનો અહેવાલ સામે આવતા અમેરિકા અને બ્રિટનની સરકારમાં સોપો પડી ગયો છે. આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આવનાર સમયમાં કોરોના વાયરસના કારણે અમેરિકામાં ૨૨ લાખ અને બ્રિટનમાં ૫ લાખ લોકોના મોત થઈ શકે છે. આ રિસર્ચ ઈમ્પીરિયલ કોલેજ લંડનમાં પ્રોફેસર નીલ ફર્ગુસને ઈટાલીના કોરોનાના આંકડાના આધારે કયુ છે. બ્રિટિશ રિસર્ચ અહેવાલ સામે આવ્યા બાદ બ્રિટનના વડાપ્રધાન જોનસને કોરોના સામે વધારે કડક પગલા ભરવાની શઆત કરી

અનુ. પાના નં. ૬ પર

ત્રિવેન્દ્ર રાવત સરકારનો મોટો નિર્ણય,બઢતી પર લાગેલ પ્રતિબંધ પણ હટાવાયા
ઉત્તરાખંડમાં હવે પ્રમોશનમાં અનામત નહીં મળે

દહેરાદૂન

ઉત્તરાખંડ સરકારે પ્રદેશની સરકારી નોકરીમાં બઢતી માટે આરક્ષણ હટાવી લીધું છે. પોતાની સરકારને ત્રણ વર્ષ પૂર્ણ થયા બાદ ત્રિવેન્દ્ર રાવત સરકારે આ મોટો નિર્ણય લીધો છે.

આ સિવાય ઉત્તરાખંડ સરકારે બઢતી પર લાગેલ પ્રતિબંધ પણ હટાવી દીધો છે. સરકારના આ આદેશ બાદ લાંબા સમયથી આંદોલન કરી રહેલા જનરલ-ઓબીસીના કર્મચારીઓએ હડતાલ પણ પૂર્ણ કરી હતી.

નોંધનીય છે કે, પ્રદેશમાં જનરલ-ઓબીસીના કર્મચારીઓ ૨ માર્ચથી બઢતીમાં અનામત પૂર્ણ કરવાની માગને લઈને અનિશ્ચિત સમયગાળા સુધીની હડતાલ પર ઉતર્યા હતા. જો કે, કર્મચારીઓની એવીપણ માગ હતી કે, બઢતી પર લગાવાયેલ પ્રતિબંધ હટાવવામાં આવે અને આરક્ષણ બંધ કરાવાની સાથે રોસ્ટરમાં નવી વ્યવસ્થાને યથાવત રાખવામાં આવે.

રાજય સરકારે કર્મચારીઓના ઉગ્ર આંદોલનને ધ્યાનમાં રાખીને બુધવારે આ નિર્ણય લીધો હતો. સરકારે હડતાલને સમાપ્ત કરવા માટે ઘણા પ્રયત્નો કર્યા હતા, પરંતુ કર્મચારીઓ માંગ પર રહ્યા હતા.

આ અગાઉ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે બઢતીમાં અનામત એ મૂળભૂત અધિકાર નથી. હડતાલ પાડતા કર્મચારીઓએ માંગ પણ કરી હતી કે સરકારે સુપ્રીમ કોર્ટના આદેશના પ્રકાશમાં વિભાગીય બઢતી બેઠકો શરૂ કરવી જોઈએ. જનરલ અને ઓબીસી એમ્પ્લોઈઝ એસોસિએશનના પ્રદેશ અધ્યક્ષ દિપક જોશીએ કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટના આદેશો લાગુ નહીં થાય ત્યાં સુધી હડતાલ ચાલુ રહેશે. સમય જતાં, સંઘનું આંદોલન ઉગ્ર બની રહ્યું હતું, જેના કારણે સરકારે આ મામલે તાત્કાલિક નિર્ણય લેવો પડ્યો.

આ ઉપરાંત ત્રીજા આદેશમાં હાઈકોર્ટે સરકારે પ્રમોશનમાં અનામત આપવાની સાથે સાથે ખાલી પડેલી જગ્યાઓની ભરતીમાં પણ અનામત આપવાનો આદેશ આપ્યો હતો. હાઈકોર્ટના આ આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર આપવામાં આવ્યો હતો. ૨ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સુપ્રીમ કોર્ટે નૈનીતાલ હાઈકોર્ટે આપેલા આદેશને રદ કરી અરજીઓ પર સુનાવણી હાથ ધરી હતી.

૧૮ દિવસમાં જ શેર બજારમાં ૯ હજારનો જંગી ઘટાડો, અબજોનું ધોવાણ..!

ન્યુ દિલ્હી

ભારતીય શેરબજારમાં છેલ્લાં ૧૮ દિવસસમાં સેન્સેક્સમાં અંદાજે ૯ હજાર કરતાં વધારેનો કડાકો તો નિફ્ટીમાં પણ અંદાજે ૩૦૦ પોઈન્ટનો ઘટાડો જે જોવા મળ્યો છે તેના કારણોમાં વૈશ્વિક મંદી અને કોરોના વાઇરસ મુખ્ય મનાય છે. ભારતીય શેરબજારના ઈતિહાસમાં આ ગાળા દરમ્યાન સૌથી મોટો ૩૫૦૦ પોઈન્ટનો ઘટાડો સેન્સેક્સમાં નોંધાયો અને આ ગાળા દરમ્યાન એક કાચા અંદાજ પ્રમાણે જોઈએ તો રોકાણકારોની ૪૫ લાખ કરતાં વધારે સંપત્તિનું ધોવાણ થયું છે. જેમાં એશિયાના સૌથી ધનિક મુકેશ અંબાણીને પણ ૧.૧૦ લાખ કરોડનું નુકશાન થયું છે.

બજાર નિષ્ણાતોના જણાવ્યાં પ્રમાણે, ફેબ્રુઆરી માસના બજાર કામકાજના છેલ્લાં દિવસે ૨૮ તારીખે સેન્સેક્સમાં ૧૪૫૦ પોઇન્ટનો કડાકો નોંધાયો હતો. તે વખતે બજાર૩૮,૨૯૭.૨૯

અનુ. પાના નં. ૬ પર

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

અમેરિકામાં વાયરસથી ૧૦૦થી વધુના મોત,બેરોજદારી દર વધવાની શક્યતા
વિશ્વભરમાં કોરોનાનો આતંકઃ મૃત્યુઆંક ૮,૦૦૦ને પાર

- ૧૬૫ દેશોમાં ઈન્ફેક્શનના ૧.૯૮ લાખ કેસ,ઈટાલીમાં ૧ દિવસમાં ૩૬૮ના મોત, ઈઝરાયલમાં સેના કમાન સંભાળશે
- પાકિસ્તાનમાં કુલ ૨૩૭ કેસ,અત્યાર સુધી બે લોકોના મોત

વૉશિંગ્ટન

દુનિયામાં કોરોના વાઈરસથી ઈન્ફેક્ટેડ લોકોની સંખ્યા બુધવાર સવાર સુધી ૧,૯૮,૨૪૧ થઈ ગઈ છે. ૧૬૫ દેશ કોરોના વાઈરસથી પ્રભાવિત છે. મૃત્યુ પામનાર લોકોની સંખ્યા ૮,૦૦૦ થઈ ગઈ છે. ૮૧,૭૪૩ લોકોને ઈન્ફેક્શન થયા પછી તેઓ સાજા થઈ ગયા છે. હવાઈ ટાપુએ પર્યટકોને હાલ ન આવવાની ભલામણ કરી છે. ઈઝરાયલ સેનાને સ્થિતિ સંભાળવાની જવાબદારી સોંપવામાં આવી છે. અહીં બુધવાર સુધી ૧૯૫૦ કેસ સામે આવ્યા છે અને ૭૧ લોકોના મોત થયા છે.

લોસ એન્જિલસની હોસ્પિટલોમાં બ્લડની અછત સર્જાવા લાગી છે. કોરોનાના કારણેબ્લેડડોનેશનમાંપણઘટાડો આવ્યો છે. ઈઝરાયલમાં ઈન્ફેક્શન રોકવા માટે શક્ય તેટલા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છેપરંતુસૈન્ય ભરતીપ્રક્રિયા સ્થગીત કરવામાં આવી નથી.

- અમેરિકાના દરેક ૫૦ રાજ્યો કોરોના વાઈરસની ઝપટમાં આવી ગયા છે. બુધવારે અમેરિકામાં કોરોનાના કારણે મોતનો આંકડો ૧૦૫ થઈ ગયો છે. વોશિંગ્ટનમાં કોરોનાના કારણે ૫૦ લોકોના મોત થયા છે, જ્યારે ન્યૂયોર્કમાં ૧૨ અને કેલિફોર્નિયામાં ૧૧ લોકોના મોત થયા છે.

અમેરિકામાં મંગળવારે રાતે કોરોના વાઈરસની અર્થવ્યવસ્થા પર અસર વિશે મીટિંગ થઈ હતી. નાણા મંત્રી

અનુ. પાના નં. ૬ પર

ધો. ૫ અને ૮માં બે વિષયમાં ૩૫%થી ઓછું પરિણામ ધરાવતા વિદ્યાર્થી ફેલ ગણાશે

ગાંધીનગર

શિક્ષણ વિભાગના પરિપત્ર મુજબ રાઈટ ટૂ એજ્યુકેશન એક્ટની કલમ ૨૪માં સુધારા બાદ આ કલમમા નવી પેટા કલમો ઉમેરાઈ છે. નવા સુધારા મુજબ શિક્ષણ વિભાગે દરેક સ્કૂલોને સુચના આપી છે કે ધો. ૫ અને ૮માં બે કે તેથી વધુ વિષયમાં ૩૫ ટકા (ઈ ગ્રેડ)થી ઓછું પરિણામ ધરાવતા વિદ્યાર્થીઓ હવે ફેલ ગણાશે.

દરેક વિષયમાં A,B,C અને D ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીને જ આગળના ધોરણમાં મોકલવામા આવશે. જોકે, પરિણામ જાહેર થયા બાદ બે મહિનામાં ૩૫ ટકાથી ઓછા ગુણ લાવનારા વિદ્યાર્થીનો ફરીથી ટેસ્ટ લેવામાં આવશે. ત્યારબાદ પણ જો વિદ્યાર્થીઓ નબળું પ્રદર્શન કરશે તો તેમને ફરીથી નાપાસ કરવામાં આવશે.

પરિપત્રમાં સ્કૂલોને સ્પષ્ટ જણાવાયું છે કે, પ્રાથમિક શાળામાં ધો.૫ અને ૮ સિવાય અન્ય કોઈપણ ધોરણમાં વિદ્યાર્થીને નાપાસ કરી શકાશે નહીં. આ નિયમ વર્ષ ૨૦૧૯-૨૦થી લાગુ કરાયો છે.

શિક્ષણ વિભાગનો આ પરિપત્ર સરકારી અને ગ્રાન્ટેડ સહિત તમામ ખાનગી સ્કૂલોને પણ લાગુ પડશે. કોઈ પણ સ્કૂલ RTI એક્ટ મુજબ ધો.૫ અને ૮ સિવાયના કોઈ પણ ધોરણમાં ઓછુ પરિણામ હોય તો પણ આગળના ધોરણમાં

અનુ. પાના નં. ૬ પર

સુપ્રિમે સ્પીકરને પૂછ્યુ, ધારાસભ્યોના રાજીનામા પર નિર્ણય કેમ ન લેવાયો

મધ્યપ્રદેશ રાજકીય સંકટઃ સુપ્રિમમાં આજે વધુ સુનાવણી

ન્યુ દિલ્હી

મધ્યપ્રદેશની સરકાર રહેશે કે નહીં તે અંગે મુદ્દો હવે કોર્ટ સુધી પહોંચી ગયો છે. મધ્યપ્રદેશમાં સરકાર પડી જાય તેવી સ્થિતિમાં છે અને આ મામલે સુપ્રીમ કોર્ટ સુનાવણી કરી રહી છે. ૧૬ ધારાસભ્યોએ રાજીનામું આપી દીધું છે અને તેના લીધે કમલનાથ સરકાર અલ્પમતમાં આવી ગઈ છે.

આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. તમામ બાગી ધારાસભ્યોને મળવા માટે કોંગ્રેસે સુપ્રીમ કોર્ટ આદેશ આપે તેવી માગણી કરી છે. જો કે કોર્ટે કહ્યું તે આવો કોઈ જ આદેશ આપી શકે નહીં. બાળકો જેવો આ મામલો નથી. જો કે ભાજપ તરફથી આવેલાં વકીલે દલીલ કરી હતી કે જ્યારે ધારાસભ્યો જ મળવા નથી માગતા તો કેવી રીતે મળવા માટે દબાણ કરી શકાય?

કમલનાથ સરકાર આ મુદ્દા પર સુપ્રીમ કોર્ટે સ્પીકરની સામે સવાલ ઉભો કર્યો હતો. કોર્ટે સવાલ કર્યો કે શા માટે તમે અત્યાર સુધી ધારાસભ્યોના રાજીનામા પર કોઈ જ એક્શન ના લીધું? શું આ ધારાસભ્યો ખુદ જ અયોગ્ય નથી? તમે બજેટ સત્રને પણ ટાળી દીધું છે. જો બજેટ નહીં રજૂ થાય તે રાજ્યનું કામકાજ કેવી રીતે ચાલશે? જો કે આ મામલે વધુ સુનાવણી ગુરુવારના રોજ પણ ચાલુ રાખવામાં આવશે. આ બાજુ શિવરાજ સિંહના પક્ષમાંથી દલીલ કરવામાં આવી હતી કે કોર્ટ દ્વારા તરત જ ફ્લોર ટેસ્ટનો આદેશ આપવામાં આવે.

નોંધનીય છે કે બેંગલુરુ કોંગ્રેસના બળવાખોર ૧૬ ધારાસભ્યોએ કમિશ્નરને પત્ર લખ્યો છે અને સુરક્ષા વધારવાની અપીલ કરી છે. અહીં તેમની બુધવારે કોંગ્રેસ નેતા દિગ્વિજય સિંહ મુલાકાત કરવા પહોંચ્યા હતા, જોકે, પોલીસે તેઓને અટકાયતમાં લીધા હતા.

ગેંગરેપના દિવસે હું દિલ્હીમાં હાજર નહતો

નિર્ભયા કેસ : દિલ્હી હાઈકોર્ટે મુકેશની અરજી પર ચુકાદો સુરક્ષિત રાખ્યો

ન્યુ દિલ્હી

નિર્ભયા ગેંગરેપના ચાર દોષિતો પૈકી એક મુકેશ સિંહે દિલ્હી હાઈકોર્ટમાં કરેલી એક અરજી પર સુનાવણી પૂર્ણ થઈ છે અને ચુકાદો સુરક્ષિત રાખવામાં આવ્યો છે. ટ્રાયલ કોર્ટ દ્વારા ફાંસીના આદેશને પડકારતા દોષિત મુકેશ સિંહે દિલ્હી હાઈકોર્ટમાં એક અરજી કરીને જણાવ્યું હતું કે, ગેંગરેપના દિવસે હું દિલ્હીમાં હાજર નહતો.

મુકેશ સિંહે પોતાની અરજીમાં એવો દાવો કર્યો છે કે ૧૬ ડિસેમ્બર ૨૦૧૨ (ગેંગરેપની ઘટના)ના દિવસે દિલ્હીમાં નહતો. આ અરજી પર દિલ્હી હાઈકોર્ટના જસ્ટિસ બ્રિજેશ શેઠીએ દોષિ મુકેશ સિંહના વકીલ તેમજ દિલ્હી સરકારની દલીલો સાંભળ્યા બાદ ચુકાદો સુરક્ષિત રાખ્યો છે

ટ્રાયલ કોર્ટે મુકેશની અરજી રદ કરી દીધી હતી અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને જણાવ્યું હતું કે તે મુકેશના વકીલને સંવેદનશીલતાનો ખ્યાલ અપાવે.

૫મી માર્ચે ટ્રાયલ કોર્ટે નિર્ભયા ગેંગરેપના ચારેય દોષિતોને ૨૦ માર્ચે ફાંસીના માંચડે લટકાવવાનો આદેશ આપતું ડેથ વોરન્ટ જાહેર કર્યું હતું. મુકેશ ઉપરાંત પવન ગુપ્તા, વિનય શર્મા અને અક્ષય સિંહ ચકચારી નિર્ભયા ગેંગરેપના દોષિતો છે.

આર્થિક મોરચે ભારતને વધુ એક ઝટકો

૨૦૨૦માં ભારતનો જીડીપી દર ૫.૨ ટકા રહેશેઃ એસ એન્ડ પી

ન્યુ દિલ્હી

કોરોના વાયરસની ઝપેટમાં આવેલ ભારતીય અર્થતંત્રને વધુ એક ઝટકો લાગ્યો છે. એસ એન્ડ પી ગ્લોબલ રેટિંગ્સે ૨૦૨૦માં ભારતની વૈશ્વિક આર્થિક વિકાસ દરના અનુમાનને ઘટાડીને ૫.૨ ટકા કરી દીધો છે અને કહ્યું છે કે, કોરોના વાયરસના વધતા ખતરા વચ્ચે ગ્લોબલ ઈકોનોમી મંદીના દોર પ્રવેશ કરી રહી છે. આ અગાઉ એજન્સીએ ૨૦૨૦માં ભારતમાં ૫.૭ ટકાના દરે વિકાસ થવાનો અંદાજ દર્શાવ્યો હતો.

એસ એન્ડ પીએ એક નિવેદનમાં જણાવ્યું કે, દુનિયા મંદીના સમયમાં પ્રવેશ કરી રહી છે. એસ એન્ડ પી ગ્લોબલ રેટિંગ્સમાં એશિયા પેસિફિકની પ્રમુખ ઈકોનોમિસ્ટ શોન રોશે કહ્યું કે, ચીનમાં પહેલા ક્વાર્ટરમાં મોટો ઝટકો, અમેરિકા અને યૂરોપમાં શટડાઉન અને કોરોના વાયરસ સંક્રમણને કારણે એશિયા-પ્રશાંતમાં મોટી મંદી પેદા થશે.

એસ એન્ડ પીએ કહ્યું કે, અમે ચીન, ભારત અને જાપાનમાં ૨૦૨૦માં થનાર વિકાસના અનુમાનને ઓછો કરીને ક્રમશઃ (પહેલાનો ૪.૮ ટકા, ૫.૭ ટકા અને -૦.૪ ટકા) ૨.૯ ટકા, ૫.૨ ટકા અને -૧.૨ ટકા કરી રહ્યા છીએ. મામૂલી તેજી જોવા મળી.

કોરોના વાયરસને કારણે નિર્ણય લેવાયો

એક મહિના સુધી ભાજપ કોઈ આંદોલન કે પ્રદર્શન નહી કરેઃ જે.પી.નડ્ડા

ન્યુ દિલ્હી

ભારતીય જનતા પાર્ટી હવે આવતા એક મહિના સુધી ધરણા પ્રદર્શન કે આંદોલન કરશે નહીં. કોરોના વાયરસને જોતા રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાએ કહ્યું હતું કે, 'પીએમ મોદીએ સંસદસભ્ય પાર્ટીની બેઠકમાં કહ્યું હતું કે કોરોના વાયરસને લીધે આપણે કોઈપણ આંદોલન, ચૂંટણી, પ્રદર્શન ટાળવું જોઈએ. તેને ધ્યાનમાં રાખીને બીજેપીએ નિર્ણય લીધો છે કે આગામી ૧ મહિના સુધી પાર્ટી કોઈપણ આંદોલન, પ્રદર્શનમાં ભાગ લેશે નહીં.

ભાજપ અધ્યક્ષે કહ્યું કે, પાર્ટી કોઈ જાહેર સભા નહીં કરે. તેમણે કહ્યું કે, જો કોઈ માહિતી આપવી હોય તો પક્ષનાં ૪-૫ નેતાઓ આ અંગે મેમોરેન્ડમ આપશે. વળી, તેમણે કહ્યું કે ભાજપનાં તમામ એકમોને કોરોના વાયરસ વિશે જાગૃતિ ફેલાવવા કહેવામાં આવ્યું છે. કોરોના વાયરસથી શું કરવું અને શું ન કરવું તે અંગેની માહિતી આપવા માટે કહેવામાં આવ્યું છે. આ અગાઉ મંગળવારે ભાજપ સંસદીય પાર્ટીની બેઠકમાં પીએમ મોદીએ સત્રની અવધિ ઘટાડવા માટે કેટલાક સાંસદો દ્વારા લખાયેલા પત્ર અંગે નિરાશા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે, અમે દેશનાં ૧૩૦ કરોડ લોકોનાં પ્રતિનિધિ છીએ, તેથી સત્ર ઓછું ન થવું જોઈએ. તેમણે પક્ષનાં સાંસદોને લોકોને કોરોના વાયરસથી જાગૃત કરવા માટે તેમના મત વિસ્તારોની મુલાકાત લેવાનું કહ્યું હતું.

નાસામાં કોરોનાની એન્ટ્રીઃ ૨ કેસ પોઝિટિવ, કર્મચારીઓને ઘરે મોકલી દેવાયા

વૉશિંગ્ટન

અમેરિકાની જગમશહૂર સ્પેસ એજન્સી નાસા(નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન)માં પણ કોરોનાની એન્ટ્રી થઈ ગઈ છે. નાસાએ પોતાના ૧૭૦૦૦ કર્મચારીઓને ઘરે મોકલીને ઘરેથી જ કામ કરવાનો આદેશ આપ્યો છે. કોઈ ખાસ મિશન પર લાગેલા કર્મચારીઓને જ નાસામાં આવવાની વિશેષ છુટ અપાઈ છે. નાસાએ વેબસાઈટ પર જાણકારી આપતા કહ્યુ છે કે, ૨ કર્મચારીઓ કોરોના પોઝિટિવ હોવાના કારણે પગલા ભરવા જરુરી બન્યા છે. જેથી વાયરસ વધારે ના ફેલાય.કર્મચારીઓ અને તેમના પરિવારોને સ્થાનિક ગાઈડ લાઈન ફોલો કરવાનો આદેશ આપ્યો છે.

ઓમર અબ્દુલ્લાને જલ્દી મુક્ત કરો નહિ તો....: સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી

જમ્મૂ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાને મુક્ત કરવાને લઈને સુપ્રીમ કોર્ટમાં બુધવારે સુનાવણી થઈ હતી. આ દરમિયાન કોર્ટે કેન્દ્રને આગામી અઠવાડિયા સુધી તેમને જાણ કરવા કહ્યું કે, શું તે જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રીન ઓમર અબ્દુલ્લાને કસ્ટડીમાંથી મુક્ત કરી રહ્યા છો. કોર્ટે કહ્યું કે, જો તમે ઓમર અબ્દુલ્લાને છૂટા કરી રહ્યા છો, તો જલ્દીથી જ તેને મુક્ત કરો નહીંતર અમે કસ્ટડી વિરુદ્ધ તેની બહેનની યાચીકા પર સુનાવણી કરી છું.

જણાવી દઈએ કે,ઓમર અબ્દુલાની બહેન સારા અબ્દુલ્લા પાયલટને જમ્મૂ-કાશ્મીર લોક સુરક્ષા એક્ટ (પીએસએ) હેઠ અબ્દુલ્લાની ધરપકડ પર સામી પડકાર આપી હતી. આ પહેલા સારાએ સોમવારે સુપ્રીમ કોર્ટમાં જમ્મૂ-કાશ્મીર પ્રશાસન આ દાવાને નકારી દીધા હતા. જેમાં કહેવામાં આવ્યું હતું કે, પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાને સાર્વજનિક વ્યવસ્થાના પગલે ખતરો રહશે. ઓમર અબ્દુલ્લા પાછલા વર્ષે ઓગસ્ટમં અનુચ્છેદ ૩૭૦ રદ થયા બાદથી કસ્ટડીમાં છે.

વાયરસ રોગના નિષ્ણાંત દ્વારા વ્યક્ત કરવામાં આવી મોટી આશંકા

ચીન,ઈરાન બાદ ભારતમાં પણ તાંડવ મચાવશે કોરોનાઃ નિષ્ણાંત

ભારતનું વાતાવરણ અને જનસંખ્યા આ વાયરસ ફેલાવવા માટે પર્યાપ્ત છે,કારણ કે અહીં લોકો સારવાર અને ક્વાંરટીનથી બચવા ભાગી રહ્યાં છેઃ નિષ્ણાંતોનો ભય

ન્યુ દિલ્હી

ચીનમાં હાહાકાર મચાવી ચુકેલા કોરોના વાયરસ પહેલા ઈરાન અને ત્યાર બાદ યૂરોપના દેશોમાં પોતાનો કાળો કહેર વર્તાવી ચુક્યો છે. હવે આ વાયસર ભારને પોતાનું નિશાન બનાવી શકે છે તે તેવી આશંકા દેશના જાણીતા સ્વાસ્થ્ય નિષ્ણાંતે વ્યક્ત કરી છે.

તેમના જણાવ્યા પ્રમાણે ભારત કોરોના વાયરસનું આગામી સૌથી મોટું કેન્દ્ર બની શકે છે. એટલે કે, ચીન, ઈરાન, ઈટાલી અને સ્પેન બાદ હવે કોરોના વાયરસનું સંક્રમન ભારતમાં સૌથી વધારે વધી શકે છે. કારણ કે ભારતમાં જે તૈયારીઓ છે તેને લઈને તે બાકીના એશિયાઈ દેશોની સરખામણીમાં ઓછી અને અપુરતી છે.

જાણીતા નિષ્ણાંત ડો, ટી જૈકબ જોનએ આપી છે. તેઓ ઈન્ડિયન કાઉંસિલ ફોર મેડિકલ રિસર્ચ સેંટરના એડવાંસ્ક રિસર્ચ ઈન વાયરોલોજી સેંટરના પૂર્વ પ્રમુખ રહી ચુક્યા છે. ડૉ. જોને કહ્યું છે કે, ભારતનું વાતાવરણ અને જનસંખ્યા આ વાયરસ ફેલાવવા માટે પર્યાપ્ત છે. કારણ કે અહીં લોકો સારવાર અને ક્વાંરટીનથી બચવા ભાગી રહ્યાં છે.

ડૉ. જોન ભારત સરકારના પોલિયો મુક્ત અભિયાનની સલાહકાર સમિતિમાં પણ રહી ચુક્યા છે. સાથે જ વેલ્લોર સ્થિત ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ સ્થિત નેશનલ એચઆઈવી/એડ્સ રિફરેંસ સેંતરના પ્રમુખ પણ રહી ચુક્યા છે. તેમણે કહ્યું હતું કે, આ એક મોટો હિમસ્ખલન બની રહ્યું છે જે ગમે ત્યારે ભારત પર પડી શકે છે.

તેમણે જણાવ્યું હતું કે, ભારતના લગભગ દરેક શહેરમાં એક વિસ્તાર એવો હોય જ છે કે, જ્યાં લોકોના ઘર અને લોકો વચ્ચે અંતર ખુબ જ ઓછુ હોય છે. આ સ્થિતિમાં કોરોના વાયરસનો ખતરો વધી જાય છે. તેમને ચેતવણી આપતા કહ્યું હતું કે, અત્યારે તો કોરોનાગ્રસ્ત પીડિતોની સંખ્યા ધીમી ગતિએ વધી રહી છે, પણ ૧૫ એપ્રિલ સુધીમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યામાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો થઈ શકે છે. કારણ કે દેશમાં કોરોનાને લઈને ભરવામાં આવેલા પગલા પુરતા નથી.

ઝરઈના વર્તમાન પ્રમુખ ડૉ, બલરામ ભાર્ગવે ગઈ કાલે કહ્યું હતું કે, અત્યાર સુધીમાં દેશમાં ૮૦૦૦ કોરોના સેંપલની તપાસ કરવાની ક્ષમતા છે. પણ હજી આ વાયરસ થર્ડ સ્ટેજમાં પહોંચ્યો હોવાની જાણકારી નથી. એટલે કે તે સામુહિક રીતે નથી ફેલાઈ રહ્યો.

કોરોનાના જોખમ વચ્ચે ચેન્નાઈમાં લોકો સીએએના વિરોધમાં રસ્તા પર ઉતર્યા

ચેન્નાઈ

એક તરફ સરકાર અને ડોક્ટરો પણ કોરોનાના વધતા જતા જોખમ ધ્યાનમાં લઈને ભીડ ભાડથી દુર રહેવાની સલાહ આપી રહ્યા છે ત્યારે સીએએના વિરોધમાં આજે ચેન્નાઈમાં હજારો લોકો રસ્તા પર નિકળ્યા હતા.

સીએએના વિરોધમાં મદ્રાસ હાઈકોર્ટ પાસે હજારો લોકોએ રેલી કાઢીને વિરોધ કર્યો હતો. આજે યોજાયેલા વિરોધ પ્રદર્શનનુ તૌહીદ જમાત નામના સંગઠને આયોજન કર્યુ હોવાનુ મનાય છે. હજારો લોકો તેમાં જોડાયા હતા અને સીએએ પાછો



ખેંચવા માંગ કરી હતી.

ચોંકાવનારી વાત એ છે કે, કોરોના વાયરસ એક બીજાના સંપર્કમાં આવવાથી ચેપ લાગી શકે છે તે જગ જાહેર વાત છે આમ છતા સીએએનો વિરોધ કરનારા સરકારની વાત માનવા તૈયાર નથી.

દિલ્હીના શાહીનબાગમાં પણ સીએએના વિરોધીઓ ધરણા ખતમ કરવા માટે તૈયાર થઈ રહ્યા નથી.

નિફ્ટી ૪૨૫ અંકના ઘટાડા સાથે ૮૪૬૮ની સપાટીએ

શેરબજારમાં ધોવાણઃ સેન્સેક્સમાં ૧૭૦૦ પોઈન્ટનો કડાકો

સેન્સેક્સ ૧૭૦૦ અંક ઘટી ૨૮૮૬૯ની સપાટીએ,ટ્રેડિંગના અંતિમ કલાકમાં સંકટ વધ્યું, રોકાણકારોના ૫ લાખ કરોડ રૂપિયા સ્વાહા

મુંબઈ

શેરબજારમાં આજે પણ ધોવાણ જોવા મળ્યું છે. આજે ૫.૫૯ ટકાના ઘટાડા સાથે સેન્સેક્સ ૧,૭૦૯ પોઈન્ટ્સ ઘટીને ૨૮,૮૬૯ પર જ્યારે નિફ્ટી ૪.૭૫ ટકાના ઘટાડા સાથે ૪૨૫ પોઈન્ટ્સ ઘટી ૮,૫૪૧ની સપાટી પર બંધ થયા છે. આજે BSE પર સૌથી વધુ ધોવાયેલા ટોચના શેર્સમાં ઈન્ડસિન્ડ બેંક, કોટકબેંક, બજાજ ફાઈનાન્સ, પાવરગ્રીડ અને હીરોમોટોકોર્પનો સમાવેશ થાય છે. જ્યારે NSEના નિફ્ટીના ટોપ ફાઈવ લુઝર્સમાં ઈન્ડસિન્ડ બેંક, ઈન્ફ્રાટેલ, કોટક, બજાજ ફાઈનાન્સ અને એચડીએફસી બેંકનો સમાવેશ થાય છે.

બજારમાં ઘટાડાથી ફરી એકવાર રોકાણકારોને જોરદાર આંચકો લાગ્યો છે. બુધવારે રોકાણકારોના ૫ લાખ કરોડથી વધુ રૂપિયા ડૂબી ગયા છે. મંગળવારે બીએસઈ પર લિસ્ટેડ કુલ કંપીનાઓનો માર્કેટ કૅપ ૧,૧૯,૫૨,૦૬૬.૧૧ કરોડ રૂપિયા હતો, જે આજે ૫,૧૩,૦૨૬.૮૯ કરોડ રૂપિયા ઘટીને ૧,૧૪,૩૯,૦૩૯.૨૨ કરોડ રૂપિયા થઈ ગયો.

કોરોનાનો ચેપ શેરબજારને એવો લાગ્યો છે કે છેલ્લા કેટલાક દિવસોથી સતત ધોવાઈ રહેલું માર્કેટ હજુ તેમાંથી બહાર નથી આવી શક્યું. ગઈકાલે ભારે અફરાતફરી બાદ છેલ્લા અડધો કલાકમાં જોરદાર વેચવાલી નીકળતા ૮૧૦ પોઈન્ટ્સના ઘટાડા બાદ આજે સેન્સેક્સ એક તબક્કે ૧૯૦૦ પોઈન્ટનો ઈન્ટ્રા ડે કડાકો જોવાયો હતો. આજે ૩૦,૯૬૮ની સપાટી પર ખૂલેલો સેન્સેક્સ ૨૮,૬૧૩ની સૌથી નીચલી સપાટીએ પહોંચ્યા બાદ સામાન્ય સુધરી ૨૮,૮૬૯ પર બંધ થયો હતો.

આજના કારોબારમાં બજારમાં બેક્રિંગ શેર્સનો કચ્ચરઘાણ નીકળી ગયો છે. બજાર બંધ થયું ત્યારે ઈન્ડસિન્ડ બેંકમાં ૨૪.૬ ટકાનો તોતિંગ ઘટાડો નોંધાયો હતો. આ શેર પોતાની ૧૮૩૪ની પર સપ્તાહની સૌથી ઉંચી સપાટીએથી તૂટીને આજે ૩૭૪ રુપિયાની સૌથી નીચલી સપાટીએ પહોંચ્યો હતો અને ૪૫૫ પર બંધ થયો હતો. કોટક બેંક પણ ૧૧.૧૯ ટકાના ઘટાડા સાથે ૧,૧૬૨નું પર વીકનું નવું તળીયું બનાવી ૧,૧૭૩ પર બંધ થયો હતો.

આ સિવાય બજાજ ફાઈનાન્સમાં પણ આજે ૯ ટકાથી પણ વધુનો કડાકો બોલાયો છે. હજુ થોડા દિવસ પહેલા જ ૪,૯૨૩નો ઓલટાઈમ હાઈ બનાવનારો આ શેર ૨૮૦૦ રુપિયાની પોતાની પર સપ્તાહની સૌથી નીચી સપાટી તરફ સરકી રહ્યો છે. આજે તેણે ૩૦૧૮ રુપિયાનો લો બનાવ્યો હતો. કોટક બેંક, એસબીઆઈ, એચડીએફસી, આઈસીઆઈસીઆઈ પણ આજે બોલાયેલા કડાકામાંથી બચી નથી શક્યા. તમામ શેર્સમાં ૯ ટકાથી લઈને ૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. એચડીએફસી બેંકે પણ આજે ૯૧૯ની પર સપ્તાહની સપાટી તોડી ૮૬૫ રુપિયાનો નવો લો બનાવ્યો હતો.

ટાઈટને પણ આજે પોતાની પર સપ્તાહની નીચલી સપાટીને તોડી ૯૨૧નો લો બનાવ્યો હતો. આ શેર કામકાજના અંતે ૯૨૮ રુપિયા પર બંધ થયો હતો. એચડીએફસીએ પણ આજે ૧૬૦૧ રુપિયાનું તળીયું બનાવ્યું હતું, જે તેની પર વીકની સૌથી નીચી સપાટી ૧૭૦૦ રુપિયાથી પણ નીચું છે. આખરે આ શેર ૧૬૨૩ રુપિયાના સ્તરે બંધ થયો હતો.

કોરોનાનું જોખમઃ પંજાબમાં ૫૮૦૦ ગુનેગારોને મુક્ત કરવાનો પ્રસ્તાવ

ચંડીગઢ

કોરોના વાયરસના વધતા સંક્રમણને જોતા હરિયાણાની જેલોમાં ૩૧ માર્ચ સુધી કેદીઓને પરિવારા લોકો સાથે મુલાકાત પર રોક લગાવી દેવામાં આવી છે. હાલમાં કેદી પરિવાર સાથે ફોન પર જ વાત કરી શકશે. વળી, પડોશી રાજ્ય પંજાબમાં મંત્રી સુખજિંદર સિંહ રંધાવાએ લગભગ ૩૦૦૦ નાના ગુનેગારોને મુક્ત કરવાનો પ્રસ્તાવ આપ્યો છે.

જેલ મંત્રી સુખજિંદર સિંહ રંધાવાએ નાના માત્રાં ડ્રગ્ઝ સાથે પકડાયેલા ગુનેગારો અને લગભગ ૨૮૦૦ નાના ગુનેગારો સહિત ૩૦૦૦ ગુનેગારોને મુક્ત કરવાનો પ્રસ્તાવ આપ્યો છે. કોરોના વાયરસના જેલોમાં ફેલાવાના જોખમને જોતા મંત્રીએ આ પ્રસ્તાવ આપ્યો છે. પંજાબ સરકાર તરફથી હજુ આના પર અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. પંજાબ સરકાર તરફથી હજુ આના પર કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી.

આ પ્રસ્તાવ પર બધા જિલ્લાના એન્ટી ડ્રગ ટાસ્ક ફોર્સ સાથે સાથે એસએસપીની પ્રતિક્રિયાની રાહ જોવાઈ રહી છે. રંધાવાએ મંગળવારે અમરિંદર સિંહ સાથે આ મુદ્દે ચર્ચા કરી હતી. મીડિયા રિપોર્ટ અનુસાર લગભગ ૩૦૦૦ એવા કેદી છે જે ૨.૫ ગ્રામ કે તેનાથી ઓછી માત્રામાં હેરોઈન કે અન્ય ડ્રગ સાથે પકડાયા હતા. રંધાવાએ કહ્યુ કે આ રીતે પંજાબની જેલોમાં લગભગ ૨૮૦૦ નાના ગુનેગારો છે જેમાં ચેન સ્નેચર પણ શામેલ છે.



કળયુગમાં કોરોના વાઈરસથી લડવું પડકારજનકઃ સુપ્રિમના જસ્ટિસ અરૂણ મિશ્રા



બુધવારે સુપ્રીમ કોર્ટના જસ્ટિસ અરૂણ મિશ્રાએ જણાવ્યું કે, આ મહામારી ૧૦૦ વર્ષોમાં થઈ રહી છે. ઘોર કળયુગમાં વાઈરસથી આપણે નથી લડી શકતા. માનવી બધુ જ કરી શકે છે, તમે હથિયારો પણ તૈયાર કરી શકો છો, પરંતુ આ વાઈરસ સામે નથી લડી શકતા. આપણે આપણા સ્તરે લડાઈ લડવી પડશે. જસ્ટિસ અરૂણ મિશ્રાએ વધુમાં જણાવ્યું કે, માત્ર સરકાર પર આધાર રાખ્યા વિના, દરેક જણે તેનો મુકાબલો કરવો જોઈએ. તમારે તમારા માટે તો લડવું પડશે. કોઈ બીજો તમારા માટે નહી લડે. જસ્ટિસ એમઆર શાહે વકીલોને અપીલ કરી છે કે, તેઓ એક વકીલ સાથે જ ચેમ્બરમાં આવે.

હકીકતમાં સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ આર્યમાન સુંદરમ પોતાની સાથે ૫-૬ વકીલોને લઈને કોર્ટરુમમાં પહોંચ્યા હતા. જેના પર જસ્ટિસ એમઆર શાહે જણાવ્યું કે, આ બારનો આગ્રહ પણ છે. એક વરિષ્ઠ વકીલને માત્ર એક વકીલ સાથે જ આવવું જોઈએ. આખરે આ આપણા હિતમાં જ છે.

ન્યુ દિલ્હી

સમગ્ર દેશમાં જીવલેણ કોરોના વાઈરસના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે, ત્યારે તેલંગાણામાંથી કોરોનાનો વધુ એક કેસ પોઝિટિવ આવ્યો છે. જે બાદ સમગ્ર દેશમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧૪૯ થઈ ગઈ છે. આ મહામારીથી સમગ્ર વિશ્વમાં અત્યાર સુધીમાં ૭ હજારથી વધુ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે ભારતમાં ૩ લોકો મોતને ભેટ્યા છે. દેશના સામાન્ય નાગરિકની જેમ સુપ્રીમ કોર્ટના જસ્ટિસ પણ કોરોનાના કારણે ચિંતિત છે. સુપ્રીમ કોર્ટે લોકોને અપીલ કરી છે.

ઉ.પ્રદેશમાં ૮ ધોરણ સુધીના તમામ વિદ્યાર્થીઓને પરીક્ષા વિના પાસ કરાશે

ઉત્તર પ્રદેશ માધ્યમિક શિક્ષણ પરિષદે હાઈ સ્કૂલ અને મધ્યવર્તી બોર્ડની પરીક્ષાઓની ઉત્તરવહીના મૂલ્યાંકનની પ્રક્રિયા ૨ એપ્રિલ સુધી મુલતવી રાખી છે. યુપીના ડેપ્યુટી સીએમ ડો.દિનેશ શર્માએ કહ્યું કે, કોરોના વાયરસના ફેલાવાને રોકવાના સરકારના પ્રયાસોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે ૮ મા ધોરણ સુધીના તમામ વિદ્યાર્થીઓ પરીક્ષા વિના પાસ જાહેર કરવામાં આવશે. ડેપ્યુટી સીએમ ડો.દિનેશ શર્માએ કહ્યું છે કે ૨ એપ્રિલ પછી શાળાઓ ખુલી જશે ત્યારે યુપી બોર્ડની નકલોના મૂલ્યાંકન માટે નવી તારીખ નક્કી કરવામાં આવશે.

જયપુર, જોધપુર અને કોટા નગર નિગમની ચૂંટણી જૂન સુધી મુલતવી

રાજસ્થાનમાં કોરોના વાઈરસના ડર વચ્ચે જોધપુર , જયપુર અને કોટામાં નવરચિત ૨-૨ નિગમોમાં ૫ એપ્રિલે યોજાનારી ચૂંટણી છ સપ્તાહ માટે મુલતવી રાખવામાં આવી છે. હવે આ ચૂંટણી જૂનમાં યોજાશે. હાઈકોર્ટે રાજ્ય સરકારને ૧૭ એપ્રિલથી છ સપ્તાહના સમયમાં ચૂંટણી કરાવવા માટે કહ્યું હતું.

આ સપ્તાહે ૨ પ્રયોગશાળા અને ૪૯ તપાસ કેન્દ્ર શરૂ કરવામાં આવશે

હાલની સ્થિતિને ધ્યાનમાં રાખતા ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ આગામી એક સપ્તાહમાં બે પ્રયોગશાળા અને ૪૯ નવા તપાસ કેન્દ્ર શરૂ કરશે. પ્રયોગશાળા દિલ્હી-એનસીઆર અને ભુવનેશ્વરમાં શરૂ કરવામાં આવશે. સાથે જ ૪૯ તપાસ કેન્દ્ર મેડિકલ કોલેજ, કાઉન્સિલ ઓફ સાઈન્ટિફીક એન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ, ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેક્નોલોજી અને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈજેશન સહિત અન્ય સ્થળો પર શરૂ કરવામાં આવશે.

સાઉદી અરબઃ પ્રાઈવેટ સેક્ટરમાં ૧૫ દિવસ કામકાજ બંધ

સાઉદી અરબ સરકારે ઈન્ફેક્શન વધવાના જોખમથી પ્રાઈવેટ સેક્ટરને ૧૫ દિવસ સુધી બંધ કરી દેવાનો આદેશ આપ્યો છે. સરકારી નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, પાણી, વીજળી અને સંચાર જેવી પ્રાથમિક સેવાઓને બાદ કરતાં અન્ય બાકીના પ્રાઈવેટ સેક્ટરમાં ૧૫ દિવસ સુધી કોઈ કામ નહીં થાય.

યુએન સુરક્ષા પરિષદની દરેક બેઠક રદ

સંયુક્ત રાષ્ટ્રએ આ સપ્તાહમાં પ્રસ્તાવિત સુરક્ષા પરિષદની દરેક બેઠકો રદ કરી દીધી છે. સુરક્ષા પરિષદની અધ્યક્ષતા હાલ ચીન પાસે છે. ચીન કોરોના વાઈરસથી સૌથી વધુ પ્રભાવિત છે. જોકે યુએનએ એક નિવેદનમાં એવું કહ્યું છે કે, રાજનાયિકો અને મીડિયા માટે વિશ્વ સંસ્થા ખુલ્લી રહેશે.

ઈટલીમાં કોરોનાથી ૨૫૦૦ થી વધુના મોત

ઈટાલીમાં અત્યાર સુધી ૨,૫૦૦થી વધુ મૃત્યુ કોરોના વાયરસના કારણે થયા છે. મંગળવારે, ઈટાલીના આરોગ્ય મંત્રાલયના જણાવ્યાં અનુસાર દેશમાં ૨,૫૦૩ લોકોના મોત અને જ્યારે લગભગ ૩૧,૫૦૬ કોરોનાગ્રસ્ત છે. હાલમાં, ઈટાલીમાં ૨૬૦૦૦થી વધુ કેસ પોઝિટિવ છે અને લગભગ ૩,૦૦૦ લોકો સાજા થઈ ગયા છે.

ઈરાનથી વધુ ૨૦૫ ભારતીયો દિલ્હી પહોંચ્યા

કોરોનાથી ઈરાનમાં ૯૮૮ લોકો અત્યાર સુધી મોતને ભેટ્યા છે, અહીથી ભારત સરકાર વધુ ૨૦૫ ભારતીયોને પરત લાવી છે. જેમાં ૧૧૫ પુરુષ, ૮૫ મહિલા, પાંચ બાળકો છે. અત્યાર સુધીમાં ઈરાનથી ૫૯૧ લોકોને પરત લવાયા છે. ઈરાનમાં કુલ ૧૬ હજારથી વધારે પોઝિટિવ કેસ છે, તેમા ૨૫૦ ભારતીયો છે. આ લોકની સારવાર માટે ભારત સરકારે ડોક્ટરોની ટીમ મોકલી છે.

શ્રીલંકામાં બે સપ્તાહ સુધી ઈન્ટરનેશનલ ફ્લાઈટ નહીં આવી શકે

શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે બુધવારે સવારે એક આદેશ જાહેર કર્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, કોરોના વાઈરસના વધતા જોખમને ધ્યાનમાં રાખીને શ્રીલંકામાં આગામી બે સપ્તાહ સુધી કોઈ પણ ઈન્ટરનેશનલ ફ્લાઈટને લેન્ડ થવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

દિગ્વિજયસિંહ બળવાખોર ધારાસભ્યોને મળવા બેંગ્લુરુ ગયાઃ અટકાયત

કોંગ્રેસથી બળવાખોર થયેલા સિંધિયા ગ્રૂપના ૨૨ ધારાસભ્યો ૧૦ દિવસથી બેંગલુરુમાં છે. બુધવારે સવારે પૂર્વ મુખ્યપ્રધાન દિગ્વિજય સિંહ કોંગ્રેસ નેતાઓ સાથે બેંગલુરુ પહોંચ્યા હતા, પરંતુ કર્ણાટક પોલીસે તેમને બહાર જ રોકી લીધા હતા. ત્યારબાદ કોંગ્રેસ નેતાઓએ રસ્તા પર બેસીને ધરણાં કર્યા હતા. જેના પગલે પોલીસે તેમની અટકાયત કરી લીધી હતી.આ નેતાઓને અમૃતાહલ્લી પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યા હતા. દિગ્વિજયે કહ્યું છે કે, હવે તેઓ ભૂખ હડતાલ કરશે. કમલનાથે પોલીસની આ કાર્યવાહીને હિટલરશાહી ગણાવી છે. કમલનાથે કહ્યું છે કે, જરૂર પડશે તો હું પણ તે ધારાસભ્યોને મળવા બેંગલુરુ જઈશ.

કોંગ્રેસના ૭૦ ધારાસભ્યો રાજ્યપાલને મળ્યા

મધ્ય પ્રદેશમાં રાજકીય ખેંચતાણ વચ્ચે બુધવારે કોંગ્રેસના અંદાજે ૭૦ ધારાસભ્યો રાજ્યપાલ લાલજી ટંડનને મળ્યા હતા. કોંગ્રેસે બેંગલુરુમાં આવેલા બળવાખોર ધારાસભ્યોને ભોપાલ લઈ આવવા માટે રાજ્યપાલને અરજી કરી છે.

પવારને ૪થી એપ્રિલે પંચ સમક્ષ રજૂ થવા સમન્સ

ભીમા-કોરેગાંવ તપાસ પંચનું એનસીપી અધ્યક્ષ શરદ પવારને સમન



પૂણે

૧ જાન્યુઆરી ૨૦૧૮ના પૂણેના ભીમા કોરેગાંવમાં થયેલી હિંસાની તપાસ કરી રહેલા પંચે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના અધ્યક્ષ શરદ પવારને સમન મોકલ્યું છે. તેમને ચોથી એપ્રિલના આયોગ સામે રજૂ થવા માટે જણાવાયું છે. પવારની જુબાનીને લઈને આયોગમાં અરજી કરવામાં આવી હતી, જેને આયોગે સ્વીકારી લીધી હતી. શરદ પવાર તરફથી ઓક્ટોબર ૨૦૧૮માં હિંસાને લઈને એફિડેવિટ દાખલ કરવામાં આવી હતી.

૨૦૧૮માં સામાજિક જૂથ વિવેક વિચાર મંચના સભ્ય સાગર શિંદેએ આયોગને એક આવેદન આપ્યું હતું. જેમાં ભીમા કોરેગાંવમાં થયેલી હિંસાને લઈને ૧૮ ફેબ્રુઆરીના શરદ પવારના નિવેદનને આધાર બનાવીને તેમને પૂછપરછ માટે બોલાવવા માંગ કરી હતી. આ આવેદન મુજબ પવારે પ્રેસ સાથેની બેઠકમાં આક્ષેપ કર્યો હતો કે ડાબેરી કાર્યકર્તાઓ મિલિંદ એકબોટે અને સંભાજી ભિડેએ પૂણે શહેરના બહારના વિસ્તારોમાં આવેલા કોરેગાંવ-ભીમા આસપાસના ક્ષેત્રમાં હિંસાનું વાતાવરણ ઉભું કર્યું હતું.અરજીમાં એવું પણ જણાવ્યું હતું કે પવારે પૂણે શહેરના પોલીસ કમિશ્નરની ભૂમિકા સંદિગ્ધ હોવાનો આક્ષેપ લગાવતા તેની તપાસ કરવા માંગ કરી હતી. આવેદન કરનારે કહ્યું કે તેને વિશ્વાસ છે કે પવાર પાસે આ ઘટનાની વધુ વિગતો છે. આવેદન મુજબ પવારે પોતાની એફિડેવિટમાં પણ આ હિંસા વિશે માહિતી આપી છે.

બિહારમાં નીતિશ કુમાર-જીતનરામ માંઝીની મુલાકાતથી અનેક તર્ક-વિતર્ક

પટના

બિહાર વિધાનસભાની ચૂંટણી પહેલા નવા રાજકીય સમીકરણો રચાતા જોવા મળી રહ્યા છે. જેડીયુથી છૂટા થઈ હિન્દુસ્તાની અવામ મોરચાની રચના કરનાર જીતનરામ માંઝીએ નીતીશ કુમારની મુલાકાત લીધી છે. વિધાનસભાની ચૂંટણી પૂર્વે બિહારમાં મહાગઠબંધનનું ભંગાણ લગભગ નિશ્ચિત છે. માંઝી ગત મોડી રાત્રે અચાનક નીતિશને મળવા તેમના નિવાસ સ્થાને પહોંચ્યા હતા. જ્યાં લગભગ ૫૦ મિનિટ બંદ રૂમમાં વાતચીત કરી હતી.

મીટિંગ બાદ માંઝીએ આ બેઠક અંગે પત્રકારો સાથે કોઈ વાતચીત કરી નથી. તેથી કોઈને ખબર નથી કે માંઝી અને નીતીશ વચ્ચે શું ખીચડી રંધાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે નીતીશ કુમારે જ જીતનરામ માંઝીને મે ૨૦૧૪માં બિહારની સત્તાના અધ્યક્ષ સ્થાને બેસાડ્યા હતા. નીતિશે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં જેડીયુના સૌથી ખરાબ પરાજયની જવાબદારી લેતા મુખ્યમંત્રી પદ છોડ્યું હતું.

એસબીઆઈના ઈકોરેપ રિપોર્ટ મુજબ

દેશમાં પેટ્રોલ ૧૨ રૂપિયા અને ડિઝલ ૧૦ રૂપિયા સસ્તુ થઈ શકે

ન્યુ દિલ્હી

ભારતીય સ્ટેટ બેંક (એસબીઆઈ)ના ઈકોરેપ રિપોર્ટ પ્રમાણે ભારતમાં પેટ્રોલ ૧૨ રૂપિયા અને ડીઝલ ૧૦ રૂપિયા સુધી સસ્તુ થઈ શકે છે. આ પાછળનું કારણ કોરોના વાયરસની મહામારી છે. કોરોના વાયરસના કારણે ક્રૂડ ઓઈલના વૈશ્વિક ભાવમાં આશરે ૩૦ ટકા સધી ઘટાડો થયો છે. જેના કારણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આટલો ઘટાડો થઈ શકે છે.

રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, સરકાર એકસાઈઝ ડ્યૂટી ન વધારે તો જ આ શક્ય છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર બંને ફ્યૂલની કિંમતમાં ઘટાડો કરવા ઈચ્છુક નહીં હોય તો લોકોને ક્રૂડ ઓઈલમાં ઘટાડાનો ફાયદો પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડા તરીકે નહીં મળી શકે.

કોરોના વાયરસના કારણે કોવિડ-૧૯ની મહામારીથી વિશ્વભરના બજારોમાં હાહાકાર મચ્યો છે અને શેરબજારમાં રોજ ઘટાડો થઈ રહ્યો છે. આ ઉપરાંત ક્રૂડ ઓઈલના ભાવમાં છેલ્લા થોડા દિવસોમાં ૩૦ ટકા સુધી ઘટાડો થયો છે. બ્રેંટ ક્રૂડનો ભાવ ૩૦.૮૫ ડૉલર પ્રતિ બેરલ પર પહોંચી ગયો છે. આ સ્થિતિમાં દેશમાં ક્રૂડ ઓઈલના ભાવની અસર પેટ્રોલ અને ડીઝલના ભાવ પર જોવા મળી રહી છે.

પરંતુ તાજેતરમાં જ કેન્દ્ર સરકારે પેટ્રોલ-ડીઝલ પર ૩ રૂપિયાની એક્સાઈઝ ડ્યૂટી વધારી દીધી છે. જેના કારણે ઘટતી કિંમતનો પૂરો ફાયદો ગ્રાહકોને નથી મળી રહ્યો.

એજીઆર મામલે સુપ્રિમ લાલઘૂમ

જરૂર પડશે તો અમે તમામ ટેલિકોમ કંપનીઓના એમડીને જેલમાં મોકલી દઈશુંઃ સુપ્રિમ

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ મામલામાં કહ્યું છે કે ટેલિકોમ કંપનીઓની બાકીની રકમનું ફરીથી રિએસેસમેન્ટ કરવું તે કોર્ટની અવગણના ગણાશે. જરૂરિયાત પડી તો અમે તમામ ટેલિકોમ કંપનીઓના એમડીને કોર્ટમાં બોલાવીને જેલમાં મોકલી દઈશું. સરકાર એજીઆરને રીએસેસમેન્ટ કરવાની પરવાનગી આપી તો એ ડગો ગણાશે. જો કંપનીઓને સેલેફ એસેસમેન્ટની પરવાનગી આપીશું તો અમે પણ આ ફોડમાં પાર્ટી બની જઈશું. આ કોર્ટની પ્રતિષ્ઠાનો સવાલ છે. કોર્ટે કહ્યું છે કે જ્યારે ટેલિકોમ ડિપાર્ટમેન્ટની ડિમાન્ડને માનવામાં આવી છે તો ફરીથી એસ્ટીમેશન કઈ રીતે કરી શકાય.

કોર્ટે સોલિસિટર જનરલને પૂછ્યુ કે રીએસેસમેન્ટ અને આ મામલાને ફરીથી ખોલવાની પરવાનગી કોણે આપી ? જસ્ટિસ અરુણ મિશ્રાની બેન્ચે કહ્યું કે કોર્ટ તો રીએસમેન્ટની પરવાનગી આપી નથી તો શું અમે મૂર્ખ છીએ ? આ મામલામાં જે કઈ પણ થઈ રહ્યું છે તે ચોંકાવનારું છું. સમગ્ર દેશને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યો છે. ટેલિકોમ કંપનીઓને સેલ્ફ એસેસમેન્ટની પરવાનગી આપવામાં આવી તો ટેલિકોમ સેક્રેટરી અથવા તો ડેસ્ક ઓફિસરને સસ્પેન્ડ કરવામાં આવી શકે છે. કોર્ટે કહ્યું કે કંપનીઓએ કમાણી કરી છે અને તેમણે ચુકવણી પર કરવાની હશે. તેમણે સેલ્ફ એસેસમેન્ટ કે પછી રીએસમેન્ટ કર્યું તો તે કોર્ટની અવગણના ગણાશે.

અસમમાં ગયા વર્ષે ડિટેન્શન સેન્ટરમાં ૧૦ લોકોના મોત નિપજ્યાઃ કેન્દ્ર સરકાર

ન્યુ દિલ્હી

અસમના છ ડિટેન્શન સેન્ટરમાં ગત વર્ષે ૧૦ લોકોના મોત થયા છે. આ ડિટેન્શન સેન્ટરમાં જાહેર કરાયેલા અથવા દોષી વિદેશીઓને રાખવામાં આવે છે. કેન્દ્ર સરકારે લોકસભામાં આ જાણકારી આપી હતી.

કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી જી.કિશન રેડ્ડીએ કહ્યું કે, અસમના છ ડિટેન્શન સેન્ટરમાં ૩૩૩૧ લોકોને રાખવામાં આવ્યા છે તથા રાજ્યમાં એક તરફ આવા જ સેન્ટરનું નિર્માણ ચાલી રહ્યું છે, જેની ક્ષમતા ત્રણ હજાર લોકોની છે. રેડ્ડીએ એક સવાલના લેખિત જવાબમાં જણાવ્યુ, 'આસામના છ ડિટેન્શન સેન્ટર, જ્યા જાહેર વિદેશી અથવા દોષી વિદેશીઓને રાખવામાં આવે છે ત્યા માર્ચ ૨૦૧૯થી ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૦ વચ્ચે દસ લોકોના મોત થયા છે.'

જી.કિશન રેડ્ડીએ જણાવ્યુ કે અસમમાં છ ડિટેન્શન સેન્ટર છે, જેને જિલ્લા જેલમાં બનાવવામાં આવ્યા છે. જેની ક્ષમતા ૩૩૩૧ છે. જેમાં તેજપુર ૭૯૭, સિલચર ૪૭૯, ડિબ્રુગઢ ૬૮૦, જોરહાટ ૬૭૦, કોકરાઝાર ૩૩૫ તથા ગોલપાડામાં ૩૭૦ લોકોને રાખવામાં આવ્યા છે. રાજ્ય મંત્રીએ સાથે જ કહ્યું કે અસમમાં કોઈ રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર ડિટેન્શન કેમ્પ નથી, તેમણે જણાવ્યુ કે ૧ માર્ચ ૨૦૧૯થી ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૦ વચ્ચે રાષ્ટ્રીય માનવાધિકાર આયોગની ત્રણ ટીમોએ અસમના ડિટેન્શન સેન્ટરોનો પ્રવાસ કર્યો અને ઘોષિત વિદેશી નાગરિકો સાથે વાતચીત કરી હતી.

ચીન સાથે વેપાર નહીં કરીને કોરોના પર કાબૂ મેળવી લીધો હોવાનો ઉ.કોરિયાનો દાવો

ઉત્તર કોરિયામાં કોરોના વાયરસનો કોઈ કેસ નોંધાયો નથીઃ કિમ જોંગ

પ્યોંગયોગ

સમગ્ર દુનિયા કોરોના વાયરસની મહામારીનો સામનો કરી રહી છે. ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉને દાવો કર્યો છે કે, તેમના દેશમાં કોરોના વાયરસનો હવે એક પણ કેસ સામે આવ્યો નથી. કોમ્યુનિસ્ટ દેશે દાવો કર્યો છે કે તેમણે કોરોના વાયરસ પર કાબૂ મેળવી લીધો છે. ઉત્તર કોરિયાના આ દાવાથી સમગ્ર દુનિયાને આશ્ચર્ય થઈ રહ્યું છે.

કિમ જોંગ ઉને પોતાની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, તેમના દેશમાંથી કોરોનાનો ખાત્મો થઈ ગયો છે જ્યારે પાડોશી દેશ ચીનમાં વૈશ્વિક માહામારીથી અત્યાર સુધી ૩૨૦૦થી વધુ લોકોના મોત થયા છે.

ઉને વધુમાં જણાવ્યું હતું કે, ૩૦ દિવસ સુધી તમામને ક્વોરન્ટાઈન, સરહદ બંધ કરીને અને ચીનની સાથે વેપાર નહીં કરીને તેમણે આ માહમારી પર કાબૂ મેળવી લીધો છે.

જોકે નિષ્ણાંતોએ જણાવ્યું છે કે, ઉત્તર કોરિયા કોરોના સંકટને છૂપાવવાના પ્રયાસ કરી રહ્યું છે. સીઆઈએના ઉત્તર કોરિયાના નિષ્ણાંત રહી ચૂકેલા જુંગ એચ પાકે જણાવ્યું છે કે, ઉત્તર કોરિયામાં કોરોનાનો એકપણ કેસ ના હોય એ અસંભવ છે. ઉત્તર કોરિયા અર્થવ્યવસ્થા, માનાવાધિકાર ઉલ્લંઘનના મુદ્દા પરથી લોકોનું ધ્યાન હટાવવા માટે કિમ જોંગ ઉન આવા પ્રકારના દાવા કરી રહ્યા છે.

જીત સાથે ડેલિગેટ્સ ૧૨૭૬ થયા,આગામી ૪ વર્ષ માટે તૈયાર રહોઃ રિપબ્લિકન પાર્ટી

રાષ્ટ્રપતિ ટ્રમ્પે ફ્લોરિડા અને ઈલિનોયમાં પ્રાઈમરી ચૂંટણી જીતી

વૉશિંગ્ટન

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડે ફ્લોરિડા અને ઈલિનોયમાં પ્રાઈમરી ચૂંટણી જીતી લીધી છે. તેની સાથે તેમની પાસે હવે ૧,૨૭૬ કરતા વધુ ડેલિગેટ્સ થઈ ગયા છે. આ વર્ષે ૩ નવેમ્બર થનારી પ્રેસિડેન્શિયલ ઈલેક્શનમાં રિપબ્લિકન પાર્ટી તરફથી ઉમેદવારી નક્કી માનવામાં આવે છે. ટ્રમ્પની જીત પછી રિપબ્લિકન પાર્ટી પ્રમુખ રોના મેકડેનિયલે ટ્વિટ કર્યું છે. ટ્રમ્પને રિપબ્લિકન પાર્ટી તરફથી ઓફિશિયલ ઉમેદવાર બનવા માટે શુભેચ્છા પાઠવી છે. માનવામાં આવે છે કે, ફ્લોરિડા અને ઈલિનોયમાં ટ્રમ્પને જીતવા માટે કોઈ ખાસ પ્રતિરોધનો સામનો નથી કરવો પડ્યો.

મેનડોનાલ્ડે એક અન્ય ટ્વિટમાં લખ્યું છે કે, અમારી પાર્ટી એક જૂથ છે. આપણો લોકો સાથે જોડાઈને પ્રચાર ખૂબ ઝડપથી ચાલી રહ્યો છે. અમે આગામી ૪ વર્ષ માટે તૈયાર છીએ. આ વખતે ટ્રમ્પની ટક્કર ડેમોક્રેટ્સની પ્રાઈમરીમાં જીત મેળવનાર લોકો સાથે થશે. ડેમોક્રેટ્સ તરફથી આ વખતે બિડેન અને બર્ની સેન્ડર્સ વચ્ચે ટક્કર છે. અત્યાર સુધી પ્રાઈમરીમાં બિડેન આગળ ચાલી રહ્યા છે.

ટ્રમ્પ કેમ્પેનના પ્રવક્તા ટિમ મુરટોકના જણાવ્યા પ્રમાણે, ટ્રમ્પની જીત દર્શાવે છે કે રિપબ્લિકન કેવી રીતે તેમને ભારે સમર્થન આપી રહ્યા છે. આવુ નવેમ્બર સુધી ચાલશે અને ત્યારે તેઓ બીજી વખત રાષ્ટ્રપતિ ચૂંટાશે. ટ્રમ્પની પાસે પહેલેથી જ ૧૧૪૧ ડેલિગેટ્સ હતા. ફ્લોરિડા અને ઈલિનોયમાં જીત પછી ઉમેદવારી માટે જરૂરી ૧૩૫ ડેલિગેટ્સ પણ મેળવી લીધા છે.

અમેરિકાના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જો બિડને વોશિંગ્ટનની પ્રાઈમરી ચૂંટણી જીતી લીધી. જોકે તેમાં સામાન્ય બહુમતી જ મળી હતી. ડેમોક્રેટિક પાર્ટી તરફથી તેઓ રાષ્ટ્રપતિની ઉમેદવારીમાં સૌથી આગળ છે. શક્યતા છે કે, નવેમ્બરમાં થનારી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તેઓ ટ્રમ્પને પડકાર આપશે.

તંત્રી લેખ

ઈરાદાને લઈ નવા પ્રશ્નો

સુપ્રીમ કોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈની રાજ્યસભામાં વરણીને લઈને રાજકીય ગરમી વધી ગઈ છે. કોંગ્રેસ સહિત તમામ વિરોધ પક્ષોએ આને લઈને જોરદાર પ્રશ્નો ઉઠાવ્યા છે. અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ, સબરીમાલા મંદિર વિવાદ, રાફલે સહિત અનેક મામલા ગોગોઈએ ઐતિહાસિક ચુકાદા આપ્યા હતા. ગોગોઈ ગયા વર્ષે ૧૭મી નવેમ્બરના દિવસે નિવૃત થઈ ગયા હતા. રાજ્યસભામાં રાષ્ટ્રપતિ તરફથી સભ્યોને નિમવાના મામલે કેટલીક વ્યવસ્થા રહેલી છે. જેના ભાગરૂપે અલગ અલગ ક્ષેત્રોની હસ્તીઓને રાજ્યસભામાં મોકલી દેવામાં આવે છે. પ્રતિપક્ષના સવાલની વચ્ચે પોતે ગોગોઈએ કોઇ ટિપ્પણી કરી નથી. પરંતુ એમ કહ્યુ છે કે શપથ લીધા બાદ તેમની નિમણૂંકના મામલે પ્રશ્નોના જવાબ આપનાર છે. સાથે સાથે રાજ્યસભામાં કેમ આવી રહ્યા છે તેના કારણો પણ કહેશે. હકીકતમાં રાજ્યસભામાં જુદા જુદા ક્ષેત્રોની હસ્તીઓને નિમવા પાછળ વ્યવસ્થાના કેટલાક કારણો રહેલા છે. કલા, સંસ્કૃતિ, સાહિત્ય, સમાજ સેવા જેવા ક્ષેત્રોમાં કાર્યરત રહેલી હસ્તીઓને રાજ્યસભામાં મોકલી દેવામાં આવે છે જે ચૂંટણી પ્રક્રિયા મારફતે રાજ્યસભામાં પહોંચી શકતા નથી. આવી હસ્તીઓને રાજ્યસભામાં મોકલી દેવા પાછળનો હેતુ એ છે કે તેમના અનુભવનો લાભ દેશના લોકોને મળે તે જરૂરી છે. રાજ્યસભામાં નિમવામાં આવેલા આવા લોકોને રાજનીતિ સાથે કોઈ લેવાદેવા હોતા નથી. જો કે હવે એમ જોવામાં આવે છે કે તેમના પર પણ રાજનીતિ પ્રભુત્વ જમાવી રહી છે. આ ચર્ચા પણ લાંબા સમયથી ચાલી રહી છે કે ન્યાયિક હોદ્દા પર બેસેલા લોકોને નિવૃત થયા બાદ કોઈ પણ મહત્વના પદ પર બેસાડી દેવા માટેની બાબત યોગ્ય નથી. આ બાબત સ્વતંત્ર ન્યાયપાલિકા માટે યોગ્ય નથી.ય સીજેઆઈના હોદ્દા પર રહેતી વેળા ગોગોઈ દ્વારા પણ એક ટિપ્પણી કરવામાં આવી હતી. ગોગોઈએ કહ્યુ હતુ કે નિવૃત થયા બાદ કોઈ જજના કોઈ હોદ્દા પર નિમણૂંકથી દેશની ન્યાયિક વ્યવસ્થાની સ્વતંત્રતા પર સવાલ થાય છે. આ બાબત પણ વાસ્તવિક છે કે આઉ પણ રાજ્યસભાની સાથે સાથે અન્ય મહત્વના હોદ્દા પર સુપ્રીમ કોર્ટના નિવૃત ન્યાયાધીશની વરણી થતી રહી છે. કોંગ્રેસના સમયમાં સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ રહી ચુકેલા રંગનાથ મિશ્રા પહેલા રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ બન્યા હતા. ત્યારબાદ રાજ્યસભામાં પહોંચી ગયા હતા. એ વખતે પણ એવા જ સવાલ કરવામાં આવ્યા હતા. હવે ફરી એકવાર સવાલ ઉઠી રહ્યા છે. દેશની સર્વોચ્ચ અદાવતના નિવૃત ન્યાયાધીશ જો રાજ્યસભામાં આવશે તો તેનો લાભ દેશના લોકોને ચોક્કસપણે મળનાર છે. પરંતુ આવી વરણીને લઈને ન્યાયપાલિકાની વિશ્વસનીયતા પર પ્રશ્નો ઉઠે ત્યારે ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે.રાજકીય પક્ષોની પોતાની મજબુરી અને હિત હોઈ શકે છે. જો કે આ વિચારણા પણ જરૂરી છે કે ન્યાયપાલિકા અને ચૂંટણી પંચમાં રહેલા લોકોની નિવૃતિ બાદ તેમની ટોપ હોદ્દા પર નિમણૂંકને લઈને માપદંડ રહે તે જરૂરી છે. એક કામ એ પણ કરી શકાય છે કે નિવૃતિના થોડાક દિવસ બાદ સુધી તેમની ટોપ હોદ્દા પર વરણી કરવી જોઈએ નહીં. હસ્તીઓની નિમણૂંકને લઈને કોઇ પ્રશ્નો થવા જોઈએ નહીં.

ટોપ સંસ્થામાં રહેલા લોકોની નિવૃતિ બાદ અન્યત્ર નિમણૂંકને લઈને માપદંડ જરૂરી

હવે ભવિષ્યમાં શુ થનાર છે તેના પર તમામ રાજકીય પંડિતોની નજર

ફારૂકની અચાનક મુક્તિના ઘણા અર્થ

ફારૂકના કોઇ રાજકીય નિવેદન સામે આવી રહ્યા નથી જે સંકેત આપે છે કે કેન્દ્ર સાથે કોઈ નવી સંભાવનાના દ્વાર તેઓ બંધ કરવા ઈચ્છુક નથી



જમ્મુ કાશ્મીરમાં સામાન્ય સ્થિતીની સ્થાપના કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર પર વધતા જતા દબાણ હવે હવે નેશનલ કોન્ફરન્સના નેતા અને લોકસભાના સાંસદ ફારૂક અબ્દુલ્લાની મુક્તિ બાદ અનેક પ્રકારની સંભાવનાને જોવામાં આવી રહી છે. દરેક રાજકીય પંડિત પોત પોતાની રીતે ગણતરી કરી રહ્યા છે. ફારૂક અબ્દુલ્લાની સામે જનસુરક્ષા કાનુનને એકાએક દુર કરવામાં આવ્યા બાદ કેન્દ્ર સરકારના આ નિર્ણયથી તમામ રાજકીય પક્ષો પણ ચોંકી ઉઠ્યા છે. સાથે સાથે મુક્તિ થયા બાદ નેશનલ કોન્ફરન્સના નેતા ફારૂક દ્વારા જે રીતે મૌન પાળવામાં આવી રહ્યુ છે તે બાબત કેટલીક શક્યતાને જન્મ આપે છે. ફારૂક અબ્દુલ્લા હાલમાં જમ્મુ કાશ્મીરમાં બદલાઇ ગયેલી રાજકીય સ્થિતી અંગે કોઇ વાત કરી રહ્યા નથી. સાથે સાથે ભૌગોલિક ફેરફારો અંગે પણ વાત કરી રહ્યા નથી. જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ની નાબુદી, કલમ ૩૫ એને ખતમ કરવા અને રાજ્યને બે ભાગમાં વિભાજિત કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયની સામે તેમના માટે બોલવા જેવુ ઘણુ હતુ. જો કે ફારૂક કોઇ નિવેદન કરી રહ્યા નથી. ફારૂક અબ્દુલ્લાએ માત્ર એટલી જ વાત કરી છે કે ધરપકડ કરવામાં આવેલા તમામ નેતાઓની મુક્તિ માટે તમામ રાજકીય પક્ષો એક થઇને આગળ આવે તો ફાયદો થઇ શકે છે. પોતાના પુત્ર અને જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યપ્રધાન ઉમર અબ્દુલ્લાની મુક્તિની ચર્ચા પણ હવે થઇ રહી છે. રાજકીય વિરોધી નેતા પીડીપીના નેતા મહેબુબા મુક્તિનો ઉલ્લેખ કરવાની બાબત દર્શાવે છે કે તેઓ રાજ્યના પક્ષોની સાથે મળીને નવી સમજ વિકસિત કરવા માટે ઇચ્છુક છે. આ સંયોગ હોઇ શકે નહીં કે કેન્દ્ર સરકાર પણ એમ જ ઇચ્છે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી રચાયેલી અપની પાર્ટીના નેતાઓ સાથે હાલમાં દિલ્હીમાં બેઠક યોજી હતી. એ વખતે મોદીએ કહ્યુ હતુ કે સામાન્ય સ્થિતી સ્થાપિત કરવા માટે અને જમ્મુ કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા માટે તેઓ તમામ રાજકીય પક્ષો સાથે મળીને કામ કરવા માટે ઇચ્છુક છે. બીજી તરફ ભારતીય ગુપ્તચર એજન્સીરોના પૂર્વ પ્રમુખ એએસ દુલતે પણ એમ કહીને તમામને ચોંકાવી દીધા છે કે જમ્મુ કાશ્મીરમાં જ્યારે પણ ચૂંટણી થશે ત્યારે મુખ્યપ્રધાન તો ઉમર અબ્દુલ્લા રહેનાર છે. દુલતની ભવિષ્યવાણીનો અર્થ એ છે કે ૧૨મી ફેબ્રુઆરીના દિવસે ફારૂક સાથેની વાતચીતમાં કેટલીક વાત થઈ હતી. ફારૂક અબ્દુલ્લાની મુક્તિને આ રીતે જોવામાં આવે છે. આ વાતચીત થયા બાદ તેમની મુક્તિનો માર્ગ મોકળો થયો હતો. આ વ્યક્તિગત મુલાકાતના સંબંધમાં વાતચીત દરમિયાન કબુલાત કરવામાં આવી હતી કે કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા આના માટેનો રસ્તો કાઢ્યો હતો. તમામ લોકો સારી રીતે જાણે છે કે ફારૂખ અબ્દુલ્લાને ચોથી ઓગષ્ટ ૨૦૧૯ના દિવસે પકડી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ ૧૫મી સપ્ટેમ્બરથી પીએસએ હેઠળ તેમને નજરકેદમાં રાખવામાં આવ્યા હતા. ફારૂક પર પીએસએ ની અવધિ ૧૩મી માર્ચના દિવસે વધારી દેવામાં આવી હતી. જો કે બે દિવસ બાદ તેને દુર કરવામાં આવી હતી. પોતાની વ્યક્તિગત મુલાકાતની માહિતી લીક કરીને નવી શક્યતાને તીવ્ર બનાવી દીધી છે. જો કે તેઓ માનતા નથી કે તેઓ કોઇ મિશન હેઠળ હતા. રાજયમાં રાજકીય ગતિવિધી તીવ્ર બની રહી છે. જે સારા સંકેત તરીકે છે. જો કે તમામની નજર હવે એ બાબત પર નિર્ભર છે કે આગળની વાત કઈ રીતે આગળ વધનાર છે. ફારૂક અબ્દુલ્લા કોઈ નિવેદન કરી રહ્યા નથી. ફારૂકના વલણથી લાગે છે કે તેઓ કેન્દ્ર સરકાર સાથે પોતાની કોઈ યોજનાના દ્વારને બંધ કરવા માટે ઈચ્છુક નથી. બીજા શબ્દોમાં કહેવામાં આવે તો તેઓ નવી સમજ સાથે આગળ વધવા માટે ઈચ્છુક છે. ફારૂકે દિલ્હી પહોંચીને તેમની વાત રજૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. એમ માનવામાં આવે છે કે જ્યારે તેઓ દિલ્હી આવશે ત્યારે નવી બાબત સપાટી પર આવશે. એમાં કોઇ શંકા નથી કે બદલાયેલી સ્તિતીમાં ગતિરોધ તોડવા માટેની બાબત કેટલાક સારા સંકેત આપે છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે રાજકીય પ્રક્રિયા એ વખત સુધી શક્ય નથી જ્યાં સુધી સ્થાનિક રાજકીય દળોને અને નેતાઓને તેમાં સામેલ કરવામાં ન આવે. તેના માટે સૌથી અનુકુળ તો ફારૂક જ હોઇ શકે છે. પીડીપીના એક ગ્રુપની સાથે તો બાજપે પોતાની સમજ એ વખતે વિકસિત કરી હતી જ્યારે બંને પાર્ટીઓએ સાથે મળીને સરકાર બનાવી હતી. અપની પાર્ટીના નેતા અલ્તાફ બુખારી પણ આમાં સામેલ છે.

જો કે પાંચમી ઓગષ્ટ ૨૦૧૯ના દિવસે કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ તમામ પક્ષોના નેતાઓને પકડી લેવામાં આવ્યા હતા. અપની પાર્ટી હકીકતમાં એવા નેતાઓની પાર્ટી છે જે બોન્ડ ભરીને ધરપકડમાંથી બહાર આવ્યા છે. સ્વાભાવિક છે કે તેમની કેન્દ્ર સરકાર સાથે એક સમજ બની ચુકી છે. દુલતે એવો પણ ખુલાસો કર્યો છે કે અપની પાર્ટીની રચના પહેલા બુખારીએ ઉમર સાથે પણ વાતચીત કરી હતી.

મોદી સરકાર જુના સંબંધ સ્થાપિત કરવા ઇચ્છુક

નેશનલ કોન્ફરન્સનુ પ્રભુત્વ

ફારૂક અબ્દુલ્લા પ્રત્યે નરમીનુ વલણ મોદી સરકાર રાખી રહી છે. નરમીનુ વલણ દર્શાવીને એક રીતે મોદી સરકાર ઇતિહાસનુ પુનરાવર્તન કરવા માટે ઇચ્છુક છે. નેશનલ કોન્ફરન્સના સ્થાપક અને ફારૂક અબ્દુલ્લાના પિતા શેખ અબ્દુલ્લાને વર્ષ ૧૯૫૩માં તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુની કેન્દ્ર સરકારે આશરે ૧૧ વર્ષ સુધી જેલમાં રાખ્યા હતા. ત્યારબાદ આવી જ રીતે અચાનક કાશ્મીરમાં કાવતરા રચવાના તમામ આરોપો તેમની સામે દુર કરી દેવામાં આવ્યા હતા. તેમને પણ આવી જ રીતે છોડી દેવામાં આવ્યા હતા. શેખ અબ્દુલ્લા વડાપ્રધાન નહેરુના નજીકના લોકો પૈકી એક તરીકે હતા. એ વખતે નહેરુએ મુક્તિ માટે શેખનો ઉપયોગ પાકિસ્તાન સાથે કાશ્મીર વિવાદના ઉકેલ માટે કર્યો હતો. વાત આગળ વધી રહી હતી પરંતુ મહેરુના મોતના કારણે તમામ બાબતો અટવાઇ ગઇ હતી. હવે સવાલ એ છે કે મોદી સરકાર ફારૂક અબ્દુલ્લાનો ઉપયોગ આવી જ રીતે કરીને અન્ય દળોની સાથે અને ખાસ કરીને પીડીપીની સાથે વાતચીત શરૂ કરવાનો દરવાજો ખોલવા માટે કરી શકે છે. રાજ્યસભામાં કોંગ્રેસના નેતા ગુલામ નબી આઝાદ તો ફારૂકની સાથે વાતચીત પણ કરી ચુક્યા છે. નેશનલ કોન્ફરન્સ એક એવી પાર્ટી છે જેનુ પ્રભુત્વ સંપૂર્ણ જમ્મુ કાશ્મીરમાં રહેલુ છે. ફારૂક ત્યાંના સૌથી મોટા નેતા તરીકે છે. જ્યારે વાજપેયી દેશના વડાપ્રધાન હતા ત્યારે તેમને ઉપરાષ્ટ્રપતિ બનાવી દેવાની હિલચાલ શરૂ થઇ હતી. જો કે શિવ સેના દ્વારા જોરદાર વિરોધ કરવામાં આવ્યા બાદ આ બાબત આગળ વધી શકી ન હતી. તમામ લોકો સારી રીતે જાણે છે કે હમેંશા અબ્દુલ્લા પરિવારની સાથે કેન્દ્ર સરકારના સારા સંબંધ રહ્યા છે. કોઇ પણ પાર્ટીની સરકાર કેન્દ્રમાં કેમ ન હોય ફારૂક અબ્દુલ્લાની સાથે તેમના સારા સંબંધ રહ્યા છે. અન્ય પાર્ટીના નેતાઓની તુલનામાં નેશનલ કોન્ફરન્સની સાથે કેન્દ્ર સરકાર વધારે સરળ રીતે ભુતકાળમાં કામ કરી ચુકી છે. મોદી સરકાર જુના સંબંધને ફરી એકવાર જોઇ રહી છે. આખરે ફારૂક અબ્દુલ્લાની મુક્તિ પાછળ રાજકીય કારણો તો ચોક્કસપણે રહેલા છે.


વેન્ડિંગ મશીનમાં હવે ડાયપર

નવજાત શિશુની સાથે બહાર નિકળતી વેળા અમે સામાન્ય રીતે અનેક વખતે ડાયપર સાથે રાખવાની બાબતને ભુલી જઇએ છીએ. આ સમસ્યાને ધ્યાનમાં લઇને જાપાનના કેટલાક શહેરોમાં નવા પ્રયોગો કરવામાં આવી રહ્યા છે. જે ખુબ સફળ સાબિત થઇ રહ્યા છે. જાપાનાના કેટલાક શહેરોમાં ૩૦ ડાયપર વેડિંગ મશીન મુકવામાં આવ્યા બાદ તેની અસર જોવા મળી રહી છે. અહીં જરૂરિયાતવાળા માતાપિતા પોતાના શિશુઓ માટે એક નક્કી કરવામાં આવેલી ૨૨૦ યેનની ચુકવણી કરીને માર્ગના કિનારે બનેલા મેટ્રો સ્ટેશન તેમજ શોપિંગ મોલ્સમાંથી તેને મેળવી શકે છે. આ સુવિધા માટે માતાપિતા પણ વહીવટીતંત્રનો આભાર માની રહ્યા છે. ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં આ સુવિધા ટોકિયો, સુમિડા, ઓલેનાસ અને કિંશીકો શહેરમાં શરૂ કરવામાં આવી છે. શોપિંગ મોલ અને મેટ્રો સ્ટેશન પર બનેલા બાળકોના રમવાની જગ્યાએ આ વેન્ડિંગ મશીન ગોઠવી દેવામાં આવ્યા છે. આ પેપર ડાયપર બે આકારમાં ઉપલબ્ધ છે. માતા પિતા એટલા માટે પણ ખુશ છે કે કારણ કે તેમના દ્વારા મંજુરી આપવામાં આવ્યા બાદ જ વેન્ડિંગ મશીનમાં આ પ્રકારના ડાયપર મુકવામાં આવ્યા છે. આના કારણે બાળકોને ઇન્ફેક્શન અને સસ્તા તેમજ ખરાબ ગુણવત્તાવાળા ડાયપરને લઇને રહેલી ચિંતા પણ દુર થઇ ગઇ છે. બાળકોના લાઉજના પ્રભારી કર્મચારીનુ કહેવુ છે કે આ ડાયપર વેન્ડિંગ મશીન એક મહિનામાં આશરે ૨૦ પેકનુ વેચાણ કરે છે. જાપાનમાં નવા પ્રયોગ કરવામાં આવ્યા બાદ વિશ્વના અન્ય દેશોમાં પણ આનો પ્રયોગ શરૂ કરવામા આવે તેમ માનવામાં આવે છે. જો કે આમાં કેટલીક તકેદારી રાખવામાં આવી રહી છે. માતાપિતા આના કારણે હવે ટેન્શનમુક્ત થયા છે. જાપાન સરકાર વર્ષ ૨૦૨૧ સુધી રાષ્ટ્રવ્યાપી એક્સપ્રેસ વે માર્ગો પર આવી ડાયપર વેન્ડિંગ મશીન લગાવવા માટે તૈયાર છે. ૨૨૦ રાષ્ટ્રવ્યાપી માર્ગો પર આ વેન્ડિંગ મશીન ગોઠવી દેવામાં આવનાર છે.

૫૧૦૦ મિલીગ્રામ પોટેશિયમની દરરોજ શરીરને જરૂર હોય છે...

મુખ્ય મિનરલની શરીરને ખુબ જરૂર

ફિટ અને સ્વસ્થ શરીર કોને પસંદ ન પડે. શરીરના જુદા જુદા હિસ્સાને મજબુત અને સ્વસ્થ રાખવા માટે કેટલીક બાબતોનુ ધ્યાન અ રાખવામાં આવે તે જરૂરી છે. શરીરના જુદા જુદા હિસ્સાને ફિટ રાખવા માટે પોષક તત્વોનો ઉપયોગ કરવામાં આવે તે ખુબ જરૂરી છે. પૌષક તત્વોમાં પણ ખાસ કરીને મિનરલની શરીરને વધારે જરૂર રહે છે. જેમાં મેગ્નેશિયમથી લઇને જિન્ક, પોટેશિયમ , મેગ્નીઝ, સલ્ફર, કોબાલ્ટ, આયોડીન અને ફોસ્ફોરસનો મુખ્ય રીતે સમાવેશ થાય છે. સામાન્ય રીતે વિટામિન, કેલ્શિયમ, આયરન અને મિનરલની પુર્તિ માટે અમે વધારે ધ્યાન આપી શકતા નથી. હકીકતમાં આનુ કામ હાર્મોન્સના નિર્માણતી લઇને ઇન્સુલિન બનાવવા માંસપેશી અને હાડકાને મજબુત બનાવવા માટે તેમની ભૂમિકા હોય છે. શરીરની પ્રમુખ કોશિકામાં મેગ્નેશિયમ જોવા મળે છે. સ્વસ્થ શરીરમાં આનુ પ્રમાણ ૫૦ ગ્રામ કરતા ઓછુ રહે છે. આ શરીરમાં કેટલીક કામગીરીની જરૂરીયાતને પૂર્ણ કરે છે. તે શરીરને કેટલાક રોગથી બચાવી લેવામાં પણ ઉપયોગી સાબિત થાય છે. આ મિનલની કમી થવાની સ્થિતીમાં થાક, ડિપ્રેશન, મસલ્સ ક્રેમ્પ, માથામાં દુખાવો, ભુખ ઓચી લાગવી જેવી બાબતો જોવા મળે છે. શારરિક કમજોરી, અલ્ટી થવી જેવા લક્ષણ પણ જોવા મળે છે. પુરતા પ્રમાણમાં ઉંઘ ન આવવા માટેની તકલીફ પણ જોવા મળે છે. હાઇ બ્લડપ્રેશરની તકલીફ પણ રહે છે. આ તમામ તકલીફની સમસ્યા મેગ્નેશિયનની કમી હોવાના કારણે જોવા મળે છે. આ મિનરલને પુરતા પ્રમાણમાં મેળવી લેવા માટે શાકભાજી, પૂર્ણ અનાજ, મગફળી, કાબુ, બદામ અને સોયાબીન ખુબ ઉપયોગી હોય છે. દુધ, દહી, કેળા, ચોકલેટ, સુર્યમુખી જેવી ચીજો પણકામ કરે છે. જાણકાર લોકો એમ પણ કહે છે કે સારી રોગ પ્રતિકારક ક્ષમતા વધારી દેવામાં જિન્ક ખુબ ઉપયોગી હોય છે. તે અતિ ઉપયોગી મિનરલ તરીકે છે. તે વાળ, સ્કીન, નખ અને અન્ય શરીરના ઘટકને પૌષક તત્વો ઉપલબ્ધ કરાવવામાં ઉપયોગી સાબિત થાય છે. સગર્ભાવસ્થા દરમિયાન તે ખુબ અસરકારક સાબિત થાય છે. પુરૂષોમાં આવતી નપુંસકતાને દુર કરવામા પણ તેની ચાવીરૂપ ભૂમિકા રહે છે. આ મિનલની કમીના કારણે મોસમની બિમારી વધારે લાગી જાય છે. તેની કમીને ઘઉં, દુધ, શાકભાજી, દાળ અને કઠોળથી દુર કરી શકાય ચે. સ્તનપાન કરાવનાર મહિલાઓને તેનુ વધારે પ્રમાણમાં ઉપયોગ કરવો જોઇએ નહીં.ફળફળાદી અને શાકભાજીના ઉપયોગથી શરીરમાં પોટેશિયમનો જથ્થો મળતો થાય છે. તે ઇલેક્ટોલાઇટર્સની જેમ શરીરમાં અમારા લોહીમાં જમા થાય છે. શરીરમાં તેની સંતુલિત માત્રા ૩.૫થી લઇને ૫ મિલી મોલ્સ પ્રતિ લીટર હોય છે. અમારા શરીરમાં કુલ ૨૫૦ ગ્રામ પોટેશિયમ જમા રહે છે. તે હાર્ટ, દિમાગ, માસપેશિયાની કાર્યપ્રણાલીમાં મદદરૂપ થાય છે. તેની કમીના કારણે હાઇપોકેલિમિયા, થવાનો ખતરો રહે છે. આ ઉપરાંત પણ કેટલીક તકલીફ શરીરને થઇ શકે છે. આની કમીન હોવાની સ્થિતીમાં બિનજરૂરી ટેન્શન, ચિંતા રહે છે. તેની કમી થયા બાદ હાઇ બ્લડપ્રેશપની તકલીફ વધી જાય છે. હાડકામાં દુખાવો થાય છે. વય મંજ તેનુ પ્રમાણ જુદુ જુદુ રહે છે. જાણકાર નિષ્ણાંત લોકો કહે છે કે એક વર્ષથી લઇને ત્રણ વર્ષની વયના બાળકોમાં તેનુ પ્રમાણ દરરોજ ૩૦૦૦ મિલીગ્રામ રહે તે જરૂરી છે. ચારથી લઇને આઠ વર્ષની વયના બાળકોમાં તે ૩૮૦૦ મિલીગ્રામ અને નવથી ૧૩ વર્ષની વયના કિશોરમાં ૪૫૦૦ મિલીગ્રામ રોજ જરૂર હોય છે. ૧૪ વર્ષ અને તેનાથી ઉપરના લોકોને રોજ તેની માત્રા ૪૭૦૦ સુધી રાખવી જોઇએ. જ્યારે સ્તનપાન કરાવતી મહિલામાં તેનુ પ્રમાણ ૫૧૦૦ મિલિગ્રામ સુધી રહે તે જરૂરી છે. બટાકા, દહી, પાલક, નારિયળ જેવી ચીજોનો ઉપયોગ કરવાથી મિનરલ ભરપુર પ્રમાણમાં મળે છે. શરીરના વિકાસ માટે અન્ય ખનિજની પણ જરૂર હોય છે. જેમાં ફોસ્ફોરસ અને સલ્ફરનો પણ સમાવેશ થાય છે. ફોસ્ફોરસની પણ અત્યંત જરૂર રહે છે. આ મિનલનુ કામ હાડકા અને દાંતને મજબુત કરવાનુ હોય છે. આ ઉપરાંત કોશિકાના વિકાસમાં તેની ભૂમિકા હોય છે. કેલ્શિયમનુ અવશોષણ કરવામાં પણ તેની ભૂમિકા હોય છે. સલ્ફર પણ ઉપયોગી ઘટક તત્વ છે. કોશિકાના નિર્માણમાં તેની ભૂમિકા સૌથી મોટી હોય છે. સલ્ફરના મોટા ભાગનો હિસ્સો લોહી, પ્રવાહી ચીજો અને કોષમાં રહે છે. નખ અને વાળના વિકાસમાં તેની ભૂમિકા હોય છે. આની કમીના કારણે સ્કીનની ચમક નબળી પડવા લાગે છે. નખ અને વાળ કમજોર થાય છે. આડેધડ વાળ ઉતરવા માટેની બાબત પણ તેની સાથે જોડાયેલી છે.



સ્તનપાન કરાવનાર મહિલાઓને તો નિયમિત ચોક્કસ પ્રમાણમાં પોટેશિયમ જરૂરી હોય છે : જિન્ક, મેગ્નેશિયમની પણ જરૂર હોય છે

કંગનાની બહેન રંગોલીનો રિતિકને ટોણોઃ કહ્યું આ જુઓ પપ્પુજી



મુંબઇ

કંગના રનૌતની બેન રંગોલીએ રીતિક રોશન સાથે એક ફોટો શેર કર્યો છે જેણે ખુબ ચકચાર મચાવી છે. આ ફોટો શેર કરીને રંગોલીએ રીતિકને સાણસામાં લેવાનો પ્રયત્ન કર્યો છે. જૂની તસવીર શેર કરીને તેણે રીતિક પર આરોપ પણ લગાવ્યો છે. રંગોલી ચંદેલે તસવીર શેર કરીને લખ્યું કે રીતિક રોશન કંગનાની નજરમાં પોતાને સારો સાબિત કરવા માટે અનેક પેંતરા અજમાવતો હતો. તે તેને પણ ઈમ્પ્રેસ કરવાની કોશિશ કર્યા કરતો હતો.

ફોટો શેર કરીને રંગોલી ચંદેલે ટ્વીટ કરીને લખ્યું કે ×આ જુઓ પપ્પુજી, આખો દિવસ મને ઈમ્પ્રેસ કરવામાં લાગ્યો રહેતો જેથી કરીને મારી બહેનની ગુડ બુક્સમાં આવે, અને આજ કાલ કહે છે કે હમ આપકે હૈ કોન!× અત્રે જણાવવાનું કે રંગોલી ચંદેલની આ ટ્વીટ સોશિયલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહી છે. આ ટ્વીટ પર સોશિયલ મીડિયામાં યૂઝર્સ પ્રતિક્રિયા પણ આપી રહ્યાં છે. અત્રે જણાવવાનું કે રંગોલીએ સોશિયલ મીડિયા પર આ તસવીર એવા સમયે શેર કરી કે જ્યારે એક યૂઝરે તેના પર આરોપ લગાવતા કહ્યું કે રંગોલી અને કંગના વારંવાર રીતિક રોશનને સ્ટોક કરી રહ્યાં છે. આ ટ્વીટનો જવાબ આપતા રંગોલીએ કહ્યું કે હું એવા વ્યક્તિને સ્ટોક કેમ કરું જે પોતે તેની પાછળ પાગલ છે, જે તેની પત્નીને પણ છોડી નથી શકતો કારણ કે તે પોતે તેના પપ્પાના પૈસે જીવન ગુજારી રહ્યો છે.

અશ્લીલ ગીતમાં ગાંધીજીનું નામ લેતાં ભોજપુરી સિંગર અંતરા સિંહ વિરુદ્ધ ફરિયાદ

પટના

ભોજપુરી સિંગર અંતરા સિંહ પ્રિયંકાને પોતાના ગીતમાં મહાત્મા ગાંધીનું નામ લેવું મોંઘુ પડ્યું છે. રાંચીમાં થયેલા એક કાર્યક્રમ વખતે પ્રિયંકાએ કંઈક એવી રીતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું નામ લીધું કે તેના પર ફરિયાદ દાખલ થઈ અને FIR ફાટી છે. એક અશ્લીલ ગીતમાં ગાંધીજીનું નામ લેવા બદલ આ આખો મામલો પ્રકાશમાં આવ્યો છે. છોટાનાગપુરના ખાદી ગ્રામોદ્યોગે આ કેસ દાખલ કર્યો છે.


ફરિયાદમાં માત્ર એટલું જ



નથી કે, ગીત અશ્લીલ હતું. સાથે સાથે એમ પણ લખવામાં આવ્યું છે કે આ ગીતમાં ગાંધીજી શબ્દનો ખુબ જ ખરાબ ઉપયોગ કરવામાં આવ્યો છે. ફરિયાદીઓનું કહેવું છે કે, પ્રિયંકાએ આ ગીતમાં દેશના ઘણા મહાપુરુષોનું અપમાન કર્યું છે.

હવે પોલીસે આ કેસ દાખલ કરીને આગળ કાર્યવાહી કરવાનું શરુ કર્યું છે. ઉલ્લેખનીય છે કે, પ્રયિંકા એક હિટ સિંગર છે અને ભોજપુરીમાં તેણે એકથી એક નવા અને સુપરહિટ સોન્ગ આપ્યા છે. હવે તેની મુશ્કેલી વધી શકે છે. કેટલાક દિવસ પહેલા પ્રિયંકાનું ગીત બુલાતી હે મગર જાને કાં નહીં ખુબ ચર્ચામાં રહ્યું હતું. લોકોએ આ ગીતને ખુબ પસંદ કર્યું હતું અને શેર પણ કર્યું હતું. હવે જોવાનું એ રહ્યું કે, પ્રિયંકાને પોલીસ દ્વારા શું સજા ફટકારવામાં આવે છે.

કોરોના ઈફેક્ટઃ ૩૦ માર્ચ સુધી ઘરમાં જ રહેશે બિગ-બી



મુંબઇ

કોરોના વાયરસનો કહેર દેશ અને દુનિયામાં જોવા મળી રહ્યો છે. કોરોના વાયરસને ફેલાતો રોકવા માટે લોકોને ઘરમાં રહેવાની સલાહ આપવામાં આવી રહી છે. સ્કૂલ અને કોલેજોમાં રજાઓ જાહેર કરી દેવાઈ છે. ઘણી ઓફિસોમાં કર્મચારીઓ વર્ક ફ્રોમ હોમ (ઘરેથી કામ) કરી રહ્યા છે. એવામાં મહારાષ્ટ્ર સરકારે નવી પહેલ શરૂ કરી છે. મહારાષ્ટ્ર સરકારે કોરોના વાયરસના શંકાસ્પદ જોખમને ધ્યાનમાં રાખીને પોતાના ઘરમાં ક્વૉરન્ટીન થઈ રહેલા લોકોને માર્ક કરવાનો નિર્ણય કર્યો છે.

હાલમાં જ બોલિવુડના મહાનાયક અમિતાભ બચ્ચને ટ્વિટર પર એક તસવીર શેર કરી છે. જેમાં તેમના હાથ પર 'હોમ ક્વૉરન્ટીન'નો થપ્પો લાગેલો છે. મંગળવારે મોડી રાત્રે અમિતાભ બચ્ચને ટ્વિટર પર એક તસવીર શેર કરી. આ તસવીર શેર કરતાં બિગ બીએ લખ્યું, ''મુંબઈમાં વોટર ઈકથી (મતદાનની શાહી) હાથમાં મહોર લગાવાઈ. સુરક્ષિત રહો. સાવચેત રહો. જો સંક્રમિત હો તો આઈસોલેશનમાં રહો.

કોરોના વાયરસ મુદ્દે દિવ્યંકા ત્રિપાઠીએ વાહિયાત ટિપ્પણી કરતાં ટ્રોલ થઈ

મુંબઈ

કોરોના વાયરસના કારણે પુરી દુનિયા ફફડી રહી છે. નાના મોટા સૌ કોઈ લોકોને કોરોના થવાની બીક પેસી ગઈ છે. બોલિવૂડના સ્ટાર લોકો પણ લોકોને અપીલ કરી રહ્યા છે કે, આ વાયરસથી સાવચેત રહો અને પોતાનું ધ્યાન રાખો.

એ વચ્ચે ટીવી અભિનેત્રી દિવ્યાંકા ત્રિપાઠીએ કોરોના



વાયરસને લઈ એક વિવાદીત ટ્વિટ કર્યું કે, જે લોકોને પસંદ ન આવ્યું અને આડે હાથ લીધી છે.

દિવ્યાંકાએ લખ્યું હતું કે, મુંબઈમાં ખુબ ઓછો ટ્રાફિક છે. આ એક સારો અવસર છે મેટ્રો, પુલ અને રસ્તાઓના કામ ઝડપથી પુરા કરવાનો. દિવ્યાંકાની આ વાત લોકોને ન ગમી અને બધાએ તેની ક્લાસ લઈ લીધી. એક યુઝરે લખ્યું કે, શું એ મજદુરોની જિંદગી જરૂરી નથી. જ્યારે બધાને ઘરમાં રહેવાનું કહ્યું છે તો પછી એ મજુર લોકોનો જીવ કેમ દાવ પર લગાવવો જોઈએ. તો બીજા એકે લખ્યું કે, તું તો અસંવેદનશીલ છે.

ધીરે ધીરે મામલો વધતો ગયો અને લોકોએ અભિનેત્રીને લતાડી નાખી. ત્યારબાદ સમજીને દિવ્યાંકાએ માફી માંગવી પડી. ફરીથી એક ટ્વિટ કર્યું અને લખ્યું કે, આપણે બધા માણસો છીએ અને ભૂલ કરતાં હોઈએ છીએ. મારો સવાલ એ છે કે, આ સોશિયલ મીડિયાની દુનિયામાં જો કોઈ માફી માગે તો તમે માફ કરી શકો અને આગળ વધી શકો. શું બધી જ વાતને ખબર કે ચર્ચાના દ્રષ્ટિકોણથી જ જોવી જરૂરી છે. એમાં માણસાઈ ક્યા છે. આ રીતે અભિનેત્રીએ માફી માગી લીધી છે.


શૂટિંગ બંધ થતા મજૂરોની મદદે આવ્યું ફિલ્મ ફેડરેશન, વહેંચશે કરિયાણું

મુંબઈ

ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ અને ગિલ્ડ પ્રોડ્યૂસર એસોસિયેશન દ્વારા મળીને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં દર રોજ મજૂરી કરતા વર્કર્સ માટે રેશન આપવાની શરૂઆત કરવામાં આવી છે. અત્યારે ૫૦૦૦ ફૂડ પેકેટ્સ ઓર્ડર માટે આપવામાં આવ્યા છે. વર્કર્સને રેશન એટલે કે સીધુંસામન આપવાની પ્રક્રિયા રવિવારે શરૂ થશે. અને એક સપ્તાહ સુધી આ અભિયાનને ચાલુ રાખવામાં આવશે. આ સંસ્થા ફિલ્મ ઈન્ડસ્ટ્રીથી જોડાયેલા પ્રોડ્યૂસર, ફિલ્મ અને ટેલિવિઝન સ્ટાર્સથી પણ મદદ માટે અપીલ કરી રહ્યું છે. રેશન આપવાની આ પ્રક્રિયા ફિલ્મિસ્તાન સ્ટૂડિયોથી શરૂ થશે. સાથે જ મેકર્સ અને પ્રોડ્યૂસર એસોશિયેશન સાથે તે વાત પર પણ ચર્ચા ચાલી રહી છે.

કોરોનાથી બચવા માટેના નિયમો સમજાવતા સચિન તેંડુલકર

મુંબઈ



ક્રિકેટના દિગ્ગજ સ્ટાર સચિન તેંદુલકરે કોરોના વાયરસથી બચવા માટે દેશના દરેક નાગરિકને સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા નિર્દેશોનુ પાલન કરવા માટે અપીલ કરી છે. જે માટે સચિને બુધવાર એટલે કે, ૧૮ માર્ચના રોજ પોતાના ટ્વીટર પર એક વીડિયો પણ શરે કર્યો છે. સચિને આ વીડિયોની સાથે કેપ્શનમાં લખ્યુ છે કે, એક નાગરિક તરીકે અમારી કેટલીક જવાબદારીઓ છે. આપણે કેટલાક સરળ નિયમોનુ પાલન કરીને કોરોના વાયરસને આપણાથી દૂર રાખી શકીએ છીએ. હુ તમને બધાને વિનંતી કરુ છુ કે, પાયાની વાતોનુ ધ્યાન રાખો, જેથી આપણે બધા સુરક્ષિત રહી શકીએ.

સોની રાજદાને એરપોર્ટનો વિડીયો શેર કર્યોઃ જેમાં લોકો બોલી રહ્યા છે અમને મારી નાંખો

મુંબઈ

આખી દુનિયામાં કોરોના વાયરસને લઈને હાલાત બગડતી જાય છે. એવામાં બોલિવૂડ અભિનેત્રી આલિયાની માતાએ એક વીડિયો શેર કરીને બધાને ચોંકાવી દીધા. સોની રાજદાને એક વીડિયો શેર કર્યો કે જે એરપોર્ટનો છે. લોકો રાડો પાડી રહ્યા છે કે, અમને મારી નાખો. તો કોઈ લોકો પાસપોર્ટ પરત માંગવાની વાત પણ કરી રહ્યા છે. કાઉન્ટર પાસેની ભીડ જોઈને કોઈને પણ દયા આવી જાય એવું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

વીડિયોના કેપ્શનમાં સોની રાજદાને લખ્યું કે, નવી દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટના ટી-૩ ટર્મિનલ પર આજે કંઈક આવું જોવા મળ્યું. હવે એ લોકો બહારથી આવી રહેલાનો પાસપોર્ટ લઈ રહ્યા



છે. જ્યાં સુધી એ લોકો બધા જ ટેસ્ટ પાસ નહીં કરી લે ત્યાં સુધી તેને પાસપોર્ટ પરત આપવામાં આવશે નહીં. વાત ત્યાં સુધી છે કે ભારતના મુસાફરોને પણ જ્યાં સુધી ટેસ્ટ ન થઈ જાય ત્યાં સુધી બહાર જવા દેવામાં નહીં આવે.

સોની રાજદાને આગળ લખ્યું કે, યાત્રીઓ પોલીસ પર રાડો પાડી રહ્યા છે. બધા લોકો કહી રહ્યા છે કે, અમને મારી નાખો. સોની રાજદાનનું આ ટ્વીટ ભારે વાયરલ થઈ રહ્યું છે. લોકો પણ આ વાત પર પોતાનો મત રાખી રહ્યા છે. એક યુઝરે લખ્યું કે, એમને સહયોગ કરવો જોઈએ. તો કોઈએ વળી એમ લખ્યું કે, આ એ લોકો છે જેને ટેસ્ટથી ભાગી જવું છે અને બીજા લોકોનો જીવ પણ ખતરામાં મુકવો છે.

રશ્મિ રોકેટ ફિલ્મમાં પ્રિયાંશુ પેનયુલિ તાપસીના પતિના રોલમાં ચમકશે

મુંબઈ

તાપસી પન્નુ સ્ટારર સ્પોર્ટ્સ ફિલ્મ 'રશ્મિ રોકેટ'માં નવી સ્ટારકાસ્ટની એન્ટ્રી થઈ છે. 'ભાવેશ જોશી' ફેમ એક્ટર પ્રિયાંશુ પેનયુલિ આ ફિલ્મમાં તાપસીના પતિના રોલમાં જોવા મળશે. તાપસી ફિલ્મમાં ગુજરાતી એથ્લીટના રોલમાં છે. પ્રિયાંશુએ તેના રોલ વિશે કહ્યું કે, 'હું ફિલ્મમાં આર્મી ઓફિસરના રોલમાં છું અને આ મારા માટે ગર્વની વાત છે. હું ડિફેન્સ બેકગ્રાઉન્ડમાંથી આવું છું માટે યુનિફોર્મમાં રહેલ વ્યક્તિનો રોલ નિભાવવો જવાબદારીવાળું કામ છે.'

ફિલ્મનું શૂટિંગ કચ્છ, મુંબઈ, દિલ્હી, દેહરાદૂન અને મસૂરીમાં શૂટિંગ થશે. તાપસી તેના રોલ માટે છેલ્લા બે મહિનાથી તૈયારી કરી રહી



હતી. ફિલ્મની સ્ટોરીને લઈને ડિરેક્ટર આકર્ષ ખુરાનાનું કહેવું છે કે, 'આ ફિલ્મ કોઈ સત્ય ઘટના પર આધારિત નથી પણ હા ઘણી બધી દેશની અને વિદેશની મહિલા એથ્લીટના જીવનમાં બનેલ સત્ય ઘટનાનું મિશ્રણ છે.' ફિલ્મના પ્રોડ્યૂસર રોની સ્ક્રુવાલા છે.

ફિલ્મ 'રશ્મિ રોકેટ'માં તાપસી રશ્મિનું કેરેક્ટર પ્લે કરવાની છે જે કચ્છના એક ગામડામાં રહેતી હોય છે. રશ્મિ ઘણું ઝડપથી દોડતી હોય છે માટે ગામના લોકો તેને રોકેટ કહેતા હોય છે. જ્યારે તેને પોતાનો હુન્નર દેખાડવાનો મોકો મળે છે ત્યારે તે પીછેહઠ કરતી નથી અને આગળ વધે છે. ત્યારબાદ તેની જિંદગીમાં જે ઉતાર ચડાવ આવે છે તેના પર આખી સ્ટોરી આધારિત છે.

ટેબલ ટેનિસ સ્ટાર હરમીત દેસાઈ ૧૪ દિવસ હોમ આઈસોલેશનમાં રહેશે

સુરત




ટેબલ ટેનિસ સ્ટાર અને સુરતના વતની એવા અર્જુન એવોર્ડ વિજેતા હરમીત દેસાઈનો મસ્કત અને મુંબઈ એરપોર્ટ પર કોરોના વાયરસ નોર્મલ રિપોર્ટ આવતા ટેબલ ટેનિસ સેક્રેટરીએ હરમીતને ૧૪ દિવસ માટે હોમ આઈસોલેશનમાં રહેવા માટેનો આદેશ આપ્યો છે. હરમીત મસ્કતથી સુરત આવ્યો છે, ત્યારે મસ્કત એરપોર્ટ અને મુંબઈ એરપોર્ટ પર હરમીતનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું.

આ અંગે હરમીતના પિતા રાજુ દેસાઈએ જણાવ્યું હતું કે, બંને એરપોર્ટ પર હરમીતનો રિપોર્ટ એકદમ નોર્મલ આવ્યો હતો. જો કે, કોરોના વાયરસની સાવચેતીના ભાગરૂપે ટેબલ ટેનિસ સેક્રેટરી એક સૂચના આપી હતી કે, હરમીતને આગામી ૧૪ દિવસ સુધી હોમ આઈસોલેશનમાં જ રહેવાનું છે.

કોરોનાના ડરથી કરીના કપૂરે શૂટિંગ કરવાની પાડી ના

મુંબઈ

કોરોનાથી માત્ર દુનિયા જ નહીં પરંતુ સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રી પણ ડરેલી છે. કોરોનાના કારણે આઈપીએલ ટળ્યા પછી આઈપીએલ દરમિયાન આવતી જાહેરાતોનું શૂટિંગ પણ રોકવામાં આવ્યું છે. શૂટિંગ માટે બનાવવામાં આવેલા સેટ પણ સંકેલી લેવામાં આવ્યા છે. અનેક જાહેરાત માટે મોટા ફિલ્મ સ્ટાર્સ માટે પણ કરાર કરવામાં આવ્યા હતાં. જોકે, કોરોનાની બીકના કારણે બોલિવૂડના સ્ટાર્સે શૂટિંગમાં ભાગ લેવા માટે ના પાડી છે.



આઈપીએલ દરમિયાન ચાલતી એક જાહેરાતનું શૂટિંગ કરીના કપૂર ખાન કરવાની હતી. પરંતુ કરીનાએ કોરોના વાયરસના ડરના કારણે જાહેરાતના શૂટિંગમાં આવવાની ના પાડી હતી. આ જ કારણોસર જાહેરાતના શૂટિંગ માટે તૈયાર કરેલા સેટને પણ સંકેલી લેવામાં આવ્યો હતો. એડ ફિલ્મ મેકર્સ પણ શૂટિંગ કરવાથી બચી રહ્યાં છે કારણકે હાલ શૂટિંગ કરવાથી તેમનું બજેટ પણ વધી ગયું છે. કોરોનાની સુરક્ષાને લઈને પગલા ભરવાના કારણે શૂટિંગનું બજેટ વધી જાય છે.

શાહિદ કપૂર માટે ખૂલ્લી રાખવામાં આવેલ જીમને બીએમસીએ સીલ કર્યું

મુંબઈ

કોરોના વાયરસને કારણે મહારાષ્ટ્ર સરકારે મુંબઈ અને અન્ય શહેરોમાં સિનેમાહોલ, જીમ અને અન્ય જાહેર સ્થળોને બંધ કરી દીધા છે. આવામાં રવિવારે શાહિદ કપૂર અને મીરા રાજપૂત મુંબઈના એક જીમમાં જોવા મળ્યા હતા જેને કારણે વિવાદ સર્જાયો છે. જણાવવામાં આવી રહ્યું છે કે, જીમ ખાસ શાહિદ અને મીરા માટે ખોલવામાં આવ્યું હતું જે આદેશોનું ઉલ્લંઘન છે. જો કે હવે એહવાલ પ્રાપ્ત થયા છે કે, બીએમસીએ બ્રાન્દ્રા સ્થિત આ જીમને સીલ કરી દીધું છે.

રિપોર્ટ મુજબ, આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશ્નર વિનાયક



વિસ્પુતે જણાવ્યું કે, જીમનું કોઈપણ ભાગ ખુલ્લું રાખવું આદેશોનું ઉલ્લંઘન છે. જો કોઈ જીમ આદેશોનું ઉલ્લંઘન કરશે તો કેસ દાખલ કરવામાં આવશે અને લાયસન્સ પણ રદ કરવામાં આવશે.

વિનાયકે વધુમાં જણાવ્યું હતું કે, બીએમસીએ શાહિદ અને જિમના સંચાલક બંનેને આ સંબંધે નોટિસ ફટકારી છે. એન્ટી ગ્રે વિટી ક્લબના સંચાલક યુધિષ્ઠિર જયસિંહે જણાવ્યું છે કે, શાહિદ અને મીરા મારા સારા મિત્રો છે અને તેઓ રવિવારે મને મળવા માટે આવ્યા હતા. શાહિદ કેટલાક સમયથી ચંદીગઢમાં શૂટિંગ કરી રહ્યો હતો અને તેના કેટલાક ઈક્વિપમેન્ટ્સ જીમમાં રાખ્યા હતા. તે માત્ર ઈક્વિપમેન્ટ્સને લેવા માટે આવ્યો હતો.

આઈપીએલ જુલાઈ-સપ્ટેમ્બરમાં રમાય તેવી શક્યતા

મુંબઈ

બીસીસીઆઈના અધ્યક્ષ સૌરવ ગાંગુલીએ શનિવારે ફ્રેન્ચાઈઝ સાથેની બેઠક પછી જણાવ્યું હતું કે, ×ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની ૧૩મી સીઝન ટૂંકી હશે. કેટલી મેચ રમાઈ છે એ તેના પર નિર્ભર કરે છે કે ટૂર્નામેન્ટ ક્યારે શરૂ થાય છે.× જોકે હવે સામે આવી રહ્યું છે કે, બીસીસીઆઈએ નક્કી કરી લીધું છે કે ટૂર્નામેન્ટ જુના શેડ્યુલ પ્રમાણે ૬૦ દિવસ જ રમાશે. જો અત્યારે સંભવ નહિ થાય તો આ સીઝન



જુલાઈ-સપ્ટેમ્બર દરમિયાન રમવામાં આવી શકે છે.

જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન એશિયા કપ ટી-૨૦ છે, તેમજ ઈંગ્લેન્ડ-પાકિસ્તાન અને ઈંગ્લેન્ડ-આયર્લેન્ડની સીરિઝ છે. તે સિવાય અન્ય કોઈ દેશ આ દરમિયાન ક્રિકેટ રમવાનું નથી. બીસીસીઆઈ જૂન-જુલાઈમાં શ્રીલંકા સામેની વનડે અને T-20 સીરિઝ પણ પોસ્ટપોન કરવા અંગે વિચારી રહ્યું છે. બોર્ડનું માનવું છે કે જુલાઈ-સપ્ટેમ્બર દરમિયાન આખી સીરિઝ રમી શકાય છે. ૨૦૦૯માં દક્ષિણ આફ્રિકામાં આખી ટૂર્નામેન્ટ ૩૭ દિવસમાં રમાઈ હતી. ૫ અઠવાડિયા અને ૨ દિવસ. બોર્ડના અધિકારીએ કહ્યું કે, ટૂર્નામેન્ટ અર્ધી ભારતમાં અને અર્ધી વિદેશમાં રમાઈ શકે છે. તેમજ શક્ય હોય તો આખી ટૂર્નામેન્ટ વિદેશમાં શિફ્ટ થઈ શકે છે.

ટોકિયો ઓલિમ્પિક્સને સમયપત્રક અનુસાર યોજવા આઈઓસી મક્કમ

(જી.એન.એસ)જિનિવા,તા.૧૮

ઓલિમ્પિક કમિટીએ એવો દાવો કર્યો છે કે કોરોના વાઈરસ એટલે કે COVID-19 જાગતિક રોગચાળાની અસરની ચિંતા વધી રહી હોવા છતાં આ વર્ષની ઓલિમ્પિક ગેમ્સ અને પેરાલિમ્પિક ગેમ્સ સંબંધિત હાલને તબક્કે કોઈ ધરખમ નિર્ણયો લેવાની કોઈ જરૂર નથી.

કોરોના વાઈરસે ઊભી કરેલી કટોકટીનો સામનો કેવી રીતે કરવો એ વિશે ચર્ચા કરવા માટે IOCના એક્ઝિક્યૂટિવ બોર્ડે આંતરરાષ્ટ્રીય ફેડરેશનો સાથે આજે ટેલિકોન્ફરન્સ યોજી હતી. ત્યારબાદ એણે નિવેદન બહાર પાડ્યું હતું અને



એમાં ઉપર મુજબ જણાવ્યું હતું. નિવેદનમાં જણાવાયું છે કે, ઓલિમ્પિક ગેમ્સ ટોકિયો ૨૦૨૦ યોજવા માટે IOC સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. ગેમ્સ શરૂ થવાને હજી ચાર મહિનાનો સમય છે તેથી હાલના તબક્કે ગેમ્સના આયોજન અંગે કોઈ ધરખમ નિર્ણયો લેવાની એને કોઈ જરૂર જણાતી નથી. વળી, હાલને તબક્કે કોઈ અફવાથી પણ નુકસાન થઈ શકે છે.

કોરોના વાઈરસના ફેલાવાને કારણે ઓલિમ્પિક ગેમ્સ ટોકિયો ૨૦૨૦ માટેની તૈયારીઓને માઠી અસર જરૂર પડી છે અને તે અસર રોજેરોજ બદલાઈ પણ રહી છે. પરંતુ, IOCને વિશ્વાસ છે કે દુનિયાભરના સત્તાવાળાઓ જે પગલાં લઈ રહ્યાં છે તે કોવિડ-૧૯ વાઈરસની પરિસ્થિતિને રોકવામાં મદદરૂપ થશે. ટોકિયો ઓલિમ્પિક ગેમ્સ ૨૪ જુલાઈથી ૯ ઓગસ્ટ સુધી ટોકિયો શહેરમાં યોજવાનું નિર્ધારિત છે.

વતન પરત ફરેલી દ.આફ્રિકા ટીમને ૧૪ દિવસ આઈસોલેટ હેઠળ રખાશે

(જી.એન.એસ)કેપટાઉન,તા.૧૮

કોરોના વાયરસના કારણે ભારત સામેની વન ડે શ્રેણી રદ થયા બાદ સાઉથ આફ્રિકાની ટીમ કોલકાતા એરપોર્ટ પરથી સ્વદેશ ફરી હતી. સાઉથ આફ્રિકા પહોંચ્યા બાદ ટીમે મોટો નિર્ણય લીધો હતો. સ્વદેશ પરત ફર્યા બાદ દક્ષિણ આફ્રિકા ક્રિકેટ બોર્ડે તેના ખેલાડીઓને લઇ મોટું પગલું ભર્યું છે. ભારતના પ્રવાસે આવેલા દક્ષિણ આફ્રિકા ક્રિકેટ ટીમના તમામ ખેલાડીઓને આગામી ૧૪ દિવસ સુધી અલગ રહેવા માટે જણાવાયું છે.

ક્રિકેટ સાઉથ આફ્રિકાના ચીફ ડોક્ટર શોએબ માંજરાએ કહ્યું, ખેલાડીઓને અલગ રહેવા માટે કહેવામાં આવ્યું



છે. બોર્ડે તમામ ખેલાડીઓની મેડિકલ તપાસ કરવાનો પણ ફેંસલો લીધો છે. અમે તમામ ખેલાડીઓને ઓછામાં ઓછા ૧૪ દિવસ સુધી અલગ રહેવા કહ્યું છે. તેમની આસપાસના લોકો, સમાજ અન પરિવારોને સુરક્ષિત કરવાની આ રીત છે.

તેમણે કહ્યું, આ દરમિયાન જો કોઈ ખેલાડીમાં લક્ષણ જોવા મળશે તો તેની મેડિકલ તપાસ કરવામાં આવશે અને જરૂરી પગલાં લેવામાં આવશે. ટુર દરમિયાન કેટલાક ખેલાડીએ માસ્ક પહેર્યા હતા, જ્યારે કેટલાકે નહોતા પહેર્યા. યાત્રા દરમિયાન કોઈ ખેલાડી અન્ય વ્યક્તિના સંપર્કમાં પણ નહોતા આવ્યા.

ભારત-પાક.મેચ વગર આઈસીસી ટેસ્ટ ચેમ્પિયનશિપનો કોઈ મતલબ નથી: વકાર યુનુસ



કરાચી

પાકિસ્તાનના પૂર્વ ફાસ્ટ બોલર વકાર યુનુસે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, ×ભારત-પાકિસ્તાનની મેચ વગર ICC ટેસ્ટ ચેમ્પિયનશિપનો કોઈ મતલબ નથી.× વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ટોપ ૯ દેશ, ૬ બાઈલેટરલ સીરિઝ રમશે અને તેના અંતે ટોપ ૨ ટીમ વચ્ચે જૂન ૨૦૨૧માં ઈંગ્લેન્ડ ખાતે ફાઈનલ રમાશે.


વકારે કહ્યું કે, હું સમજુ છું કે બંને દેશ વચ્ચે ગવર્મેન્ટ લેવલે સ્થિતિ ગંભીર છે. પરંતુ ICCએ પ્રોએક્ટિવ રોલ પ્લે કરીને બંને દેશ વચ્ચે સીરિઝ ગોઠવવાની જરુર હતી. તેમણે તેવું કઈ કર્યું નથી અને હવે મારા પ્રમાણે ભારત-પાકિસ્તાનની મુકાબલા વગર ચેમ્પિયનશિપનો કોઈ મતલબ નથી.

વકાર પોતાના ૧૪ વર્ષના ક્રિકેટ દરમિયાન ૮૭ ટેસ્ટ અને ૨૬૨ વનડે રમ્યા, જોકે ભારત સામે સૌથી લાંબા ફોર્મેટમાં માત્ર ૪ ટેસ્ટ રમી શક્યા હતા. આ અંગે તેમણે કહ્યું કે, પહેલેથી આવું જ રહ્યું છે. તેથી ભારત સામે ટેસ્ટ ડેબ્યુ કરવું મારા માટે ખાસ છે.

ભારતનું ફાસ્ટ બોલિંગ એટેક પહેલા જેવું રહ્યું નથી. જસપ્રીત બુમરાહ, મોહમ્મદ શમી અને ઈશાંત શર્મા તેમને ટોપ પર લાવ્યા છે. ત્રણેય ૧૪૦થી વધુની ઝડપે સતત લાંબા સ્પેલ નાખી શકે છે. ટેસ્ટમાં તેમનું કોમ્બિનેશન સેટલ્ડ છે. વ્હાઈટ બોલ ફોર્મેટમાં તેઓ રોટેશન પોલિસી પ્રમાણે અન્યને સારી તક આપી રહ્યા છે.

મારે કઈ સાબિત કરવાની જરૂર નથી થાકી ગયો હોવાથી ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી: મોહમ્મદ આમિર

(જી.એન.એસ)લાહોર,તા.૧૮



પાકિસ્તાનના ઝડપી બોલર મોહમ્મદ આમિરે કહ્યું કે, શારીરિક અને માનસિક રીતે થાકી ગયો હોવાથી મેં ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. આમિરના આ નિર્ણયની પાકિસ્તાનના ઘણા પૂર્વ ક્રિકેટરોએ ટીકા કરી હતી. શોએબ અખ્તર અને વસીમ અકરમ જેવા મહાન ઝડપી બોલરોએ એમ પણ કહ્યું હતું કે આમિર પૈસાને પસંદ કરે છે અને દેશને છેતરી રહ્યો છે. આ અંગે આમિર કહે છે કે, ફાસ્ટ બોલિંગ સરળ કામ નથી. હું જ્યાં છું ત્યાં મારે કંઈપણ સાબિત કરવાની જરૂર નથી.

એક ઈન્ટરવ્યુમાં આમિરે કહ્યું કે, મારે કંઈપણ સાબિત કરવાની જરૂર નથી. હું કેવી રીતે બોલિંગ કરું છું તે આંકડા સાબિત કરે છે. પાકિસ્તાનમાં પીએસએલમાં રમવાની મજા આવે છે. જ્યાં સુધી ટી-૨૦ વર્લ્ડ કપની વાત છે, તે હાલમાં પાંચ કે છ મહિના દૂર છે. અત્યારે તેના વિશે વધારે વિચારવાનો કોઈ ફાયદો નથી. જુલાઈમાં આમિર ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્ત થયો હતો. લગભગ દરેક ભૂતપૂર્વ પાકિસ્તાની ક્રિકેટર દ્વારા તેની ટીકા કરવામાં આવતી હતી. આમિરે પહેલીવાર આ અંગે ખુલ્લેઆમ વાત કરી હતી. કહ્યું, "દરેકનો પોતાનો દ્રષ્ટિકોણ હોય છે. તમારે જે કહેવું છે તે કહેતા રહો. મારા શરીરને મારા કરતા વધારે કોણ સમજી શકે. મારી કારકિર્દી લંબાવવા માટે મારે ટેસ્ટ ક્રિકેટ છોડવું પડ્યું. પરિવારે પણ તેનો ટેકો આપ્યો હતો. હવે હું પહેલા કરતા વધારે સારું અનુભવું છું.

નિર્ભયાનાં દોષીઓને ફાંસીએ લટકાવવા પવન જલ્લાદ તૈયાર, અપાઈ ડમી ફાંસી

ન્યુ દિલ્હી

નિર્ભયાના ચાર દોષિતોને ૨૦ માર્ચના રોજ ફાંસી આપવામા આવશે. પવન જલ્લાદ નામના વ્યક્તી તે ચારેયને ફાંસીના માચડા પર લટકાવશે. આજે સવારે તિહાડ જેલમાં જલ્લાદની હાજરીમાં ફાંસીનું રિહર્સલ કરવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર પવન જલ્લાદે જેલ પ્રશાસનના અધિકારીઓની હાજરીમાં દોષિતોના ડમીને ફાંસી પર લટકાવવીને ફાંસીના માચડાનું પરિક્ષણ કર્યું.

તિહાડ જેલે બે દિવસ પહેલા જ પવન જલ્લાદને જેલમાં બોલાવ્યા હતા. દિલ્હીની કોર્ટે ૨૦ માર્ચના રોજ સવારે ૫.૩૦ વાગ્યે નિર્ભયાના ચારેય દોષિતોને ફાંસી આપવાનો ચુકાદો સંભળાવ્યો હતો. નિર્ભયા ગેંગરેપ કેસના દોષિત અક્ષય, મુકેશ, પવન અને વિનયના તમામ કાયદાકીય વિકલ્પો પૂર્ણ થઈ ચૂક્યા છે. રાષ્ટ્રપતિ તમામ દોષિતોની દયા અરજીઓને ફગાવી ચૂક્યા છે.

આ અગાઉ મંગળવારના રોજ દિલ્હીની એક કોર્ટમાં નિર્ભયા કાંડના એક દોષિતે દુર્ઘટના સમયે સગીર હોવાનું કારણ આપીને એક અરજી દાખલ કરી હતી. જેને કોર્ટે ફગાવી દીધી હતી. નોંધનીય છે કે આ ચારેય દોષિતોની ફાંસી આ અગાઉ ચાર વખત ટળી ચૂકી છે. એવી આશા રખાઈ રહી છે કે આ વખતે ૨૦ માર્ચના રોજ તેમને ફાંસીના માચડે લટકાવી દેવામાં આવશે. તિહાડ જેલ પ્રશાસને પણ ફાંસી માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.

ભાજપ સાંસદ સુરેશ પ્રભુને કોરોના..?, આઈસોલેટ કરાયા

ન્યુ દિલ્હી

કોરોના વાયરસથી સમાન્ય જનતા બાદ હવે મોદી સરકારના મંત્રીઓ પણ ફફડી ઉઠ્યાં છે. મોદી સરકારમાં મંત્રી રહી ચૂકેલા અને ભાજપના સાંસદ સુરેશ પ્રભુએ પોતાની જાતને આઈસોલેટ કરી છે. આ અગાઉ કેન્દ્રીય સંસદીય રાજ્યમંત્રી વી.મુરલીધરને પણ પોતાને હોમ ક્વોરન્ટાઈન કરવાનો નિર્ણય લીધો હતો.

દેશમાં કોરોના વાયરસના ૧૪૧ પોઝિટિવ કેસ સામે આવ્યાં છે. કોરોના વાયરસના વધતા કેર વચ્ચે લોકોએ સુરક્ષિત રહેવા માટે પગલાં લેવાના પણ શરૂ કરી દીધા છે. મોદી સરકારના મંત્રીઓ પણ તેમાંથી બાકાત નથી. મોદી સરકારમાં રેલવે મંત્રી રહી ચુકેલા અને ભાજપના સાંસદ સુરેશ પ્રભુ ૧૦ માર્ચના રોજ સાઉદી અરેબિયા ગયા હતાં. ત્યારબાદ તેઓ ભારત પાછા ફર્યા તો તેમણે કોરોના ટેસ્ટ કરાવ્યો હતો. ટેસ્ટ નેગેટિવ આવ્યો પરંતુ સુરક્ષા કારણોસર તેમણે પોતાની જાતને ૧૪ દિવસ સુધી આઈસોલેશનમાં રાખવાનો નિર્ણય રાખ્યો છે. તેઓ પોતાના ઘરમાં જ હોમ ક્વોરન્ટાઈન છે. આ દરમિયાન તેઓ કોઈને મળશે નહીં અને કોઈ તેમની પાસે પણ જઈ શકે નહીં. એક મેડિકલ ટીમ તેમના ઘરે તૈનાત કરી દેવામાં આવી છે.

કોરોના વાયરસ: ગો એર રોટેશન આધાર પર પગાર વગર જ રજા પર મોકલાયા

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના વધતા પ્રકોપને જોતા એરલાઈન્સ કંપનીઓ પણ સતર્કતા વરતી રહી છે. આ મહામારીને જોતા Go Air એ પોતાના કર્મચારીઓને રોટેશન આધાર પર પગાર વગર જ રજા પર મોકલવાનો નિર્ણય કર્યો છે. મગળવારે કંપનીએ પોતાનુ એક નિવેદન જાહેર કરતા કહ્યુ હતુ કે, કોરોના વાયરસના કારણે ઓછી ફ્લાઈટ્સ હોવાથી કંપની આ નિર્ણય લઈ રહી છે. તે સાથે જ ૬ છેઅે મંગળવારથી જ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને બંધ કરવાનો પણ નિર્ણય કર્યો છે. કંપનીના નિવેદન પ્રમાણે, અમે ૧૭ માર્ચથી ૧૫ એપ્રિલ સુધી પોતાની બધી જ આંતરરાષ્ટ્રીય વિમાનોને અસ્થાયી રુપથી સસ્પેન્ડ કરી રહી છે. બજેટ વિમાન કંપની Indigo એ પાયલટોને કહ્યુ કે, તેમણે હવે વધારે કલાક કામા કરવાની જરુર નહી પડે અને એરલાઈન રજાના બદલામાં પૈસા આપવામાં પોતાના પ્રોત્સાહનને પરત લઈ રહી છે.

વાયરસનો વધુ એક કેસ તેલંગાનામાં આવ્યો છે. યુનાઈટેડ કિંગડમથી આવેલા એક વ્યક્તિનો ટેસ્ટ પોઝિટીવ આવ્યો છે. તેલંગાનામાં અત્યાર સુધી ૬ કેસ નોંધાયા છે. જેમાંથી એક વ્યક્તિ સાજો થઈને ઘરે જતો રહ્યો છે. કર્ણાટકના સ્વાસ્થ્ય મંત્રી બી શ્રીરામુલુએ જ મંગળવારે બેંગલુરુમાં ૨ વ્યક્તિઓમાં સંક્રમણની પુષ્ટી કરી છે. રાજ્યમાં હવે કુલ ૧૩ લોકો સંક્રમિત થયા છે.

દિલ્હીથી જોડાયેલા નોએડામાં વધુ એક કેસ સામે આવ્યો છે. નોએડામાં કોરાનાના દર્દીઓની સંખ્યા ચાર થઈ છે. કોરોનાનો લેટેસ્ટ દર્દી ઈન્ડોનેશિયા ગયો હતો. જ્યાંથી તે ચાર દિવસ પહેલા જ પાછો ફર્યો હતો. તેની સાથે તેની પત્ની પણ હતી. જોકે હાલમાં તો પતિમાં જ આ વાઈરસના લક્ષણો જોવા મળ્યા છે. હવે તેને હોસ્પિટલમાં દાખલ કરાયો છે. પત્નીનો રિપોર્ટ આવવાનો બાકી છે.

યુપીમાં લખનૌમાં કોરોનાનો વધુ એક પોઝિટિવ દર્દી બહાર આવ્યો છે. લખનૌમાં દર્દીની સારવાર કરી રહેલા એક ડોક્ટરને તેનો ચેપ લાગ્યો છે.જે વધારે ચિંતાની વાત છે. સરકારી હોસ્પિટલમાં દર્દીની સારવાર કરી રહેલા રેસિડેન્ટ ડોક્ટરનુ સેમ્પલ તપાસ માટે મોકલવામાં આવ્યુ હતુ. આ ડોક્ટરનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આમ ડોક્ટર પોતે જ હવે દર્દી બની ગયા છે.

૧૫૩ કેસમાં ૧૧૨ ભારતીય દર્દીઓ છે જ્યારે ૨૪ વિદેશી દર્દીઓ છે. સૌથી વધારે કન્ફર્મ કેસો મહારાષ્ટ્રમાં (૪૨ કેસો) છે. એ પછીના ક્રમે કેરળ (૨૩ કેસો) અને ઉત્તર પ્રદેશ (૧૬ કેસો) છે. ૧૪ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા અપાઈ છે.

અમેરિકામાં ૨૨ લાખ પહેલા પાનાથી ચાલુ

દીધી છે. દુનિયાની પમી સૌથી મોટી અર્થવ્યવસ્થા એવા બ્રિટનમાં લોકો પોતાના ઘરોમાં જ રહેવા અને જુદી જુદી બિમારીઓ સામે ઝઝુમી રહેલા ૭૦ લાખ લોકોને પણ અલગ કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

ફ્રગ્ચુસનની ટીમે કહ્યું છે કે, જો આ બિમારીને અટકાવવાના ગંભીર પ્રયાસ ના કરવામાં આવ્યા તો બ્રિટનમાં ૫ લાખ અને અમેરિકામાં ૨૨ લાખ લોકોના મોત થઈ શકે છે. રિસર્ચમાં કહેવામાં આવ્યું છે કે, સરકાર પહેલાના કોરોનાના પ્લાનથી લગભગ ૨,૫૦,૦૦૦ લોકોના મોત થઈ શકે છે. આ ઉપરાંત સ્વાસ્થ્ય સેવાઓ પર પણ તેની વિપરીત અસર પડશે.

વૈજ્ઞાનિકોએ કહ્યું હતું કે, યાં સુધી કોરોના વાયરસની અસર ઓછી ના થાય ત્યાં સુધી લોકો પબ, કલબ અને થિયેટરમાં ના જાય. આ ઉપરાંત સામાજીક અંતર પણ જાળવે. આ રિસર્ચમાં શામેલ પ્રોફેસર અજરા ઘનીએ કહ્યું હતું કે, કોરોના આપણા સમાજ અને અર્થવ્યવસ્થા પર ખુબ જ મોટી અને વિપરીત અસર પહોંચાડશે. રિસર્ચ ટીમના અન્ય એક સભ્ય ટિમ કોલબર્ને કહ્યું હતું કે, આવનાર સમય ખુબ જ મુશ્કેલ છે.

૧૮ દિવસમાં પહેલા પાનાથી ચાલુ

પર બંધ થયું હતું. જ્યારે નિફ્ટીમાં ૪૩૧.૫૫ પોઈન્ટનો ઘટાડો નોંધાયો અને તે વખતે નિફ્ટી ૧૧.૨૦૦ની નજીક બંધ થયો હતો. આજે ૧૮ માર્ચના રોજ બજારમાં ૧૭૦૯.૫૮નો ઘટાડો નોંધાયો છે અને બજાર ૨૮,૮૬૯ પર બંધ થયું તો નિફ્ટીમાં ૮૪૬૮ ૪૯૮.૨૫ના ઘટાડા સાથે બજાર ૮૪૬૮ પર બંધ થયો હતો. આમ ૧૮ દિવસમાં અંદાજે ૯ હજાર પોઈન્ટનો કડાકો નોંધાયો છે. તેના કારણોમાં જોઈએ તો ટેલિકોમ કંપનીઓ સામે સુપ્રિમની કડકાઈ, વૈશ્વિક મંદી અને સોથી વધારે જો અસર થઈ હોય તો તે કોરોનાની જોવા મળી રહી છે.

વિશ્વભરમાં પહેલા પાનાથી ચાલુ

સ્ટીવન નૂચિને રિપબ્લિકન સીનેટર્સને જણાવ્યું છે કે, ઈન્ફેક્શનની અસર આ રીતે વધતી જશે તો અમેરિકાની અર્થવ્યવસ્થાની સ્થિતિ ૨૦૦૮ની આર્થિક મંદી કરતા પણ વધારે ખરાબ થઈ શકે છે. નૂચિને ચેતવણી આપી છે કે કોરોનાના કારણે બેરોજગારી દર ૨૦ ટકા સુધી થઈ શકે છે.

- પાકિસ્તાનમાં બુધવાર સવાર સુધી કોરોના ઈન્ફેક્શનના કુલ કેસ ૨૩૭ થઈ ગયા છે. અત્યાર સુધી ૨ લોકોના મોત થયા છે. મુશ્કેલીની વાત એ છે કે, શંકાસ્પદ દર્દીઓને ક્વારૈંટાઈન અથવા આઈસોલેટ કરવાની કોઈ વ્યવસ્થા નથી.

- ટાઈમ્સ ઓફ ઈઝરાયલના જણાવ્યા પ્રમાણે, ઈઝરાયલ સેના ટૂંક સમયમાં જ દેશમાં મેડિકલ ટીમને મદદ કરશે. તે માટેની તમામ તૈયારીઓ પણ પૂરી કરી દેવામાં આવી છે. તેના માટે સેનાએ એક આદેશ પણ તૈયાર કરી દીધો છે જે વિશે સરકાર વિચારણાં કરી રહી છે.

- તૂર્કીમાં કોરોનાના કારણે પ્રથમ મોત નોંધાયું છે, છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કેસ ડબલ થઈને ૯૮એ પહોંચી ગયા છે.

ઘો.૫ અને ૮ પહેલા પાનાથી ચાલુ

જતા રોકી શકશે નહીં. તમામ ડીઈઓ-ડીપીઓને પરિપત્ર કરીને ફરજીયાત આ પરિપત્રનો અમલ તમામ સ્કૂલોમાં કરાવવા સરકારે આદેશ કર્યો છે.

આર્મી જવાન પહેલા પાનાથી ચાલુ

દેશભરમાં વધતા કોરોના વાયરસનાં કેર વચ્ચે ભારતીય સેનાનાં જવાનમાં પણ કોવિડ ૧૯ની પુષ્ટિ કરવામાં આવી છે.

મળતી માહિતી પ્રમાણે, આ જવાને ઈરાનની યાત્રા કરી હતી. લદ્દાખ સ્કાઉટનાં જવાનમાં જ્યારે કોરોના વાયરસના લક્ષણ દેખાયા બાદ તેની મેડિકલ તપાસ કરવામાં આવી. આ જવાનને જે હૉસ્પિટલ મોકલવામાં આવ્યો છે ત્યાંજ તેમની બહેન અને પત્નીને પણ આઈસોલેટ કરી દીધા છે.

દેશમાં કોરોના વાઈરસનું સંક્રમણ દિવસે દિવસેને વધી રહ્યું છે. ૪૮ કલાકમાં સંક્રમિતોની સંખ્યા ૯૯થી લધીને ૧૫૩ થઈ ગઈ છે. બુધવારે પૂણેમાં વધુ એક દર્દીનો રિપોર્ટ સામે આવ્યો છે. આ સાથે જ કેન્દ્રીય મંત્રી સુરેશ પ્રભુએ નેગેટિવ રિપોર્ટ આવ્યા બાદ પણ પોતાને ૧૪ દિવસ માટે આઈસોલેટ કર્યા છે. તેઓ તાજેતરમાં સાઉદી અરબથી પાછા આવ્યા હતા. તેમણે ટેસ્ટ પણ કરાવ્યો હતો, જે નેગેટિવ આવ્યો હતો. કોરોના હવે પશ્ચિમ બંગાળ પણ પોહોંચી ગયો છે. કોલકાતામાં કોરોના વાયરસનો પ્રથમ દર્દી મળી આવ્યો છે. સૂત્રોના જણાવ્યાનુંસાર પીડિત લંડનથી પરત ફર્યો હતો. જેનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. દર્દીને બાલીઘાટના આઈડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં કોરોના વાયરસનો પ્રથમ કેસ સામે આવ્યો છે. બ્રિટનથી પરત આવેલા વ્યક્તિનો કોરોના વાયરસ પરીક્ષણ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કોરોના

જેતપુર અને ગોંડલ હાઈવે પર ફેંકાયેલી હતી ધો.૧૦-૧૨ની ઉત્તરવહીઓ

વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડાઃ રસ્તા પર રઝળતી મળી આવી ઉત્તરવહીઓ

બાર્ડની ઘોર બેદરકારી સામે આવી, ડીઈઓએ કહ્યું બસની બારી ખુલી જતા ઉત્તરવહીઓ પડી ગઈ હશે



આ ઉત્તરવહીઓ મહેસાણાના વિદ્યાર્થીઓની હોવાની શક્યતા

રાજકોટ

રાજકોટથી વીરપુર હાઈવે તેમજ ગોંડલ હાઈવે પર બોર્ડના વિદ્યાર્થીઓ દ્વારા લખાયેલી ઉત્તરવહીઓ રસ્તા પર રઝળતી સ્થિતિમાં આવી આવતા ખળભળાટ મચી ગયો છે. સમગ્ર વર્ષની મહેનત બદલ આ પરિણામ મળશે તેવો વિદ્યાર્થીઓને સ્વપ્ને પણ ખ્યાલ નહીં આવ્યો હોય. હાઈવે પર બોર્ડના વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ મળતા અનેત તર્કવિતર્ક ઉભા થયા છે. બોર્ડ દ્વારા ઉત્તરવહીઓ એકસ્થળેથી બીજા સ્થળે સલામત રીતે લઈ જવામાં આવતી હોય છે તો પછી વિરપુર અને ગોંડલ હાઈવે પર મળી આવેલી ઉત્તરવહીઓ ઈરાદાપૂર્વક ફેંકવામાં આવી છે કે પછી ઉત્તરવહીઓ લઈ જતી વખતે બેદરકારી દાખવવામાં આવી છે તે તપાસનો વિષય બન્યો છે. જિલ્લા શિક્ષણ અધિકારી પ્રાથમિક તપાસ માટે ઉત્તરવહીઓ મળી આવે તે સ્થળે જવા રવાના થઈ ગયા છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહે આ મામલે જણાવ્યું છે કે ઘટના અંગે તાત્કાલિક તપાસના આદેશ આપવામાં આવ્યા છે. જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

રાજકોટથી વિરપુર તરફ જતા હાઈવે પાસે ઓવરબ્રિજ નજીક બોર્ડના વિદ્યાર્થીઓએ લખેલી ગુજરાતીની ઢગલાબંધ ઉત્તરવહીઓ મળી આવી હતી. આ જ પ્રકારે ગોંડલ હાઈવે પર શિતળા માતાજીના મંદિર પાસેથી ઉત્તરવહીના ત્રાણ થેલા મળી આવ્યા હતા. હાઈબોન્ડ સિમેન્ટ કંપનીના ડ્રાઈવરને આ અંગે જાણ થતા તેણે વિદ્યાર્થીઓનું ભાવી ખરાબ ના થાય તે માટે જાણ કરી હતી. કેટલીક ઉત્તરવહીઓ ફાટી ગયેલી સ્થિતિમાં મળી આવેલ છે. પ્રાથમિક તપાસ મુજબ આ ઉત્તરવહીઓ પર બારકોડ લગાવેલા છે અને તે મહેસાણા જિલ્લાના બોર્ડના વિદ્યાર્થીઓએ લખી હોવાનું જણાય છે. જો કે વધુ વિગતો તપાસ બાદ સ્પષ્ટ થઈ શકે તેમ છે.

આ થેલા અજીતસિંહ જાદવ નામની વ્યક્તિને સવારના સમયે મળ્યા હતા, જોકે તેઓ જે વાહનમાંથી આ ઉત્તરવહીના પોટલા પડ્યા તેને પરત કરવાનું વિચારે તે પહેલા તો વાહન ઘણું આગળ નીકળી ગયું હતું. આ પછી તેમની મદદથી આ પોટલા જિલ્લા શિક્ષણ વિભાગની કચેરી પર પહોંચ્યા હતા.

બોર્ડનું વર્ષ વિદ્યાર્થીઓ માટે કપરું હોય છે અને સમગ્ર વર્ષ દરમિયાન લાખો વિદ્યાર્થીઓ તનતોડ પરિશ્રમ કરીને બોર્ડની પરીક્ષા આપતા હોય છે ત્યારે આખરે તેમની મહેનત રૂપી ઉત્તરવહીઓ આ રીતે રસ્તા પર રઝળતી સ્થિતિમાં જોવા મળતા તંત્ર સામે અનેક સવાલ ઉભા થાય છે. બોર્ડ દ્વારા સલામત રીતે ગાડીઓમાં ઉત્તરવહીઓ એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવામાં આવતી હોય છે ત્યારે આ પ્રકારે ઉત્તરવહીઓ રસ્તા પરથી મળી આવતા બોર્ડની કામગીરી સામે પ્રશ્નાર્થ ઊભો થયો છે. અગાઉ પણ કેટલીક વખત ગાડીઓમાંથી ઉત્તરવહીઓ પડી જતા રસ્તા પરથી મળી આવી હોવાના દાખલા બન્યા છે.

સિરિયલ કિલર નિલયે અમદાવાદના ગન હાઉસ માલિકની હત્યાની સોપારી લીધેલી



(જી.એન.એસ)રાજકોટ,તા.૧૮

સિરિયલ કિલર નિલેષ ઉર્ફે નિલય મહેતાની ધરપકડમાં મોટો ખુલાસો છે. નિલયે અમદાવાદના ઉદય ગનહાઉસના મલિક ઉદયસિંહ ભદોરિયાની હત્યાની સોપારી લીધી હોવાનું ખુલ્યું છે. જેલમાં રહેલા શખ્સ મારફતે સોપારી લીધી હતી. પેરોલ જમ્પ કરી નિલય મહેતા ગનહાઉસના માલિકની હત્યા કરવાનો હતો. ક્રાઈમ બ્રાન્ચે નિલયનો જેલમાંથી કબ્જો લેશે. ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધવા કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવમાં ક્રાઈમ બ્રાન્ચે પ્રદીપ નરસિંહ રાજપૂત, કિશોર ઉર્ફે રવિ કોસ્ટી અને વસીમ ઈકબાલ કથીરીની ધરપકડ છે. આરોપી વસીમ કથીરી ગુજરાતનો નામચીન હથિયાર સપ્લાયર છે. આરોપીઓ પાસેથી ૮ દેશી પિસ્તોલ, ૧૦ દેશી તમંચા, ૮ ખાલી મેગઝીન, ૩૯ જીવતા કાર્ટીસ કબ્જે કર્યા છે.

રાજકોટ અને સુરેન્દ્રનગરમાં ૬-૬ હત્યા કરી સિરિયલ કિલર તરીકે પંકાયેલો અને એક હત્યા કેસમાં આજીવન કેદની સજા બાદ પેરોલ જમ્પ કરી નાસતા ફરતા ખોડિયારપરા-૧૫ના નિલય ઉર્ફે નિલેષ ઉર્ફે મુન્નો નવીનચંદ્ર મહેતાને રાજકોટ ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ પી.એમ.ધાખડા સહિતની ટીમે ચોક્કસ માહિતીના આધારે એક વર્ષ બાદ ઝડપી લીધો હતો. ગલોફામાં બ્લેડ રાખી હત્યા, લૂંટના બનાવને અંજામ આપવાની એમઓ ધરાવતા નિલયને પકડી પાડ્યા બાદ તેના ખિસ્સામાંથી બ્લેડ સાથેનું માચિસ મળી આવ્યું હતું.

શાપર-વેરાવળમાં ધડાકો થતાં દુકાન ધરાશાયીઃ ૧૦ કિમી સુધી અવાજ સંભળાયો



રાજકોટ

શાપર-વેરાવળમાં વેરાવળ મેઈન રોડ પર આવેલ યોગી કોમ્પલેક્ષમાં નીચેની દુકાનમાં ધડાકો થતા દુકાન ધરાશાયી થઈ હતી. અમુલ દૂધનું વેચાણ કરતા નાનજીભાઈ લક્ષ્મણભાઈ લીંબાસીયા સવારે દૂધના વેચાણ માટે દુકાન ખોલી મંદિરે દર્શન કરવા ગયા હતા. ત્યારે અચાનક જ તેની દુકાનમાં પ્રચંડ ધડાકો થયો હતો. આ ધડાકાથી દુકાન ધરાશાયી થઈ ગઈ હતી. તેમજ આજુબાજુની દુકાનોને પણ નુકશાન થયુ હતું. આ પ્રચંડ બ્લાસ્ટ ક્યા કારણે થયો ? તે જાણવા પોલીસે એફએસએલની મદદ માગી છે. તપાસમાં ધડાકાનું સાચુ કારણ બહાર આવશે. આ ધડાકાનો અવાજ ૧૦ કિમી સુધી સંભળાયો હતો.

વહેલી સવારે પ્રચંડ બ્લાસ્ટનો આ અવાજ ૧૦ કિ.મી. સુધી સંભળાતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો અને આ ધડાકો ક્યાં થયો? તે અંગે તપાસ હાથ ધરી હતી. દુકાનમાં ધડાકો થતા ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. બનાવની જાણ થતા વેરાવળના સરપંચ ગોવિંદભાઈ રાઠોડ, મામલતદાર તથા શાપર-વેરાવળના ASI વરજાંગભાઈ ઘટનાસ્થળે દોડી ગયા હતા. દુકાનના માલિક નાનજીભાઈ લીંબાસીયાના જણાવ્યા મુજબ ભૂગર્ભમાં આ પ્રચંડ ધડાકો થયો હતો. જેના કારણે તેની દુકાન તથા આજુબાજુની દુકાનમાં નુકશાન થયુ હતું.

કોરોના અસરઃ અમદાવાદીમાં બીઆરટીએસ-એએમટીએસમાં મુસાફરો ઘટ્યા

અમદાવાદ

ગુજરાત સરકારએ કોરોના વાયરસના સંક્રમણને ફેલાતું અટકવવા માટે ૧૬ માર્ચથી ૨૯ માર્ચ સુધી શાળા, કોલેજો અને મલ્ટીપ્લેક્સ બંધ રાખવાનો નિર્ણય લીધો છે. બીજી તરફ, રાજ્યના જાણીતા પર્યટન સ્થળોને પણ કોરોનાની દહેશતને જોતાં બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કોરોના વાયરસથી બચવા માટેના સરકાર તરફથી જાગૃતિ અભિયાન હાથ ધરવાના કારણે લોકોમાં પણ જાગૃતતા જોવા મળી રહી છે. અમદાવાદમાં પબ્લિક ટ્રાન્સપોર્ટેશનમાં મહત્વની ભૂમિકા અદા કરતી બીઆરટીએસ અને એએમટીએસમાં પણ મુસાફરોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે.

એએમટીએસનું પાલડી બસ ટર્મિનસ ખાતે વહેલી સવારથી મુસાફરોથી ધમધમી ઉઠતું હોય છે. પરંતુ તસવીરો જોતાં સ્પષ્ટ થઈ જાય છે કે લોકો જાગૃતતાના કારણે પબ્લિક ટ્રાન્સપોર્ટનો શક્ય હોય ત્યાં સુધી ઉપયોગ કરવાનું ટાળી રહ્યા છે.

સામાન્ય રીતે પિક-અવર્સમાં પાલડી બસ ટર્મિનસ ખાતે ૧૦૦૦થી ૧૫૦૦ જેટલા મુસાફરો જોવા મળતા હોય છે. જ્યારે બુધવારની સ્થિતિ એવી છે કે ગણીને ૧૦૦-૧૫૦ મુસાફરો જોવા મળી રહ્યા છે.

પાલડી બસ ટર્મિનસના કન્ટ્રોલર ગેમરભાઈ દેસાઈએ જણાવ્યું કે, મુસાફરોમાં ૫૦ ટકાનો ઘટાડો થઈ ગયો છે. ઓફિસ શરૂ થતાં અને છૂટતી વખતે પાલડી ખાતે ૧૦૦૦થી ૧૫૦૦ લોકોનો ઘસારો હોય છે તેમાં ૫૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. લોકો ભીડમાં જવાનું ટાળી રહ્યા છે.

ધારીમાં જે.વી.કાકડિયા હાય...હાયના પોસ્ટરો લાગ્યા



ધારી

રાજ્યસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસના ધારાસભ્ય પદેથી રાજીનામું આપનર જે.વી.કાકડીયા સામે વિરોધનો વંટોળ જોવા મળી રહ્યો છે. ધારી પંથકના ગામડાંઓમાં જે.વી.કાકડીયા વિરૂદ્ધ બેનરો લાગ્યાં છે. મતના સૌદા કરનારાને ગામમાં પ્રવેશ નહીં જેવા બેનર લાગ્યાં છે. ધારીના છતડીયા અને કુબડા ગામોમાં આ પ્રકારનાં બેનર લાગ્યાં છે. આ ઉપરાંત ગ્રામવાસીઓએ જે.વી.કાકડીયા હાય.. હાય અને વેચાયેલો માલ ગામમાં ન પ્રવેશે જેવાં સૂત્રોચ્ચારો પણ સાંભળવા મળ્યા હતા. જે.વી.કાકડીયા ગદ્દાર હોવાના સૂર ગામડાંઓમાં ઊઠી રહ્યાં છે. કોંગ્રેસના ૫ ધારાસભ્યોએ રાજીનામા આપ્યા હતા. જેમાં અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, લીંબડીના ધારાસભ્ય સોમા ગાંડા પટેલ, ધારીના ધારાસભ્ય જે.વી.કાકડિયા, ગઢડાના ધારાસભ્ય પ્રવીણ મારૂ અને ડાંગના ધારાસભ્ય મંગળ ગાવિતે પણ રાજીનામા આપ્યા હતા.

ઓનલાઈન મની ટ્રાન્સફરમાં વધુ કમિશન મેળવવાની લાલચમાં વેપારીએ ૩ લાખ ગુમાવ્યાં

અમદાવાદ

ઓનલાઈન મની ટ્રાન્સફર કરતા વેપારીઓને ચેતવતો એક કિસ્સો અમદાવાદના ઠક્કરબાપાનગર વિસ્તારમાં બન્યો છે. કેશ પેમી નામના વેબ પોર્ટલથી ઓનલાઈન મની ટ્રાન્સફર માટે વધુ કમિશન મળશે તેમ કહી રોકડા રૂપિયા લઈ ગ્રાહકોના ખાતામાં ૩ લાખ રૂપિયા જમા ન કરીને ઠગ ટોળકીએ છેતરપિંડી આચરી હતી. વેપારીએ આ મામલે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

નિકોલની નારાયણ રેસિડેન્સી વિસ્તારમાં રહેતા મૃગેશ પટેલ ઠક્કરબાપાનગરમાં યુનિવર્સલ સાઈબર કાફે ધરાવી મની ટ્રાન્સફરનું કામ કરે છે. મૃગેશભાઈની ઓફિસમાં દીપક અને અંશુલ શાહ નામના બે વ્યક્તિ આવ્યા હતા અને કેશ પેમી નામના વેબ પોર્ટલથી મની ટ્રાન્સફર કરશો તો વધુ કમિશન મળશે તેમ કહ્યું હતું. બંનેની આવી વાત બાદ મૃગેશે હું આ બાબતે વિચાર કરીશ તેમ જણાવ્યું હતું. બીજા દિવસે ફરી બંને લોકો આવ્યા હતા અને વેબ પોર્ટલ વિશે વાત કરી કેશ પેમીમાં આઈડી બનાવ્યું હતું. જે બાદમાં વેપારી પાસેથી રોકડ રકમ લઈને આ આઈડીમાં પૈસા જમા કરી આપ્યા હતા. આ પૈસા તેણે તેમના ગ્રાહકોના અલગ અલગ ખાતામાં મોકલી આપ્યા હતા. આ મામલે કૃષ્ણનગર પોલીસે ગુનો નોંધી આ બાબતે તપાસ શરૂ કરી છે.

કોરોના વાયરસને પગલે વડોદરામાં સયાજીબાગને બંધ કરાયો

વડોદરા

કોરોના વાઈરસ ને ફેલાતો રોકવા હાલ ગુજરાતમાં શક્યત તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. તમામ જાહેર સ્થળો પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. ગુજરાતના પ્રખ્યાત મંદિરો તથા પ્રવાસન સ્થળો પણ પ્રવાસીઓ માટે બંધ કરી દેવાયા છે. ત્યારે મધ્ય ગુજરાતનો સૌથી મોટો સયાજીબાગ પણ બંધ કરવામાં આવ્યો છે.

વડોદરા મહાનગર પાલિકા દ્વારા સયાજીબાગ પ્રાણી સંગ્રહાલય બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. શહેરમાં આવેલો સયાજીબાગ એ મધ્ય ગુજરાતનો સૌથી મોટો બાગ છે. જ્યાં મોટી સંખ્યામાં સમગ્ર રાજ્ય તેમજ રાજ્ય બહારથી સહેલાણીઓ મુલાકાત લેતા હોય છે. કોરોના વાઈરસે લોકોમાં ભયનો માહોલ ઉભો કર્યો છે, ત્યારે પાલિકા દ્વારા આજથી ૨૯ તારીખ સુધી પ્રાણી સંગ્રહાલય બંધ રાખવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી લોકોને કોરોના વાઈરસ સામે રક્ષણ મળી શકે તેમજ મૂંગા પક્ષીઓના સ્વાસ્થ્યને પણ નુકશાન ન થાય.

સામાન્ય દિવસોમાં જે પ્રાણી સંગ્રહાલય પક્ષીઓ તેમજ લોકોના શોરથી ગુંજતું હોય છે, આજે ત્યાં સન્નાટો છવાઈ ગયો છે. વધુમાં વાત કરીએ તો પાલિકા દ્વારા પ્રાણી સંગ્રહાલયના મુખ્ય દ્વાર પર જાહેર જનતા માટે નોટિસ લગાવવામાં આવી છે.

ગાંધીનગરમાં ૪૦૫ કરોડના ખર્ચે મેટ્રો ટ્રેનની સ્પીડ ૨૫થી વધારી ૮૦ કિ.મી કરશે

ગાંધીનગર

૨૦૨૦-૨૧માં મેટ્રો ટ્રેનની સ્પીડમાં વધારો કરવા માટે સરકારે ૪૦૫ કરોડની ફાળવણી કરી છે. હાલમાં મેટ્રોની સ્પીડ ૨૫ કિ.મીની છે જેને વધારીને હવે ૮૦ કિ.મી કરવામાં આવશે. સાથે જ નવા સ્ટેશનો અને અન્ડર ગ્રાઉન્ડ ટ્રેનેજની કામગીરી પણ શરૂ કરવામાં આવશે.

મેટ્રોમાં પેસેન્જરોની સુરક્ષા પર વધારે ધ્યાન આપવામાં આવ્યું છે. પેસેન્જર નીચે ટ્રેક પર ન પડે તે માટે પ્લેટફોર્મ પર સ્કીનગાર્ડ લગાવ્યાં છે. આ સ્કીનગાર્ડ ટ્રેનના આવવા પર જ ખુલે છે અને પેસેન્જર ટ્રેનમાં બેસી જાય ત્યાર બાદ ઓટોમેટિક બંધ થઈ જાય છે. સ્ટેશન પર મેટલ ડિટેક્ટર, સ્કેનર મશીન પણ છે જેના કારણે ટિકિટ લીધા વગર સ્ટેશનથી આગળની મુસાફરી નહીં કરી શકાય. સ્ટેશને ઓટોમેટિક ફેર કલેક્શન ગેટ છે. મેટ્રો ટ્રેન સંપૂર્ણ ઓટોમેટીક સંચાલિત છે. જોકે ટ્રેન પાયલટની હાજરી રહેશે.

ફિલિપાઈન્સમાં ફસાયેલા ૨૦૦થી વધુ ગુજરાતીઓ ગુજરાત લવાશેઃ નીતિન પટેલ

ગાંધીનગર

નાયાબ મુખ્યમંત્રી નીતિન પટેલે ફિલિપાઈન્સમાં ફસાયેલા ગુજરાતીઓને હેમખેમ ગુજરાત લાવવા માટે તમામ પ્રયાસો કરાઈ રહ્યા હોવાનું જણાવ્યું હતુ. ફિલિપાઈન્સમાં ૨૦૦થી વધુ ગુજરાતીઓ ફસાયા છે. અને કોરોના વાયરસના હાહાકારને પગલે ફિલિપાઈન્સ સરકારે વતન પરત જતા લોકોને ૧૯મી માર્ચના રાતના ૧૨ વાગ્યા સુધી દેશ છોડી જવાની પરવાનગી આપી છે ત્યારબાદ ફિલિપાઈન્સના પાટનગર મનીલાને લોક ડાઉન કરવામાં આવશે. કોરોના વાયરસને કારણે વિદેશમાં અભ્યાસ કરવા ગયેલા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે. મહામારી વચ્ચે ફિલિપાઈન્સમાં ગુજરાતી અને ભારતના અન્ય રાજ્યના વિદ્યાર્થીઓ ફસાયા છે. હાલમાં ફિલિપાઈન્સની રાજધાની મનિલાને લોકડાઉન કરવામાં આવી છે. જેના કારણે ત્યાં રહીને એમબીબીએસના વિદ્યાર્થીઓ ફસાયા છે જેમાં એકલા મનિલામાં ગુજરાતી ૨૫થી ૨૬ જેટલા વિદ્યાર્થીઓ ફસાયેલા છે. ત્યારે ફિલિપાઈન્સમાં ફસાયેલ ગુજરાતીઓ અંગે નીતિન પટેલે કહ્યું કે ફિલિપાઈન્સથી વિધાર્થીઓ પરત આવવા માંગે છે. ત્યારે અમે સમગ્ર મામલે મુખ્ય સચિવને વિદેશ મંત્રાલય સાથે વાત કરવાનુ કહ્યુ છે. અને વિદેશ મંત્રીએ પણ સ્પેશિયલ પ્લેન મોકલી અને તમામને પરત લાવવાની ખાતરી આપી છે.

રાજ્ય સરકારે મહાત્મા મંદિરમાં ૫૦ કાર્યક્રમ કર્યા, પણ હજુ ૪૫ લાખનું ચૂકવણું બાકી

ગાંધીનગર

મહાત્મા મંદિર ખાતે રાજ્ય સરકાર અને ખાનગી કંપનીઓ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેમાં છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે મહાત્મા મંદિર ખાતે કુલ ૫૦ જેટલા કાર્યક્રમોનું આયોજન કર્યું હતું, પરંતુ હજુ સુધી રાજ્ય સરકારે બાકીના નાણા મહાત્મા મંદિરને ચૂકવ્યાં ન હોવાનું વિધાનસભા ગૃહમાં સામે આવ્યું હતું. છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારને ૪૫ લાખથી વધુની રકમ મહાત્મા મંદિરને ચૂકવવાની બાકી હોવાનું વિધાનસભા પ્રશ્નોત્તરી દરમિયાન સામે આવ્યું હતું.

પ્રશ્નોત્તરી કાળ દરમિયાન મહાત્મા મંદિરમાં થયેલા કાર્યક્રમ બાબતે સવાલ કરવામાં આવ્યો હતો. જેમાં છેલ્લાં બે વર્ષમાં કેન્દ્ર સરકાર રાજ્ય સરકાર અને ખાનગી કાર્યક્રમો કેટલા આયોજન કરવામાં આવ્યા છે તે અંગેની વિગત માંગવામાં આવી હતી. આ ઉપરાંત કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ખાનગી અને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર પાસે કેટલા રૂપિયાની વસૂલાત બાકી છે તે અંગેના પણ પ્રશ્નો કર્યા હતાં. જેમાં રાજ્ય સરકારે જ લેખિતમાં જવાબ આપ્યો હતો કે વર્ષ ૨૦૧૮માં રાજ્ય સરકારે ૨૨ કાર્યક્રમનું આયોજન કર્યું હતુ. જ્યારે વર્ષ ૨૦૧૯માં ૨૮ જેટલા કાર્યક્રમોનું આયોજન મહાત્મા મંદિર ખાતે કરવામાં આવ્યું હતું.

મેટ્રોમોનિયલ પરથી લગ્ન કરવા માંગતી યુવતીઓ ચેતજો..

યુવકે લગ્નની લાલચ આપી ૩૦ વર્ષીય યુવતી સાથે દુષ્કર્મ આચર્યુ

અમદાવાદ

હાલ અનેક યુવક યુવતીઓ ઓનલાઈન વેબસાઈટ પરથી લગ્ન માટે પાત્ર શોધતા હોય છે. પણ અનેક લોકોના ઘર બનતા હોય છે તો કેટલાક લોકોને કડવો અનુભવ થતો રહેતો હોય છે. અને આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં એક યુવતીએ શાદી ડોટ કોમ પરથી યુવક ને લગ્ન માટે પસંદ કર્યા બાદ યુવકે લગ્નની લાલચ આપીને બળાત્કાર ગુજાર્યો હતો. પણ યુવકે લગ્ન ન કરતા યુવતીએ યુવક સામે ફરિયાદ નોંધાવી છે.

ચાંદખેડા માં રહેતી ૩૦ વર્ષીય યુવતી એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે. વર્ષ ૨૦૧૮ માં તેનો પરિવાર લગ્ન માટે તેના માટે યુવકની શોધ માં હતો. દરમિયાનમાં આ યુવતીએ શાદી ડોટ કોમ પર પ્રોફાઈલ બનાવી અને બાદમાં રજિસ્ટ્રેશન કર્યું હતું. તે દરમિયાન પોતાની જ મરાઠી જ્ઞાતિનો એક યુવક તેના ધ્યાનમાં આવ્યો હતો.

બને વચ્ચે મુલાકાત થઈ અને બાદમાં રૂબરૂ મળ્યા હતા. યુવકે પોતાના પ્રેમનો એકરાર કર્યો અને બને વચ્ચે લગ્ન કરવાની શરતે પ્રેમ સંબંધ બંધાયો હતો. આ દરમિયાન બને વચ્ચે મુલાકાત વધી અને એકબીજા સાથે હરવા ફરવા લાગ્યા હતા. આ દરમિયાન યુવક યુવતીને અનેક વાર હોટલમાં લઈ જતો અને જબર દસ્તીથી યુવતીને લગ્નની લાલચ આપીને શારીરિક સંબંધ બંધતો હતો.

ટ્રાફિક પોલીસે વાહનચાલકો પાસે દંડને બદલે પૈસા પડાવ્યા, વીડિયો વાઈરલ

અમદાવાદ

શહેરમાં ટ્રાફિક સમસ્યાને લઈ એએમસી અને ટ્રાફિક પોલીસે ૨૧ માર્ચ સુધી મેગા ડ્રાઈવનું આયોજન કર્યું છે.ડ્રાઈવ દરમ્યાન ટ્રાફિક પોલીસ દંડ લેવાની જગ્યાએ પૈસા આપી પતાવટ કરતી હોવાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. નારણપુરા પાસે અંકુર ચાર રસ્તાથી પલ્લવ ચાર રસ્તા વચ્ચે દબાણ હટાવવાની કામગીરી દરમિયાન ટ્રાફિક પોલીસે હેલ્મેટ, નો-પાર્કિંગ સહિતના નિયમ ભંગ બદલ કેટલાક વાહનચાલકો પાસેથી ટ્રાફિક પોલીસે દંડ લેવાના બદલે પૈસા પડાવતો હોવાનો આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. વીડિયોમાં દેખાતો પોલીસકર્મી બી ટ્રાફિક ડિવિઝનમાં ફરજ બજાવતા હોવાનું બહાર આવ્યું છે.

ટ્રાફિકની મેગા ડ્રાઈવ દરમ્યાન નારણપુરા વિસ્તારમાં આવેલ અંકુર ચાર રસ્તાથી પલ્લવ ચાર રસ્તા સુધી દબાણ હટાવવાની કામગીરી ચાલી રહી હતી. તે દરમ્યાન ટ્રાફિક પોલીસ પણ નિયમ ભંગ કરતા વાહનચાલકોને ઝડપીને દંડ વસુલ કરતી હતી. જો કે, કેટલાક ટ્રાફિક પોલીસ દ્વારા ડ્રાઈવના નામે માત્ર પૈસા પડાવવાની ડ્રાઈવ હોય તે રીતે વાહનચાલકો પાસેથી દંડ લેવાના બદલે પૈસા પડાવ્યા હતા. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા ટ્રાફિક પોલીસની કામગીરી સામે સવાલ ઉભા થઈ રહ્યા છે. વાઈરલ વીડિયોમાં જોવા મળતા પોલીસકર્મીઓ સામે પગાલાં ભરાશે કે કેમ?

જૂનાગઢ જિલ્લા પંચાયતનું વર્ષ ૨૦૨૦-૨૧નું બજેટ સર્વાનુમતે કરાયું મંજૂર

જૂનાગઢ

કોંગ્રેસ શાસિત જૂનાગઢ જિલ્લા પંચાયતનું વર્ષ ૨૦૨૦-૨૧નું અંદાજપત્ર બુધવારે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. અંદાજિત ૧૦ કરોડના પુરાંતવાળા આ બજેટ અંગે સામાન્ય સભામાં ભાજપ અને કોંગ્રેસના સભ્યોએ સર્વ સહમતિ દાખવી હતી. ત્યારબાદ અંદાજપત્રને મંજૂર કરવામાં આવ્યું હતું.

જૂનાગઢ મનપાની સામાન્ય ચૂંટણી અગાઉ આ અંતિમ બજેટ હતું. જે અંગે શાસક અને વિપક્ષના સભ્યો એક મત થયા અને અંદાજપત્રને સર્વાનુમતે પસાર થવામાં કોઈ વિક્ષેપ કે અડચણ જોવા મળી ન હતી. પરંતુ બજેટની કેટલીક નાણાકીય જોગવાઈને લઈને ચડસા-ચડસીનો માહોલ જોવા મળ્યો હતો. આ ચર્ચાને અંતે બજેટ પર મંજૂરીની મહોર મારવામાં આવી હતી.

ગત પંચાયતની સામાન્ય ચૂંટણીમાં જૂનાગઢ જિલ્લા પંચાયત પર કોંગ્રેસનું શાસન સ્થપાયું હતું. ત્યારબાદ પ્રમુખ કારોબારી સમિતિના ચેરમેન સહિત કેટલાક સભ્યોએ કોંગ્રેસનો સાથ છોડી કેસરીયો ધારણ કર્યો હતો. ચૂંટણી અગાઉ આ અંતિમ જનરલ બોર્ડ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ઉગ્ર ચર્ચાઓ બાદ મંજૂર થશે તેવી શક્યતાઓ હતી.

કોરોના વાયરસના કારણે ચોટીલા સહિતના ચાર પ્રખ્યાત મંદિરો કરાયા બંધ

અમદાવાદ

કોરોના વાયરસને લઈને સુરેન્દ્રનગરના કલેક્ટર કે. રાજેશે ચોટીલા મંદિર બંધ રાખવાનો નિર્ણય લીધો હતો. સાવચેતીના ભાગરૂપે ચામુંડા માતાના પ્રખ્યાત મંદિરની સાથે વઢવાણ પાસે આવેલું વડવાળા મંદિર, સાયલાનું લાલજી મંદિર અને કચ્છના નાના રણમાં આવેલું મંદિર પણ બંધ રખાશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગુજરાતી ચૈત્ર મહિનો નજીક આવી રહ્યો છે ત્યારે વહીવટીતંત્રને લાખો ભક્તો દર્શન તેમજ મેળામાં ભાગ લેશે તેવી અપેક્ષા હતી.

અમદાવાદમાં આવેલું પ્રખ્યાત કેમ્પ હનુમાન મંદિર પણ ૨૯ માર્ચ સુધી ભક્તો માટે બંધ રહેશે, તેવું અમદાવાદ કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા એક જાહેરનામામાં કહેવાયું છે.

જો કે, ધાર્મિક સ્થળો માટે રાજયવ્યાપી કોઈ પગલું લેવામાં આવ્યું નથી. કેટલાક મંદિરોએ ભક્તો માટે ઓનલાઈન દર્શન શરૂ કર્યા છે, સાથે જ જરૂરી ન હોય તો ભક્તોને મંદિરમાં ન આવવાની અપીલ કરી છે. માસ્ક અને હેન્ડસેનિટાઈઝર ભક્તોને પહેલાથી જ આપવામાં આવ્યા છે.

વડોદરામાં સ્પેનથી પરત ફરેલા યુવાનમાં શંકાસ્પદ લક્ષણો જણાતા દાખલ

વડોદરા

દેશમાં કોરોના વાઈરસની મહામારી વચ્ચે સ્પેનથી વડોદરા પરત ફરેલા યુવાનની તબિયત લથડતા સયાજી હોસ્પિટલમાં સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું અને આઈસોલેશન વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો હતો.

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં રહેતો ૩૯ વર્ષીય યુવાન તાજેતરમાં જ સ્પેન ગયો હતો. જ્યાં તેને સતત ૩ દિવસ શરદી-ખાંસી શરૂ થવા સાથે તબિયત લથડતા વડોદરા પરત આવી ગયો હતો. અને મંગળવારે મોડી રાત્રે તે સયાજી હોસ્પિટલમાં દોડી ગયો હતો. હોસ્પિટલ દ્વારા તેનામાં કોરોનાના પ્રાથમિક લક્ષણો જોઈને આઈસોલેશન વોર્ડમાં દાખલ કરી દીધો હતો. આ ઉપરાંત કોરોના વાઈરસની દહેશત વચ્ચે વડોદરા સયાજી હોસ્પિટલમાં શરદી-ખાંસીના દર્દીઓ તપાસ માટે દોડી આવ્યા હતા. જોકે, પ્રાથમિક તપાસમાં શહેરના ૩ વ્યક્તિઓમાં સ્વાઈન ફ્લૂના શંકાસ્પદ લક્ષણો જણાઈ આવ્યા હતા. તેમ છતાં હોસ્પિટલ દ્વારા ચોક્કસ નિદાન માટે તેઓના જરૂરી સેમ્પલો લઈને તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે.

આજી ડેમમાં નર્મદાના નીર આવતાં લોકોમાં ખુશી

રાજકોટ

ઉનાળાના પ્રારંભમાં જ રાજકોટના આજીડેમમાં ૨૦ દિવસ ચાલે તેટલું પાણી હતું. આથી મનપાએ સરકારને સૌની યોજના મારફત ડેમ ભરવા રજૂઆત કરી હતી. આ રજૂઆતને લઈને આજે આજીડેમમાં નર્મદાના નીર આવી પહોંચતા લોકોમાં ખુશી જોવા મળી રહી છે.

વાંકાનેર મચ્છુ ૧ ડેમ પાસેથી ૩૦ કિલોમીટરનું અંતર કાપી સૌની યોજનાનું પાણી આજીડેમ પહોંચ્યું છે. હવે ઉનાળામાં પણ સૌની યોજનાનું પાણી દૈનિક વિતરણ થશે. આશરે સાત લાખ લોકોને સૌની યોજનાના પાણીથી રાહત થશે. ચાલુ સિઝનમાં ઉનાળા પહેલા સરકારે સૌની યોજના રાજકોટ માટે કાર્યાન્વીત કરી સૌની યોજનાનું પાણી ત્રંબા ગામ ખાતે ત્રિવેણી સંગમ ખાતે પહોંચાડ્યું છે. ત્રિવેણી સંગમ ખાતે નદી મારફત પાણી આજીડેમ પહોંચી રહ્યું છે.

રાજ્યમાં શુદ્ધ પીવાના પાણીની અછતઃ ૫૫૨૭૨ નમૂના બિનપ્રમાણિત નીકળ્યા

અમદાવાદ

ગુજરાત વિધાનસભા સત્રમાં પીવાના પાણીને લઈને ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. છેલ્લા બે વર્ષમાં રાજ્યભરમાં લેવામાં આવેલા પાણીના નમૂનામાંથી ૫૫,૨૭૨ નમૂના બિનપ્રમાણિત નીકળ્યા હોવાની ચર્ચા વિધાન સભામાં કરવામાં આવી છે. મોટા પ્રમાણમાં પીવાના પાણીના નમૂના ફેલ જતા કોંગ્રેસે સરકાર ઉપર પ્રહાર કર્યા હતા. રાજ્યના અલગ-અલગ જિલ્લાઓના નાગરિકોને પીવાનું પૂરતું અને ચોખ્ખું પાણી ન મળવાના કારણે રોગચાળો વધુ ફેલાય છે. પીવાના પાણીની સૌથી વધુ સમસ્તા ગ્રામીણ વિસ્તારમાં જોવા મળી રહી છે. બાળકોના કુપોષણનું પ્રમાણ વધારે હોવા પાછળ પર ચોખ્ખું પાણી ન મળવું જ છે. રાજ્યભરમાંથી પાણીના નમૂના લેવામાં આવ્ય હતા. ત્યારે દૂષિત પાણીમાં દાહોદ જિલ્લો રાજ્યમાં નંબર એક પર છે. જિલ્લામાં ૧૧૦૦૦થી વધુ નમૂના બિન પ્રમાણિત નીકળ્યા છે. અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર સહિતના મોટાભાગના જિલ્લાઓમાં દૂષિત પાણીની સમસ્યા છે. જેના કારણે રોગચાળાનો ખતરો વધી રહ્યો છે. પાણી પુરવઠા વિભાગે પાણી ગુણવત્તા સુધારવા માટે તમામ વિસ્તારોને સરફેસ સોર્સ આધારીત જૂથ યોજનામાં જોડાઈ દેવાયા છે.

કોરોના ઈફેક્ટઃ આઠ જિલ્લાના પ્રભારી સચિવ બદલાયા

અમદાવાદ

કોરોના વાઈરસને કારણે તાત્કાલિક અસરથી ૮ જિલ્લાના પ્રભારી સચિવને બદલવામાં આવ્યા છે. હાલ સમગ્ર વિશ્વની સાથે સાથે ગુજરાતમાં પણ આરોગ્યની ઉભી થયેલી પ્રવર્તમાન સ્થિતિ અંગે લોકપ્રશ્નોનું મોનિટરીંગ કરવા માટે પ્રભારી સચિવ બદલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.જેમાં અમદાવાદમાં પ્રભારી સચિવ તરીકે મુકેશકુમાર, જામનગરમાં પ્રભારી સચિવ તરીકે એસ.એમ.પટેલ, કચ્છનાં પ્રભારી સચિવ તરીકે એ મ.થો ન્નારસન, છોટાઉદેપુરમાં પ્રભારી સચિવ તરીકે મમતા વર્મા,મોરબીમાં પ્રભારી સચિવ તરીકે મનિષા ચંદ્રાની નિયુક્તિ કરવામાં આવી છે. જ્યારે આઠ જિલ્લા સિવાયનાં અન્ય જિલ્લામાં પ્રભારી સચિવોને યથાવત રાખવામાં આવ્યા છે.

ગુજરાતમાં કોરોના? સિવિલમાં દાખલ લુણાવાડાના દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યાની આશંકા

અમદાવાદ

ગુજરાતમાં લુણાવાડાના વૃદ્ધનો કોરોના ટેસ્ટનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાની આશંકા છે. અહીંની હોસ્પિટલમાં આ વૃદ્ધનો ટેસ્ટ પોઝિટીવ હોવાનું કહેવાય છેઅને તેની ફેરચકાસણી માટે સેમ્પલને પૂણેની લેબોરેટરીમાં રિફર કરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગ કે કોઈ મેડિકલ ઓફિસર આ અંગેની પુષ્ટિ કરતા નથી. અલબત્ત, જો આ ટેસ્ટ પોઝિટીવ પુરવાર થશે તો કોરોનાના ચેપથી અસરગ્રસ્ત ગુજરાતાંનો આ પહેલો કેસ બની રહેશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, સ્થાનિક લેબમાં રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ તેના રિચેકિંગ માટે વૃદ્ધનું સેમ્પલ પુણે લેબમાં મોકલી આપવામાં આવ્યું હતું. વૃદ્ધને સિવિલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં સારવાર માટે રાખવામાં આવ્યા છે. વૃદ્ધોના રિપોર્ટ પછી હેલ્થ વિભાગ દ્વારા આ વૃદ્ધના પરિવારજનોનું સ્ક્રીનીંગ શરૂ કરાયું હોવાનું પણ સૂત્રોએ કહ્યું હતું. બીજી તરફ, મંગળવારે અમદાવાદમાં પણ એક શંકાસ્પદ દર્દીને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

સિવિલ હોસ્પિટલમાં રવિવારે લુણાવાડાના ૭૪ વર્ષના વૃદ્ધને દાખલ કરવામાં આવ્યા હતા. તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, વૃદ્ધ થોડા સમય પહેલાં જ મક્કા-મદીના ગયા હતા. ત્યાંથી પરત ફર્યા બાદ તેમને શ્વાસ લેવામાં તકલીફ પડી હતી અને તાવ આવ્યો હતો. જેની ખાનગી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ કોરોના વાયરસના શંકમંદ તરીકે સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ રવિવારે જ ટેસ્ટ માટે તેમનું સેમ્પલ લઈ બી.જે. મેડિકલ કોલેજની લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યું હતું. સોમવારે રાત્રે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો, તેમ સૂત્રોએ કહ્યું હતું.

દૈવી સ્વરૂપ પ્રાપ્ત થશે તારે થોડો ભોગ આપવો પડે તેમ જણાવી ૭ વખત દુષ્કર્મ આચર્યું

બગલામુખી મંદિરના પ્રશાંત ઉપાધ્યાય સામે નોંધાઈ બળાત્કારની ફરિયાદ

વડોદરા

વેપારી અને દંપતી સાથે છેતરપિંડીના બે અલગ-અલગ કેસમાં જેલની હવા ખાઈ રહેલા બગલામુખી મંદિરના પ્રશાંત ઉપાધ્યાય સામે હવે બળાત્કારની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ મુજબ પારિવારિક મુશ્કેલીઓથી ત્રાસેલી મહિલાએ પ્રશાંતને પોતાની વ્યથા સંભળાવતાં પ્રશાંતે તેની લાચારીનો ફાયદો ઉઠાવી વારંવાર બળાત્કાર કર્યો હતો. તને દૈવી સ્વરૂપ પ્રાપ્ત થશે, તારે થોડો ભોગ આપવો પડશે, તેમ જણાવી પ્રશાંતે ૭ વખત બળાત્કાર કર્યો હતો.



મહિલાએ ફરિયાદમાં જણાવ્યું છે કે, ૨૨ નવેમ્બર ૨૦૧૬ના રોજ પ્રશાંતે મને ઘરે બોલાવી હતી. હું નીચેના હોલમાં બેઠેલી હતી. ત્યારે દિશા ઉર્ફે જોન નામની છોકરી મારી પાસે આવી હતી અને મને કહ્યું હતું કે, ગુરૂજી તમને ઉપરના રૂમમાં બોલાવે છે. જેથી હું ઉપર બીજા માળે પ્રશાંત ગુરૂજીનો બેડરૂમ આવેલો છે, ક્યાં ગઈ હતી. એટલી વારમાં પ્રશાંત ગુરૂજીએ અંદરથી બારણુ બંધ કરી દીધુ હતુ અને ત્યારબાદ મને કહેવા લાગ્યા હતા કે, તારા ઘરમાં જે કાંઈ પણ તકલીફો છે તે તકલીફો તારા દૈવી સ્વરૂપ બનવાથી દૂર થઈ જશે અન એવી વાતો કરતા કરતા તે મને અડપલા કરવા લાગ્યો હતો. મે તેમને દૂર રહેવા જણાવ્યું હતું. તો તેમણે મારી સાથે જબરદસ્તીથી મારી સાથે મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યુ હતું. તેમને મારી સાથે ૭ વખત દુષ્કર્મ આચર્યું હતું. પોલીસે મહિલા ઉપર વારંવાર બળાત્કાર અને જાતીય સતામણીનો ગુનો નોંધ્યો છે.

પોલીસે જણાવ્યું હતું કે, પ્રશાંત મહિલાનું શારીરિક શોષણ કરતો હતો પણ મહિલા પોતાની વ્યથા કોઈને કહી શકતી નહોતી. પ્રશાંત તેને વારંવાર ધમકી આપતો હતો કે, જો તું મારી વિરુદ્ધમાં જઈશ તો તારું અમંગળ થશે. જેથી મહિલા ગભરાઈ જતા ફરિયાદ કરી નહોતી.

ગુજરાત હાઈકોર્ટે આપી મંજૂરી

વડોદરામાં અશાંત ધારો લાગુ વિસ્તારમાં હિંદુઓ મુસ્લિમોને દુકાનો વેચી શકશે

અમદાવાદ

વડોદરાના જે વિસ્તારોમાં અશાંત ધારો લાગુ છે ત્યાં હિંદુઓને તેમની દુકાનો મુસ્લિમોને વેચવાની ગુજરાત હાઈકોર્ટે મંજૂરી આપી દીધી છે. હાઈકોર્ટે કહ્યું કે, તંત્રએ એ બાબતની ખરાઈ કરવાની નથી હોતી કે સોદો કોઈ દબાણ કે ભય વિના કરાયો છે કે નહીં, તંત્રએ વેચનારની મરજી અને પ્રોપર્ટીનો સોદો યોગ્ય કિંમતે થયો છે કે નહીં તે જોવાનું છે.

આ કેસમાં તંત્રએ હિંદુઓને તેમની પ્રોપર્ટીઓ મુસ્લિમોને વેચવાની એમ કહીને મંજૂરી નહોંતી આપી કે તેમ થવાથી તે વિસ્તારમાં હિંદુઓ વેપારીઓ ઘટી જશે. ૧૯૯૧ના અશાંત ધારા કાયદા (ડિસ્ટર્બ્ડ એરિયાઝ એક્ટ, ૧૯૯૧) અંતર્ગત આવા વિસ્તારોમાં કોઈપણ પ્રોપર્ટીની અન્ય ધર્મના લોકો સાથે લે-વેચ કરતા પહેલા મંજૂરી લેવી જરૂરી છે.

હાઈકોર્ટે વડોદરાના ડેપ્યુટી કલેક્ટર અને સેક્રેટરીના એ આદેશને રદ કરી દીધો જેમાં તેમણે દિનેશ અને દીપક મોદી નામના બે ભાઈઓને તેમની પ્રોપર્ટી મુસ્લિમ ટ્રેડર્સ ઓનાલી ધોળકાવાળા અને ઈકબાલ ટીનવાલાને વેચવાની મંજૂરી આપવાનો ઈનકાર કરી દીધો હતો. વર્ષ ૨૦૧૬માં તેમણે રજિસ્ટર સેલ ડીડ કર્યું હતું, પરંતુ આ પ્રોપર્ટી અશાંત ધારામાં આવતી હોવાનું ધ્યાનમાં આવતા તેમણે ડેપ્યુટી કલેક્ટર સમક્ષ મંજૂરી માટે અરજી કરી હતી.આ સોદો કોઈ દબાણ વિના થઈ રહ્યો છે કે કેમ, તેનાથી કાયદો અને વ્યવસ્થાની કોઈ સમસ્યા થાય છે કે કેમ, આ સોદાથી વિસ્તારમાં હિંદુ/મુસ્લિમ બહુમતીને અને ભાઈચારાને કોઈ અસર પડે છે કે કેમ તેની તપાસ ડેપ્યુટી કલેક્ટરે પોલીસ કમિશનરને આદેશ આપ્યો હતો.

રાજ્યમાં ચાલુ વર્ષે અકસ્માતોની સંખ્યામાં ૯.૧ ટકાનો ઘટાડોઃ ફળદુ

ગાંધીનગર

ગુજરાતમાં એસટી બસોની અકસ્માતોની સંખ્યામાં ઘટાડો થયો હોવાનો દાવો કરતાં વાહન વ્યવહાર મંત્રી આરસી ફળદુએ કહ્યું છે કે રાજ્યમાં આ વર્ષે અકસ્માતોની સંખ્યામાં ૯.૧૮ ટકાનો ઘટાડો થયો છે. રાજ્યના ૯૯.૬૦ ટકા વિસ્તારમાં ૮૪૯૦ એસટી બસો સાથે ગુજરાત સરકાર રોજના ૨૪ લાખ મુસાફરોની હેરફેર કરે છે.ગુજરાત એસટી નિગમને સેફ્ટી માટે બેસ્ટ રાષ્ટ્રીય એવોર્ડ મળ્યો છે. રાજ્યમાં નાગરિકલક્ષી સેવાઓ અને સરકારના વિવિધ વિભાગોની કામગીરીના સીધા મોનીટરીંગ માટે વિકસાવેલા સીએમ ડેશબોર્ડ દ્વારા એસટી સેવાનું સતત મોનીટરીંગ થાય છે, જેમાં ઓવર સ્પીડીંગ વાળી બસ સેવાઓની પ્રત્યક્ષ જાણકારી સીધી મુખ્યમંત્રીને મળે છે. ડેશબોર્ડના કારણે એસટીના પ્રાણઘાતક અકસ્માતોની સંખ્યા ઘટી હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

દેશભરના માર્ગ વાહન વ્યવહાર નિગમોમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમે ૭૫૦૦ ફલીટ સર્વિસનું સંચાલન સલામત-સુરક્ષિત અને ઓછામાં ઓછા અકસ્માતથી કરીને આ એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. રાજ્યમાં એક લાખ કિલોમીટરે થતા આવા અકસ્માતનું પ્રમાણ સૌથી ઓછું એટલે કે ૦.૦૬ રહ્યું છે. એસટી બસનો ડ્રાઈવર અકસ્માત કરે તો તેનું લાયસન્સ રદ કરી દેવામાં આવે છે.ગુજરાતમાં એરપોર્ટ જેવી ફેસેલિટી ધરાવતા એસટી મથકોની સંખ્યામાં વધારો થયો છે. વાહનવ્યવહાર મંત્રીએ કહ્યું કે હાલ સાત જેટલા બસસ્ટેશનો એરપોર્ટ જેવા બનાવવામાં આવ્યા છે અને વધુ આઠ નવા ટૂંકસમયમાં કાર્યરત થશે.

સહજાનંદ ગર્લ્સ કૉલેજની માન્યતા રદઃ શિક્ષણ વિભાગની કાર્યવાહી

કચ્છ

કચ્છની સહજાનંદ ગર્લ્સ કોલેજ દ્વારા કોલેજની વિદ્યાર્થીઓનાં કપડાં ઉતરાવી માસિક ધર્મની તપાસ કરી હતી. જે બાદ આ મુદ્દે ગુજરાત સહિત સમગ્ર દેશમાં ભારે ઉહાપોહ મચ્યો હતો. જે બાદ ગુજરાતના શિક્ષણ વિભાગે સહજાનંદ ગર્લ્સ કોલેજ સામે કડક કાર્યવાહી કરી છે. ગુજરાત શિક્ષણ વિભાગે આ મામલે કોલેજની માન્યતા રદ કરવાનો નિર્ણય કર્યોછે. ભુજમાં આવેલી સ્વામિનારાયણ મંદિર સંચાલિત સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટિટ્યુટમાં માસિક ધર્મને લઈને વિદ્યાર્થિનીઓ સાથે શારીરિક પરિક્ષણનાં બનાવને લઈ રાજ્યભરમાં ભારે ચકચાર મચાવી હતી. આ મામલે મહિલા આયોગ સહિત ખુદ સીએમ રૂપાણીએ પણ તપાસનાં આદેશ આપી કડક કાર્યવાહી કરવા જણાવ્યું હતું. જેબાદ તપાસ બાદ કોલેજની માન્યતા રદ કરવામાં આવી છે. આ મામલે કચ્છ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરે કહ્યું કે, આજે કોલેજની માન્યતા રદ કરવામાં આવી છે તેવી શિક્ષણ વિભાગ તરફથી મૌખિત સૂચના મળી છે. હવે પરિપત્ર બહાર પાડીને આગળની કાર્યવાહી હાથ ધરીશું.



સુરત ડાયમંડ એસોસિએશન દ્વારા હીરા બજાર તથા કારખાનાઓ ચાલુ રાખવાનું સર્વાનુમતે નક્કી કરાયા બાદ કોરોના વાયરસ સામે સાવચેતીના પગલા રૂપે હીરાની ઓફિસમાં કર્મચારીઓ તથા માલિકો માસ્ક પહેરીને કામગીરી બજાવતા હોવાનું તસ્વીરમાં જણાય છે.

પંક્ચરનું પૂછવા જતા યુવાન પર ટાયર ખોલવાના લીવરથી હુમલો

હુમલામાં યુવકના માથામાં ગંભીર ઈજા પહોંચી

સુરત

સીમાડા નહેર વનમાળી જંક્શન પાસે મુકેલી ગાડીનું પંચર થયેલ છે કે કેમ ? તે બાબતે પૂછવા જતા એક યુવક પર અઢી ફૂટનું લીવર માથાના ભાગે મારી ઈજાઓ પહોંચાડી અજાણ્યો ઈસમ ફરાર થઈ ગયો હોવાનો બનાવ સરથાણા પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના પીપળવા ગામનો વતની અને હાલમાં કતારગામ ધનમોરા ચાર રસ્તા પાસે રહેતાં પ્રતિક પટેલે પોતાની ટ્રકનું ટાયર પંક્ચર કરવા માટે પંચરની દુકાન પર મુક્યું હતું. ત્યારબાદ થોડીવાર બાદ પંચર થયું છે કે કેમ ? તે બાબતે પૂછવા જતા અજાણ્યા ઈસમે ઉશ્કેરાઈ જઈ પંચર ખોલવા માટેનું અઢી ફૂટનું લીવર વડે હુમલો કરી માથાના ભાગે મારી ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો.

નવાપુરની વિદ્યાર્થીનીનું શંકાસ્પદ બીમારીથી મોત

સુરત

વ્યારા સરકારી હોસ્પિટલમાંથી ૧૦૮માં સુરત સિવિલ હોસ્પિટલ ખસેડાયેલી મહારાષ્ટ્ર નવાપુરની વિદ્યાર્થીનીનું શંકાસ્પદ બીમારીથી મોત નિપજતા પોલીસે પોસ્ટ મોર્ટમની દિશામાં કામગીરી હાથ ધરી છે. ધોરણ ૮ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની એક મહિનાથી તાવની બીમારીમાં સપડાઈ હતી.



સ્થાનિક હોસ્પિટલમાં સારવાર દરમિયાન વિદ્યાર્થિનીને વ્યારા રીફર કરવામાં આવી હતી. બાદમાં આજે સુરત સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર માટે લવાઈ હતી. ત્રણ બહેનોમાં વિદ્યાર્થિની ત્રીજા નંબરની દીકરી હતી. બાંધકામના કામ સાથે સંકળાયેલા પિતા દીકરીના મોતને લઈ આઘાતમાં આવી ગયા છે. પરિવારે જણાવ્યું હતું કે, ખોરાક લીધાં બાદ ગણતરીની મિનિટોમાં વિદ્યાર્થિનીને ઉલટી કરી નાખતી હતી. જોકે હજી સુધી વિદ્યાર્થિનીના મોતનું કોઈ કારણ બહાર આવ્યું નથી. પોલોસે પોસ્ટ મોર્ટમ માટે પ્રિયકાનો મૃતદેહ પોસ્ટ મોર્ટમ રૂમ માં મુક્યો છે. કોરોના વાઈરસને લઈ હાલ મહારાષ્ટ્રમાં સૌથી વધુ લોકો આ વાઈરસની ઝપેટમાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે. આવા સંજોગોમાં વિદ્યાર્થિનીનું મોત અનેક પ્રશ્નો ઉભા કરે છે.

વરાછા ભવાની સર્કલ નજીક જમીન દલાલને ચપ્પુ મરાયું

સુરત

વરાછા ભવાની સર્કલ પાસે જમીન દલાલને આંતરીને ત્રણ જણાંએ ચપ્પુથી હુમલો કરી ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સરથાણા મેરી ગોલ્ડ રેસીડેન્સીમાં રહેતા જમીન દલાલ જીતેન્દ્રભાઈ વિનુભાઈ રાદડીયા ભવાની સર્કલ પાસે આવેલ પોપડાની અંદરના ભાગે હતા.ત્યારે આરોપી હિરેન ઉઘાડ તથા બે અજાણ્યા ઈસમોએ આવીને ફરિયાદી સાથે ઝઘડો કરી ચપ્પુ જેવા સાધનથી હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી હતી.

વરાછા પોલીસે જમીન દલાલ જીતેન્દ્ર રાદડીયાની ફરિયાદ નોંધી હુમલો કરનાર હિરેન ઉઘા સહિતનાની શોધખોળ હાથ ધરી છે. જમીન દલાલ પર ચપ્પુથી કરાયેલા હુમલા અંગે જમીન વિવાદ કારણભૂત હોવાનું પ્રાથમિક તપાસમાં જણાય રહ્યું છે.

વાહન ચોરી કરનાર ચોર ઝડપાયોઃ ૧૮ જેટલા ભેદ ઉકેલાયા

સુરત

એમ્બ્રોડરીના ધંધામાં નુકસાન જતા વાહન ચોરી કરી ને વેચવાની ફિરાકમાં રહેતા એક આધેડને સુરત ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ચોરીની ૧૫ ગાડી સાથે ઝડપી પાડીને ૧૮ જેટલા ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. જોકે પડાયેલ આરોપી ગાડી વેચવાની ફિરાકમાં હતો તે સમયે ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઝડપાયેલો આધેડ મૂળ સૌરાષ્ટ્રના જૂનાગઢ નો વતની હોવાનું ખુલ્યું છે. આ આધેડ આરોપી સુરતના સરથાણા વિસ્તારમાં રહેતો હતો અને સમગ્ર શહેરના ખૂણે ખૂણેથી ગાડીઓ ઉઠાવતો હતો.



બનાવની વિગત એવી છે કે સુરત શહેરમાં લાંબા સમયથી વાહન ચોરીની ઘટના માં સતત વધારો થઈ રહ્યો હતો. જેને લઈને આવા વાહન ચોરી કરતા ઈસમોને ઝડપી પાડવા માટે પોલીસે સતત બાતમીદારોને એક્ટિવ કર્યા હતા. ત્યારે પોલીસ ને એક બાતમી મળી હતી જેન આધારે વર્કઆઉટ કરીને પોલીસે મૂળ જૂનાગઢના વતની અને હાલમાં સુરતના સરથાણા વિસ્તારમાં રહેતા એક ઈસમે ઝડપી પાડ્યો છે. આ ઈસમ ચોરીની ગાડી વેચવા પેરવી કરી રહ્યો હતો તે સમયે ઝડપી પાડી તેની પાસેથી ચોરીની ૧૫ જેટલી મોટર સાઇકલ મળી આવતા ચોરીના ૧૮ જેટલા ગુના ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે.

આરોપી પહેલા એમ્બ્રોડરીનું જોબ વર્ક કરતો હતો પણ ધંધામાં ખોટ જતા પોતાની નુકશાની કવર કરવા ચોરીના રવાડે ચડ્યો હતો. જોકે પોલીસે આ ઈસમ પાસેથી ૨.૬૦ લાખનો મુદ્દામાલ કબજે કરી તે તપાસ શરુ કરી છે.

ખેડૂતોને આર્થિક નુકસાન

ધુલિયામાં કરા સાથે કમોસમી વરસાદઃ ૧નું મોત, આઠ ઘાયલ

સુરત/નવાપુર

ગુજરાતની સરહદે આવેલા મહારાષ્ટ્ર રાજ્યના ધુલિયા જિલ્લામાં કરા સાથે કમોસમી વરસાદ પડ્યો હતો. પાંચ મિનિટ થયેલા વરસાદથી ખેડૂતોને મોટું નુકસાન થયું છે. ગત રોજ સાંજે ધુલિયા જિલ્લાના કેટલાક ભાગોમાં વાવાઝોડા સાથે કરા અને કમોસમી વરસાદ પડ્યો હતો. ઘઉં, મકાઈ, કેળા, પપૈયા, લીલા પાકને નુકસાન થયું છે. ભારે પવન સાથે કમોસમી વરસાદમાં શિરપુર નિવાસી રાજેન્દ્ર માળીનું મોત નીપજ્યું હતું. જ્યારે આઠ ઈજાગ્રસ્ત થયા હતા. ભારે પવનમાં ઘણા ઘરના પતરા ઉડી ગયા હતા.



ઈલેક્ટ્રિક વાયર તૂટી પડતાં શહેરના અનેક ભાગોમાં વીજળી ડૂલ થઈ હતી. ધુલિયા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં કરા અને કેમાસમી વરસાદ પડ્યો હતો. કરા એટલા જોરદાર ફટકાર્યા કે ઘણા વાહનના કાચ પણ તૂટી ગયા હતા. પાક, મકાનો અને વીજળી નિગમને સૌથી વધુ નુકસાન થયું છે. તોફાની તોફાનને કારણે પહેલા ૪ મિનિટના વરસાદને કારણે મોટું નુકસાન થયું છે. માવઠા અંગેની માહિતી પ્રાંત અધિકારીએ આપી હતી.

અમરોલીમાં રહેતી ૨૧ વર્ષીય યુવતી મનીષાબેન હેલૈયા ગુમ

સુરત

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી. પોલીસના જણાવ્યા અનુસાર તા.૦૫/૦૩/૨૦૨૦ ના રોજ ઘર નં. ૧૦૫, ક્રિષ્ના એપાર્ટમેન્ટ, યોગીકૃપા સોસાયટી, ગુ.હા. બોર્ડ અમરોલી (મૂળ વતનઃ કાંકચ, તાઃ લીલીયા, જિ.ઃ અમરેલી) ખાતે રહેતા ભગવાનભાઈ વજાભાઈ હેલૈયાની ૨૧ વર્ષીય પુત્રી મનીષાબેન ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉંવર્ણ, ઉંચાઈ ૫.૨ ફૂટ છે. તેમણે શરીરે મરૂન રંગની કુર્તી અને લેગીઝ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

કતારગામથી પ્રિયાબેન સોલંકી ગુમ થયા

સુરત

પોલિસ કમિશનર કચેરી, ડી.સી.બી. પોલીસના જણાવ્યા અનુસાર તા.૦૪/૦૩/૨૦૨૦ ના રોજ ઘર.નં. એ/૧૮, ઓમપાર્ક સોસાયટી, આંબાતલાવાડી, કતારગામ (મૂળ વતનઃ આંબરડીગામ, તા.લાઠી, જીઃઅમરેલી) ખાતે રહેતા મુકેશભાઈ રાઘવભાઈ સોલંકીની ૧૭ વર્ષીય પુત્રી પ્રિયાબેનની ગુમ થયા છે. પ્રિયાબેન શરીરે પાતળા બાંધાના, રંગે ગૌર વર્ણ, ઉંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે શરીરે હાફ બાયની કાળા કલરની ટી-શર્ટ તથા વાદળી કલરની લેગીઝ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા કતારગામ પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

ઉધના-સુરત ટ્રેક પર ટ્રેનની અડફેટમાં અજાણ્યાનું મોત

સુરત

સુરત રેલવે પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર અજાણ્યો પૂરૂષ ઉધના અને સુરત રેલવે સ્ટેશનની ટ્રેન નં.૧૨૯૨૧ ડાઉન ફ્લાઈંગ રાણી એક્સ ટ્રેનની અડફેટમાં આવી જતા પગના ભાગે ઈજાઓ તેમજ ગળાના ભાગેથી કપાઈ જઈ મોત નિપજ્યું છે. મૃત્યુ પામેલ પૂરૂષની ઉ.વ. આશરે ૩૫ આસપાસની અને શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉં વર્ણ તેમજ ઉંચાઈ ૫.૩ ફૂટ છે. મૃતદેહના શરીરે આખી બાયનો કોફી કલરનો શર્ટ તથા કમરના ભાગે બ્લ્યુ કલરનું પેન્ટ પહેરેલ છે. આ અજાણ્યા પુરૂષની લાશના વાલી-વારસોને સુરત રેલવે પોલીસનો સંપર્ક સાધવા જણાવાયું છે.

ઉધના-ભેસ્તાન વચ્ચે ટ્રેનની અડફેટમાં અજાણ્યાનું મોત

સુરત

સુરત રેલવે પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર અજાણ્યો પૂરૂષ ઉધના અને ભેસ્તાન રેલવે સ્ટેશનની વચ્ચે મેમો ટ્રેન નં. ૬૯૧૫૧ વિહાર બરોડાની ટક્કર લગતા ગરનાળા નીચે પડી જતા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચવાથી મોત નિપજ્યું છે. મૃત્યુ પામેલ પૂરૂષની ઉ.વ. આશરે ૨૫ આસપાસની અને શરીરે પાતળા બાંધાના, રંગે શ્યામ વર્ણ તેમજ ઉંચાઈ ૫.૨ ફૂટ છે. મૃતદેહના શરીરે આખી બાયનો કોફી કલરનું ટીશર્ટ તથા બ્લ્યુ કલરનું જ જીન્સ પેન્ટ પહેરેલ તથા ભૂખરા રંગનો અંડરવેર પહેરેલ છે. આ અજાણ્યા પુરૂષની લાશના વાલી-વારસોને સુરત રેલવે પોલીસનો સંપર્ક સાધવા જણાવાયું છે.

બાપનાં હોઠનું સ્મિત એટલે દીકરી

"વ્હાલનો દરિયો છે તું, સ્નેહની સરિતા છે તું;
મારા શ્વાસનો વિશ્વાસ તું, મીઠું મધુરું સ્મિત તું;
દીકરી મારી આંખ તું, દીકરી મારો શ્વાસ તું."

બાપનાં હોઠનું સ્મિત એટલે દીકરી.માનાં કાળજાનો કટકો એટલે દીકરી.આખાય પરિવારને પ્રેમથી જોડી રાખતું એક મીઠું ગીત એટલે દીકરી.આ મારી સમજ છે,મારો દ્રષ્ટિકોણ છે.બાકી તો ભલે આપણે એકવીસમી સદીમાં આવી ગ્યા પણ વિચારો આપણા હજુ સોળમી સદી સાથે જાણે હોડમાં ઉતર્યા છે.હા મિત્રો,આજે પણ 'દીકરી સાપનો ભારો કહેવાય,બાપનાં માથે પડેલો પાણો કહેવાય.' જેવાં કટુ વચનો સાંભળવા મળે છે.અને બાકી હતું એ ટેકનોલોજીએ પૂરું કરી દીધું.દીકરી જન્મ લે,આ ધરતી પર શ્વાસ લે એની પહેલાં જ એનાં શ્વાસને રૂંધી નાખવામાં આવે છે.ખીલ્યાં પહેલાં જ એ કળીને મસળી નાખવામાં આવે છે.ત્યારે મેં નજરે જોયેલો,અનુભવેલો એક પ્રસંગ અહીં ચોક્કસ કહીશ.આજથી લગભગ પચીસેક વર્ષ પહેલાંની વાત છે.અમારા ઘરના દરવાજે ટકોરા પડ્યાં.મેં દોડતાં જઈને દરવાજો ખોલ્યો.તો સામે અમારાં પડોસી રમણકાકા હાથમાં પેંડાનું બોક્ષ લઈને ઉભાતા.મને કહે પપ્પા ઘેર નથી?મેં પપ્પાને બોલાવ્યાં.એમણે હરખાતાં હરખાતાં પેંડાનું બોક્ષ મારા પપ્પાને આપતાં કહ્યું,"આજે બહુ આનંદનો દિવસ છે.મારે ઘેર દીકરાનો જન્મ થયો."એટલામાં બાજુવાળાં ચંપકકાકા એક ડીશમાં બે ચાર જલેબી લઈને આવ્યાં અને ઉદાસ ચહેરે પપ્પાને આપતા કહ્યું,"મારે ઘેર દીકરીનો જન્મ થયો."એ વખતે હું માંડ દસેક વર્ષનો હતો.વધારે ખબર ના પડી પણ એટલું જાણી શક્યો કે રમણકાકા દીકરાનાં જન્મથી ખુશ હતાં અને ચંપકકાકા દીકરીનાં જન્મથી દુઃખી હતાં.પછીતો ધંધાર્થે અમે શહેરમાં આવી ગ્યા.હમણાં વર્ષો પછી થોડાં કામથી મારે એ ગામમાં જવાનું થયું.મને થયું કે લાવ અમારા પાડોશી રમણકાકા અને ચંપકકાકાને મળતો જવું.બંને વિધુર થઈ ગ્યા છે એવાં સમાચાર વચ્ચે મળેલાં.હું આવ્યો ચંપકકાકાને ઘેર.દરવાજો ખોલતાં જ ચંપકકાકા મને ઓળખી ગ્યા ને કહ્યું કે ઓહો!તું આટલો મોટો થઈ ગ્યો!આવ બેટા આવ,બેસ.એટલામાં ચંપકકાકા માટે જ્યુસનો ગ્લાસ લઈને આવેલી એમની દીકરી અને બાજુમાંજ દવાખાનાનાં કેસપેપરનો અભ્યાસ કરતાં એમનાં જમાઈની ઓળખ કરાવતાં એમણે કહ્યું,"બેટા,આજે દીકરી સાથે ફોન પર વાત કરતાં થોડી ખાંસી શું આવી કે આ મારી દીકરી જમાઈને લઈને તરત અહીં આવી ગઈ.દવાખાને લઇ ગઈ અને બધાંજ રીપોર્ટ નોર્મલ આવ્યાં ત્યારે એને શાંતિ થઈ.હું બહુ નસીબદાર છું કે આવી હેતાળ દીકરીનો બાપ છું."તરત જ પચીસેક વર્ષ પહેલાંનો દીકરીનાં જન્મ વખતનો એમનો ઉદાસ ચહેરો મારી નજર સામે આવી ગ્યો.ઘણું કહેવાનું મન થયું પણ હું કાંઇ બોલ્યો નહીં.કેમકે સમયે એમને બધું જ સમજાવી દીધુતું.પછી ત્યાંથી હું ગયો રમણકાકાને ત્યાં.ખાંસતા ખાંસતા એમણે દરવાજો ખોલ્યો.મને કહે આવ બેટા,બેસ તારા માટે પાણી લેતો આવું.મેં કહ્યું કેમ કાકા ઘરમાં કોઈ નથી?રમણકાકા કહે,ના બેટા.દીકરો લગન પછી અલગ રહે છે.મારી તબિયત સારી નહોતી તો મેં કાલે ફોન કર્યોતો.તો કહે કે આવતાં અઠવાડિયે અવાશે તો આવીશ.અને મને પચીસ વર્ષ પહેલાંનો દીકરાનાં જન્મ વખતનો એમનો ખુશખુશાલ ચહેરો યાદ આવી ગ્યો.કહેવાની જરૂર ન લાગી મને કેમકે સત્ય એમને પણ સમજાઈ ગ્યુતું.મિત્રો,વાત માત્ર આ રમણકાકા કે ચંપકકાકાની નથી.મારી,તમારી અને આખા સમાજની છે.દીકરીને સાપનો ભારો ગણાવતાં એ લોકો માટે આ એક સંદેશ છે કે દીકરી એતો તુલસીનો ક્યારો છે.સારા સંસ્કાર અને સ્નેહથી એનું સિંચન કરો.એ તમારા ઘરની શોભા બની મહેકી ઉઠશે.હમણાં એક મિત્ર મળ્યો.હાથ મિલાવતાં મેં જોયું કે એના હાથ પર એક સુંદર ટેટુ હતું.દીકરીની નાનકડી પગલીનું.મેં પૂછ્યું,આ શું છે ભાઈ?મને કહે કે મારી નાનકડી દીકરીનાં જન્મ વખતે એની પગલીનું ટેટુ મેં કરાવ્યુતું.હાલ તો દીકરી સાસરે છે પણ જ્યારે હું હિંમત હારી જવુંને ત્યારે આ ટેટુ ને ચૂમી લવું છું.મારી દીકરી મારી હિંમત બની જાણે મારી જોડે ઊભી હોય એવો અહેસાંસ મને થાય છે.સહજભાવે મારાથી બોલાઈ ગ્યું, "દુનિયાનું સૌથી સુંદર ટેટુ."અને બહુ સાચી વાત છે મિત્રો,દીકરી એની એક બંધ મુઠીમાં એનું પોતાનું અને બીજી બંધ મુઠીમાં એનાં બાપનું નસીબ લઈને જન્મે છે.દીકરો ઈશ્વરને બાંહેધરી આપીને જન્મે છે કે હું મારા બાપનું ધ્યાન રાખીશ.અને દીકરીને ઈશ્વર બાહેંધરી આપે છે કે જા બેટા,હું તારા બાપનું ધ્યાન રાખીશ.દીકરીનાં નિર્દોષ પ્રેમની જેણે અનુભૂતિ કરી હોય એવાં એક બાપને પૂછો કે તમારા માટે તમારી દીકરી શું છે?તો જવાબ તમને કંઈક આવો મળશે...



નીતિન ઠક્કર "કવિરાજ"

" મા ની મમતાનું ગાન તું,
આ બાપનું અભિમાન તું;
ભાલુડાની ભેળી રમતી,
દીકરી મારી આંખ તું,
દીકરી મારો શ્વાસ તું.
ઈશનું વરદાન તું,
એનાં દિલનો ધબકાર તું;
ઉર ઉપવનની પ્રેમપંખુડી,
દીકરી મારી આંખ તું,
દીકરી મારો શ્વાસ તું.
મારા શ્વાસનો વિશ્વાસ તું,
મીઠું મધુરું સ્મિત તું;
મુજ જીવનની જીવનપૂંજી,
દીકરી મારી આંખ તું,
દીકરી મારો શ્વાસ તું.
વ્હાલનો દરિયો છે તું,
સ્નેહની સરિતા છે તું;
લાગણીઓની મીઠી વીરડી,
દીકરી મારી આંખ તું,
દીકરી મારો શ્વાસ તું."

૧૯મી માર્ચથી ટીવીના માધ્યમથી શિક્ષણ અપાશે

હવે વિદ્યાર્થીઓ ભણશે ગુજરાત ટીવી ચેનલના માધ્યમથી

ગાંધીનગર

સમગ્ર વિશ્વમાં કોરોના હાહાકાર મચાવી રહ્યો છે, ત્યારે સાવચેતીના ભાગરૂપે ગુજરાતમાં સ્કુલ-કોલેજો ૨૯ માર્ચ સુધી બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. જો કે, હજુ સુધી ગુજરાતમાં એકપણ કોરોનાનો કેસ નોંધાયો નથી.

રાજ્ય સરકારે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે નહીં એ હેતુસર એક નિર્ણય કર્યો છે. જે હેઠળ રાજ્યના વિદ્યાર્થીઓને પ્રાદેશિક ટીવી ચેનલ્સના માધ્યમથી અભ્યાસ કરાવવામાં આવશે. રાજ્યના ધોરણ ૭થી ૯ અને ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓને મહત્વના વિષયોનું રિવિઝન-પૂનરાવર્તન જે તે વિષય નિષ્ણાંત શિક્ષકોની મદદથી પ્રાદેશિક ચેનલ્સના માધ્યમથી કરાવવામાં આવશે.

૧૯મી માર્ચથી વિદ્યાર્થીઓ ઘર બેઠા ટીવી ચેનલ્સના માધ્યમથી વિષયનો રિવિઝન અને અભ્યાસ કરી શકશે. ૧૯ માર્ચથી દરરોજ એક-એક કલાકનું ઓનલાઈન શિક્ષણ ટી.વી ચેનલ્સ દ્વારા અપાશે. ધોરણ-૭થી ૯ માં ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી વિષયોનું વિષય નિષ્ણાંત શિક્ષકો દ્વારા શિક્ષણ અપાશે. ધોરણ-૧૧માં ફિઝીકસ, કેમેસ્ટ્રી, બાયોલોજી, મેથ્સ, એકાઉન્ટન્સીના વિષયોનો અભ્યાસ વિષય નિષ્ણાત શિક્ષકો કરાવશે.



સુરતમાં કોરોના વાયરસનો ફેલાતો અટકાવવા સઘન સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે. સુરત એરપોર્ટ પર શારજાહથી આવતા મુસાફરો માટે યુનિવર્સિટી રોડ પર સમરસ હોસ્ટેલમાં કોરોન્ટાઈન વોર્ડ શરૂ કરવામાં આવ્યો છે. કોરોન્ટાઈન વોર્ડનું જાત નિરીક્ષણ કરતા જિલ્લા કલેક્ટર ડૉ. ધવલ પટેલ, મ્યુનિ. કમિશનર બચ્છાનિધિ પાની, પોલીસ કમિશનર બ્રહ્મભટ્ટ તસ્વીરમાં જણાય છે. જ્યારે સુરત રેલવે સ્ટેશન પર મુસાફરોનું ટેમ્પરેચર ગનથી તપાસ કરવામાં આવી રહી છે. ઉપરાંત રેલવે સ્ટેશને સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

શારજાહથી ૫૦૦ ગ્રામ સોનું લઈ આવનાર યુવકની સુરતમાં ધરપકડ

શૂટકેસમાં વરખના સ્વરૂપમાં છૂપાવીને સોનું લવાયું હતું

સુરત

એરપોર્ટ પર દાણચોરીનો વધુ એક કેસ હાથ લાગતા કસ્ટમ અધિકારીઓ પણ ચોંકી ગયા છે. સોનાની દાણચોરી કરતા વધુ એકને ઝડપી પાડ્યો છે. બાદમાં તેની પૂછપરછમાં અનેક ચોંકાવનારા ખુલાસા થયા હોવાનું જાણવા મળ્યું છે. સુરત કસ્ટમ વિભાગે શારજાહ ફ્લાઈટમાં આવેલા ગણેશ વાલોદ્રા પાસેથી ૨૦ લાખનો મુદ્દામાલ મળી આવતા તેની તપાસ હાથ ધરાઈ છે. સુટકેસના કવરમાં છુપાયેલા વરખ



સ્વરૂપમાં સોનું મળી આવતા દાણચોરોની નવી નવી તરકીબો બહાર આવી રહી છે. કસ્ટમ અધિકારીઓની તપાસમાં ગણેશ પાસેથી ૫૦૦ ગ્રામ જેટલું સોનુ મળી આવ્યું છે. એટલું જ નહીં પણ ગણેશ જેવા અનેક યુવાનો દાણચોરીને વ્યવસાય બનાવી ચુક્યા હોય એ વાતને નકારી શકાય નહીં.

ગઈકાલે મોડી રાત્રે સારજાહથી સુરત આવેલી ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં કસ્ટમના કર્મચારીઓ દ્વારા શકમંદ મુસાફરની ઝડતી લેવાતા શૂટકેસમાં વરખમાં લપેટેલા ૫૦૦ ગ્રામ સોનાનો જથ્થો મળી આવ્યો હતો.

કેડીટ કાર્ડની લિમિટ વધારવાના બહાને રૂા.૬૮ હજારની ઠગાઈ

સુરત

ઉધના-મગદલ્લા રોડના વેપારીને ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાના નામે ફોન ઉપર કાર્ડની વિગતો મેળવી રૂપિયા ૬૮,૮૪૬ ટ્રાન્સફર કરી લીધાનો બનાવ મહિધરપુરા પોલીસ સ્ટેશને નોંધાયો હતો.

મહિધરપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઉધના-મગદલ્લા રોડ શ્રી રામ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં રહેતાં તેજસ મહેશ મસરાણીએ આરોપી મોબાઈલ ફોન ધારક નેહા નામની મહિલા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદી સહારા દરવાજા સ્થિત આર. બી. એલ.બેંક ક્રેડીટ શાખાનો ક્રેડીટ કાર્ડ ધરાવતા હતા. ફરિયાદીને નેહા નામની મહિલાએ ફોન કરીને ક્રેડીટ કાર્ડની લિમિટ વદારવા માટે વિગતો મેળવી વેરીફિકેશન કોડ માંગી કુલ રૂપિયા ૬૮,૮૪૯ની રકમ ટ્રાન્સફર કરી લઈ છેતરપિંડી કરી હતી. મહિધરપુરા પોલીસે તપાસ હાથ ધરી છે.

કોરોના વાયરસના ભયથી હિરાના કારખાનાઓમાં વેકેશન પડાશે નહીં

સુરત ડાયમંડ એસો.ની બેઠકમાં વિવિધ નિર્ણયો લેવાયા

સુરત

સુરત ડાયમંડ એસોસિએશનના કારોબારી સભ્યો તથા સલાહકાર સભ્યો અને અગ્રણી ઉદ્યોગપતિઓની એક સંયુક્ત મીટીગ થયેલ. આ મીટીગમાં વર્તમાન પરીસ્થિતિને ધ્યાનમાં લઈને કોરોના વાયરસ અંગે ઉદ્યોગ અને શહેરમાં ન ફેલાય તેને માટેના સર્વ સંમતિ થી આ નિર્ણયો લેવામાં આવ્યા હતા અને તે ઉદ્યોગ માટે ગાઈડલાઈન બની રહેશે. પ્રયમંડ ઉદ્યોગ સાથે સંકળાયેલ દરેક વ્યક્તિ આનો સ્વેચ્છીક અમલ કરે તેવી નમ્ર વિનંતી છે કરાય છે. જેમાં ડાયમંડ મેન્યુ. યુનીટમાં વેકેશન પાડવા અંગે વિસ્તૃત ચર્ચાને અંતે વેકેશન પાડવું ઉદ્યોગ અને રત્નકલાકારના હિતમાં નથી તેવું નક્કી થયેલ છે, દરેક ફેક્ટરી મલિક રત્નકલાકારોનું દરરોજ ટેમ્પરેચર મપાવે અને સામાન્ય તપાસ કરાવે.તેમજ સેન્ટરાઈઝરની સગવડ કરીને આરોગ્ય અંગેની સુચના અવારનવાર માઈક દ્વારા આપે . કોરોના અંગે જાગૃતિના સેમીનાર કરવા. દરેક ફેકટરીમાં સુચના અંગેના સાઈન બોર્ડ બનાવવામાં આવે. દરેક ફેકટરીમાં ૨૬ સેન્ટીગ્રેડઅથવા તેના ઉપરનું રાખવું. , SDA પણ સેમીનાર અને પેમ્પલેટ દ્વારા જાગૃતિ અભિયાન ચાલુ રાખશે. , સ્થાનિક SMCને સ્વચ્છતા અંગે લેટર લખી સંપર્કમાં રહેશે. , કારખાનેદારો રત્નકલાકારનો સમય સવાર સાંજ તબક્કાવાર નક્કી કરીને તેનો અમલ કરે. જેથી ટ્રાફિક અને આરોગ્ય જળવાઈ રહે, જેવી વગેરે બાબતો સુનિશ્ચિત કરવામાં આવી છે.

સારોલીના વેપારી અને દલાલ દ્વારા રૂા.૬૬.૯૭ લાખની છેતરપિંડી

સુરત

સારોલીના કાપડ દલાલ શ્રવણ દિલવાળ અને વેપારી નવીનકુમાર દિલવાળે વિનાયક ફેશનમાંથી રૂપિયા ૬૬.૯૭ લાખની કિંમતનો કાપડનો માલ ખરીદી પેમેન્ટ ચૂકવવાને બદલે વિનાયક ફેશનના રામનિવાસ તિવારીને જાનથી મારી નાંખવાની અને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી.

સલાબતુપાર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ રિંગરોડ જે.જે.એ.સી. માર્કેટમાં વિનાયક ફેશનના નામથી વેપાર કરતા રામનિવાસ હનુમાન પ્રસાદ તિવારીએ આરોપી વેપારી નવીનકુમાર રામનિવાસ દિલવાળ (ક્રિષ્ણા ટેક્ષટાઈલ્સ, મોડલ ટાઉનશીપ, સારોલી) તથા કાપડ દલાલ શ્રવણ રામનિવાસ દિલવાળ (રહે.મોડલ ટાઉનશીપ સારોલી) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. કાપડ દલાલભાઈ સાથે મળીને વેપારીભાઈએ વિનાયક ફેશનમાંથી રૂપિયા ૬૬,૯૭,૧૦૮ની કિંમતનો માલ ખરીદી પેમેન્ટ ચૂકવવાને બદલે વિનાયક ફેશનના રામનિવાસ તિવારીને જાનથી મારી નાંખવાની અને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

લીંબાયતમાં મહિલાએ કરેલી આત્મહત્યા

સુરત

લીંબાયત ગોડાદરા ખાતે રહેતી એક પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાનો બનાવ લીંબાયત પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર લીંબાયત ગોડાદરા સ્વામીનારાયણ નગર ખાતે ૪૩ વર્ષના હિતેશ ગમનભાઈ રાવળની પત્ની આશાબેન રાવળે ગતરોજ સાંજના સુમારે કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. પોલીસે અકસ્માત મોત નોંધી પતિના નિવેદનો લીધા હતા.

સુરતમાં સ્પા મસાજ સેન્ટર પર દરોડાઃ ૧૯ લલના ઝડપાઈ

સુરત

સુરતનો પીપલોદ ડુમસ રોડ પર સ્પાની આડમાં ગોરખધંધા ચાલે છે તેવી સતત ફરિયાદ પોલોસને મળતી હતી, જેને લઈને એક જ બિલ્ડીંગમાં ચાલતા સ્પામાં હુમન ટ્રાફિકિંગ સેલ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા અને ૧૬ થાઈલેન્ડની યુવતી સાથે બે ભારતીય યુવતી અને ૩ કર્મચારીઓની પોલીસે ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

સુરતનો ડુમસ રોડ આમ તો શહેરની શાન માનવામાં આવે છે ત્યારે આ વિસ્તાર શહેરનો સૌથી પોઝ વિસ્તાર માનવામાં આવે છે. કહેવાય છે કે, સુરતી લોકો દરેક વસ્તુમાં આગળ છે, તેવામાં શહેરમાં સ્પાની આડમાં ગોરખધંધાનો બિઝનેસ છેલ્લા લાંબા સમયથી ફૂલ્યો-ફાલ્યો છે.

આ વ્યવસાયમાં હાઈફાઈ ઘરના લોકો આવતા હોવાને લઈને થાઈલેન્ડની યુવતીઓ મોટા પ્રમાણમાં આ સ્પામાં કામ કરતી હોય છે, ત્યારે થોડા દિવસ પહેલા ઉમરા પોલીસે દરોડા પાડી ૧૮ જેટલી યુવતીને ડિટેઈન કરી હતી.

આ તમામ યુવતી વિઝીટેડ વિઝા પર આવીને અહીંયા વગર વર્કપરમીટે કામ કરતી હોવાને લઈને તેમના પર કાર્યવાહી કરવામાં આવી હતી. આવા સ્પામાં ખોટા કામ કરતા હોવાને લઈને આજે હુમન ટ્રાફિકિંગ સેલ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા.

તક્ષશિલા અગ્નિકાંડ ભાર્ગવ બુટાણીએ ૮ દિવસ માટે જામીનની માંગણી કરી

સુરત

સરથાણા તક્ષશિલા આર્કેડમાં બનેલી અગ્નિ તાંડવની ઘટનામાં સંકળાયેલા ટ્યુશન ક્લાસ ટીચર ભાર્ગવ બુટાણીએ ૮ દિવસના વચગાળાના જામીન માંગતી એક અરજી કરી હતી. એવુ એડવોકેટ રાજેશ ઠાકરીયાએ જણાવ્યું હતું.

આ કેસની વિગતો એવી છે કે, સરથાણા વિસ્તારમાં આવેલ તક્ષશિલા આર્કેડમાં ગત વર્ષોમાં ભીષણ આગ લાગી હતી. જેમાં ૨૪ વ્યક્તિઓના કરૂણ મોત નીપજયા હતા. સરથાણા પોલીસ મથકમાં ગુનો દાખલ કરાયા બાદ આ ગુનાની તપાસ એસીપી આર.આર. સરવૈયા કરી રહ્યા છે. આ ગુનામાં પોલીસે અંદાજે ૧૪ આરોપીઓની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યા હતા. આ ગુનામાં સંકળાયેલા ટ્યુશન ટીચર ભાર્ગવ બુટાણીની આંગળીમાં ફેક્ચર થઈ ગયું હોવાથી સારવાર ખાનગી ડોક્ટરો પાસે કરાવવી જરૂરી છે એમ જણાવી ૮ દિવસના વચગાળા જામીન માંગતી એક અરજી કોર્ટમાં કરી હતી.

ખટોદરા, ઉમરા પોલીસે પકડેલા વાહનો છોડાવી જવા સૂચના

વાહનો છોડાવી લેવા અન્યથા જાહેર હરાજી કરાશે

સુરત

ખટોદરા અને ઉમરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ટ્રાફિક શાખા દ્વારા એમ. વી. એકટ મુજબની કાર્યવાહી કરી ખટોદરામાંથી ૧૨૯ અને ઉમરા વિસ્તારમાંથી ૨૦૪૪ જેટલા ટુ-વ્હીલર, થ્રી વ્હીલર તથા ફોર-વ્હીલર પ્રકારના વાહનોને ડિટેઈન કરવામાં આવ્યા હતા. આ માલિકોને વાહનો છોડાવવા માટે વારંવાર નોટીસો પાઠવવામાં આવી છે. તેમ છતા હજુ સુધી આ માલિકો પોતાના વાહનો પરત છોડાવવા માટે આવ્યા નથી. જેથી આ વાહન માલિકોએ ખટોદરા પો. સ્ટેશનના ગોડાઉન અને ઉમરા પો.સ્ટેશન પાછળના ગોડાઉન તથા ઉમરા ગામ તાપી કિનારે ટ્રાફિક ગોડાઉન ખાતે પડેલા વાહનો દિન-પમાં છોડાવી જવા જણાવવામાં આવે છે અન્યથા આ વાહનોની હરાજી કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેમ ઉમરા અને ખરોદરા પોલીસ સ્ટેશન દ્વારા જણાવાયું છે.

દક્ષિણ ગુજરાતમાં પવનની દિશા બદલાતા તાપમાનમાં ઘટાડો

સુરત

ગતરોજ આકરો તાપ બાદ પાડોશી રાજય મહારાષ્ટ્રમાં કરા સાથે કમોસમી વરસાદ થતા દક્ષિણ ગુજરાતના તાપમાનમાં અચાનક ફેરફાર જોવા મળ્યો છે. આજે તાપમાનમાં સડસડાટ ત્રણ ડીગ્રીનો ઘટાડો નોંધાયો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારથી પવનની દિશા ઉત્તરના બદલે દક્ષિણ તરફની થવાની સાથે ગરમીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આજે બપોરે ગરમીનો પારો ૩૩ ડીગ્રી સુધી પહોંચ્યો છે. ગતરોજ ૩૭ ડીગ્રી શહેરનું અધિકતમ તાપમાન નોંધાયું હતું. આજે સાંજ સુધી તાપમાનમાં વધારો થવાની શકયતા ઓછી છે. ગતરોજ પાડોશી રાજય મહારાષ્ટ્રમાં નંદુરબાર અને ધુલીયા જિલ્લામાં કમોસમી વરસાદ સાથે કરા પડ્યા હતા. દક્ષિણ દિશા તરફથી ફુંકાતા ઠંડા પવનના લીધે દક્ષિણ ગુજરાતના તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.



કોરોના વાઈરસનો ભય સર્વત્ર ફેલાઈ રહ્યો છે. દવા ન હોવાથી કોરોનાથી બચવા તકેદારી રાખવાનું કહેવાય રહ્યુ છે ત્યારે વરાછાની મીની બજાર ખાતે મફતમાં માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. રત્નકલાકારોને સેવાભાવી લોકોએ દાનની સરવાણી વહાવીને મફતમાં લગભગ ૨ હજાર જેટલા માસ્કનું વિતરણ કર્યું હતું. મફતમાં મળતા માસ્ક લેવા માટે લોકોએ પડાપડી કરી મુકી હતી.

રાંદેરના પોસ્ટમેન અરવિંદ પટેલનું નિવૃત્તિ વયે સન્માન

સુરત

રાંદેર પોસ્ટ ઓફિસના પોસ્ટલ ક્લાર્ક શ્રી અરવિંદભાઈ જી પટેલ, ૪૦ વર્ષની સુદીર્ઘ નોકરી પછી નિવૃત્ત થતાં તા. ૨૮.૨.૨૦૨૦ના રોજ સબ પોસ્ટ માસ્ટર શ્રી જે.સી.ડાભીના પ્રમુખ સ્થાને અને શઅરી જોશી અને શ્રી દર્શાદ ભાઈ શેખના અતિથિ પદે યોજાયો હતો. શ્રી ઈર્શાદ ભાઈ શેખ. શ્રી . પી.પી. પટેલ અને અન્યો એ શ્રી અરવિંદભાઈ જી પટેલની કાર્યશૈલીને બિરદાવી હતી. આ પ્રસંગે રમેશ દેસાઈ ,શ્રી એ.એસ.પી. , શ્રી સિદ્ધપુરિયા ભાઈષ શ્રી જે.બી.રાણા, શ્રી દીપક દેસાઈ, મનહર પરમાર વગેરે અગ્રણીઓ હાજર રહ્યા હતા. સમગ્ર સ્ટાફ તરફથી પોસ્ટ માસ્ટર જેકીશન ભાઈ ડાભીએ શ્રી પટેલ ને પ્રતિક ભેટ, શાલ, પુષ્પગુચ્છ આપી બહુમાન કરવામાં આવ્યું હતું. તેમના પરિવારજનોનું પણ આ તકે સમ્માન થયું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી શરીક ખાને (પોસ્ટમેને) કર્યું હતું.



સુરતમાં વસતા રાજસ્થાની લોકો પરંપરાગત ગણગોરના તહેવારની ઉજવણી કરવામાં આવી રહી છે. મહિલાઓ દ્વારા ઉજવાતા તહેવારમાં ગણગોરને ભવ્ય શણગાર કરી મહિલાઓ ઉત્સાહપૂર્વક તહેવાર ઉજવતી હોવાનું તસ્વીરમાં જણાય છે.

ચાર લકઝુરીયસ કાર ભરી લઈ જવાતા વિદેશી દારૂના જથ્થા સાથે વડોદરાના કુખ્યાત બુટલેગર ઝુબેર મેમણ તથા તેના છ સાગરીતોને ઝડપી પાડતી ભરૂચ પોલીસ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાએ જીલ્લામાં ગેરકાયદેસર ની દારૂ/જુગાર ની પ્રવૃતિ નાબુદ કરવા કડક કાર્યવાહી કરવા સુચના આપેલ જેના અનુસંધાને એલ.સી.બી.ના પોલીસે ટેકનીકલ સર્વેલંસ અને હ્યુમન ઈટેલીજન્સના આધારે, વડોદરાના કુખ્યાત બુટલેગર ઝૂબેર મેમણને તેના ૦૬ સાગરીતો સાથે અલગ-અલગ ચાર વૈભવી કાર સાથે ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો નંગ-૨૭૩ ૬ કી.રૂ.૧૦,૯૪,૪૦૦/- તથા ફોર્ચ્યુનર તેમજ જીપ કંપાસ તથા ટાટા કેરીયર જેવી લકઝરીયસ કારો સાથે કુલ કી.રૂ.૬૭,૮૨,૭૦૦/- ના મુદામાલ સાથે ઝડપી લીધા હતા.

ઝુબેર મેમણ વડોદારાના વાડી વિસ્તારનો કુખ્યાત બુટલેગર છે તે ઘણાં ગુનાઓમા વોન્ટેડ છે તે પોતાની વૈભવી કાર જીપ પાયલોટીંગ કરી વિદેશી દારૂ દમણના ઉમેશ મોદી (મેડી)ના ત્યાંથી ભરી વડોદરાના લાલુ સિંધીને દારૂ પહોંચાડતો હતો. ઝુબેરા તથા તેના સહઆરોપીઓની હાલ પુછપરછમાં અનેક ચોંકાવનારા ખુલાસાઓ થવાની શક્યતાઓ છે

કબે કરવામાં આવેલ મુદામાલ: ભારતીય બનાવટ નો વિદેશી દારૂ ની અલગ-અલગ બ્રાન્ડની બોટલો નંગ-૨૭૩ ૬ જેની, કી.રૂ. ૧૦,૯૪,૪૦૦/- બે ફોર્ચ્યુનર તેમજ જીપ કંપાસ તથા ટાટા હેરીયર જેવી ચાર લકઝુરીયસ કાર જેની તથા મોબાઈલ ફોન તેમજ રોકડા રૂપિયા મળી કી.રૂ. ૫૬,૮૮,૩૦૦/- કુલ કી.રૂ.૬૭,૮૨,૭૦૦/- નો મુદામાલ

★ પકડાયેલ આરોપીઓ: (૧) ઝુબેર શફીભાઈ ગની મુલ્લા મેમણ રહે- મોગલવાડા, મુફીદ કિતાબ ઘર પાછળ વાડી, વડોદરા (૨) અનવર અભેસીંગ દરબાર રહે-જુની ગલી, મુકુલભારતી કુલ પાછળ, પાણીગેટ, વડોદરા (૩) ફઝલ રફીક મુલ્તાની રહે- સીવીલ કોર્ટની પાછળ, રંગ ઉપવનની બાજુમાં, બારડોલી (૪) ફિરોજ યાકુબભાઈ દિવાન રહે- મેમણ કોલોની ૧૨૫, મદીના એપાર્ટમેન્ટ, આજવા રોડ,વડોદરા (૫) અલ્તાફ હુસેન યાકુબ દિવાન રહે- મદાર મહોલ્લા, યાકુતપુરા વડોદરા(૬) મૈ યુદીન અલ્લારખાં શેખરહેવાસી- અજબડી મીલ, છોટે મસ્ત બાબાની દરગાહ પાસે, યાકુતપુરા, પાણીગેટ, વડોદરા(૭) નાસીરઅલી એહમદ અલી પઠાણ ઉ.વ.૪૨, રહેવાસી-સોમા તળાવ, વુડાના મકાન, ઘર નં -૧૪, બિલ્ડીંગ નં.-૧૩, વડોદરા

સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આજે આવેલા પ્રવાસીઓ અટવાયા : પ્રવાસીઓએ બહારથી જ મઝા માણી

અચાનક લેવાયેલા નિર્ણયથી અજાણ રાજય બહારના અમુક પ્રવાસીઓએ બહારથી નજારો માણી આનંદ વ્યક્ત કર્યો

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા :

કોરોના વાયરસને કારણે સાવચેતીના ભાગ રૂપે ગુજરાત સરકારે ૧૬ માર્ચ થી ૩૧ માર્ચ સુધી રાજયની શાળા, કોલેજો, તરણકુંડ આંગણવાડી, મલ્ટીપ્લેક્સ બંધ રાખવા આદેશ જારી કર્યા છે. એ સાથે જ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી પણ આગામી ૨૫ મી માર્ચ સુધી બંધ રાખવા નિર્ણય કર્યો છે.હવે અચાનક લેવાયેલા આ નિર્ણય થી અજાણ રાજય બહારના અમુક પ્રવાસીઓ ૧૮ મી માર્ચે સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આવી પહોંચ્યા હતા. સરકારના આ નિર્ણયને લીધે સ્ટેચ્યુ ઓફ યુનિટી ગેટ પર તાળુ જોતા તેઓ નિરાશ થયા હતા.જો કે એમને સ્ટેચ્યુ ઓફ યુનિટી પરીસરની બહારથી પ્રતિમાં જોઈ હતી અને સેલ્ફી લઈ મઝા માણી હતી.

આ તમામ પ્રવસીઓએ ઓન લાઈન બુકીગ કરાવ્યું હતું. ત્યારે પ્રવાસીઓના જણાવ્યા મુજબ તેઓએ સ્ટેચ્યુ ઓફ યુનિટી હેલ્પલાઈન નંબર પર ફોન કરતા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખુલ્લું હોવાનું જણાવ્યું હતું. એ બાદ તેઓ અહીંયા આવવા નીકળ્યા હતા,જો કે અચાનક લેવાયેલા નિર્ણયની અમને કોઈ જાણ થઈ ન હતી.અમને સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા મળ્યું તેનાથી અમે ખુશ તો થયા છે પણ વ્યુઈંગ ગેલેરીની ટિકિટ બુક હતી ત્યાં જઈ શક્યા ન હોવાથી અમે નિરાશ પણ થયા છે.સ્ટેચ્યુના અધિકારી દ્વારા ટિકિટનું રિફંડ ૪ દિવસમાં તેઓના ખાતામાં જમા થઈ જશે એ વાત જાણતાં થોડી રાહત મળી હતી.

પોઈચાનું સ્વામિનારાયણ મંદિર બંધ : મંદિરમાં સતત સેનેટાઈઝ ડિટરઝન લીકવીડનો છંટકાવ



(ભરત શાહ દ્વારા) - રાજપીપળા :

કોરોના વાયરસ ને વૈશ્વિક મહામારી જાહેર કરાયા બાદ રાજ્ય સરકાર સક્રિય થઈ છે અને ૨૯ માર્ચ સુધી શાળા, કોલેજો, મલ્ટીપ્લેક્સ ઉપરાંત અનેક પર્યટક સ્થળોને બંધ કરવાની જાહેરાત કરવામાં આવી છે જ્યાં વધારે પબ્લિક આવતી હોઈ એવા ધાર્મિક સ્થળો પણ સરકાર દ્વારા બંધ કરવાના આદેશ આપતા નર્મદા જિલ્લા ના પોઈચા ખાતે આવેલું નીલકંઠ ધામ સ્વામિનારાય મંદિર પણ આજથી ભકતો અને પ્રવાસીઓ માટે બંધ કરવામાં આવ્યું છે. આ મંદિરે શનિ અને રવિવારે ૧ લાખ કરતા વધુ પ્રવાસીઓ આવે છે અને ખાસ પ્રવાસીઓનું આકર્ષણ એવું સહજાનંદ યુનિવર્ષ છે જે પણ બંધ કરવામાં આવ્યું છે.

આ બાબતે વધુ માહિતી અપાતા મંદિરના સંત ચૈતન્યસ્વરૂપ સ્વામીએ જણાવ્યું હતું કે હાલ કોરોના વાયરસ ની અસર ન થાય તે માટે તમામ વિભાગો બંધ કર્યા છે અને મંદિર ખુલ્લું છે દર્શન માટે આ મંદિર પરિસર ને સેનેટાઈઝ ડિટરઝન લીકવીડનો છઁટ્કાવ કરવામાં આવી રહ્યો છે. અને દવાનો છંટકાવ કરી બચાવ કરી રહ્યા છે.

રાજપીપળા સિવિલમાં કૌરોના વાયરસ સંદર્ભે ૬૦ વર્ષથી વધુ વયના દર્દીઓની અલગ OPDની વ્યવસ્થાના હુકમનો અનાદર..?!

આરોગ્યની કડક સૂચના બાદ પણ રાજપીપળા સિવિલ કે જ્યાં ઓપીડીમાં રોજના અંદાજે ૨૫૦ જેવા દર્દીઓ આવતા હોવા છતાં હજુ સુધી વયોવૃધ્ધો માટે કોઈજ અલગ ઓપીડીની વ્યવસ્થા કરવામાં આવી નથી

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા:

નર્મદા જિલ્લાની વડી રાજપીપળા હોસ્પિટલનો ખાડે ગયેલો વહીવટ દિવસે દિવસે વધુ બગડતો જણાઈ રહ્યો હોય કોરોના ના કારણે આરોગ્ય કમિશ્નરની સૂચનાને પણ ઘોરીને પી ગયેલા હોય એમ સત્તાધીશો ત્યાં સારવાર માટે આવતા દર્દીઓ કે તેના સગાઓ તરફ તદ્દન નિષ્ક્રિય હોય તેમ જણાઈ રહ્યું છે.

હાલ કોરોનાનો હાઉ આખા દેશ અને વિશ્વસ્તરે જોવા મળી રહ્યો છે ભીડભાડ વાળી જગ્યાઓ બંધ કરાઈ છે ત્યારે એક બાદ એક સરકારના આદેશનું પાલન દરેક ખાતું કરી રહ્યું હોવા છતાં રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં આરોગ્ય કમિશ્નર તરફ થી આવેલા પત્રને જાણે નજર અંદાજ કરાઈ રહ્યો હોય એમ લાગી રહ્યું છે.

આરોગ્ય કમિશનરના પત્રમાં જણાવ્યા મુજબ કોરૌના વાયરલ કે જેને WHO દ્વારા વશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. આ વાયરસનો ફેલાવો શ્વાસોશ્વાસ દ્વારા ડ્રોપલેટ દ્વારા સીધા સંપર્કથી થતો આવ્યો છે માટે રાજ્યમાં કોરોનાનો ફેલાવો ન થાય એ માટે તકેદારીના ભાગરૂપે મેડિકલ કોલેજો,સિવિલ હોસ્પિટલી અને આરોગ્ય કેન્દ્રો ખાતે



જગ્યાનો અભાવ હોય અલગ ઓપીડી શક્ય નથી: જ્યોતિ ગુપ્તા (સિવિલ સર્જન)

આ બાબતે રાજપીપળા સિવિલના સિવિલ સર્જન જ્યોતિ ગુપ્તાને પૂછતાં તેમણે જણાવ્યું કે અલગ ઓપીડી ચાલુ તો કરવી છે પરંતુ અમારે જગ્યા કંજસ્ટેડ છે.પરંતુ ડોક્ટરો ને સુચના આપી છે કે આવા વૃધ્ધો ને તપાસી લેવા એમનો વધુ સમય ન લેવો.



૬૫માં આવતા ૬૦ વર્ષથી વધુ વયના દર્દીઓને લાંબા ગાળાની બિમારીઓમાં હાઇપરટેશન, ડાયાબિટીસ હોય તેવા દર્દીઓ કે જેઓ સામાન્ય તાવ,શરદી, ઉધરસ તથા અન્ય વાયરલ ઈન્ટેકશનની સારવાર માટે OPDમાં આવ્યા હોય તેવા દર્દીઓની નિદાનની અલગ વ્યવસ્થા ઉભી કરી તેમને તાત્કાલિક સારવાર આપવી,જેથી તેઓ વધુ સમય સુધી અન્ય દર્દીઓના સંપર્કમાં ન રહે.

આવી કડક સૂચના બાદ પણ હજુ સુધી રાજપીપળા સિવિલ કે જ્યાં રોજના અંદાજે ૨૫૦ જેવા દર્દીઓ આવતા હોવા છતાં હજુ સુધી આ વયોવૃધ્ધો માટે કોઈજ અલગ ઓપીડી ની વ્યવસ્થા કરવામાં આવી નથી ત્યારે ન કરે નારાયણ કોઈ દર્દી કોરોના નો શિકાર બને તો એ માટે કોણ જવાબદાર...? આરોગ્ય કમીશ્નર માંથી આવેલો પત્ર છતાં પણ સત્તાધીશો કેમ પોતાની મનમાની કરે છે..?

ધરણા બાદ આગળ વધતુ ભાટીયા ટોલ ટેક્સ મુક્તિ જન આંદોલન

સુરત

કામરેજ ટોલનાકા ઉપર સ્થાનિક વાહનોને ટેક્સ મુક્તિ આપવામાં આવી છે. પરંતુ છેલ્લા ૪૨ દિવસથી ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિએ ભાટીયા ટોલનાકા ઉપર સ્થાનિક વાહનોને ટેક્સ મુક્તિ આપવા માટે છેલ્લા ૪૨ દિવસથી લડત ચલાવી રહી છે. લોકસમર્થન માટે બેઠકો, સાંસદો સભ્યોને રજૂઆત, કલેક્ટરને રજૂઆત સહિત ધરણાં પણ સંઘર્ષ સમિતિ દ્વારા યોજવામાં આવ્યા હતા. તેમ છતાં ભાટીયા ટોલનાકાના સંચાલકો, એનએચએઆઈ વિભાગના અધિકારીઓ હજુ સુધી મચક આપતા નથી.

ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિના આગેવાન અને સુરત જિલ્લા પંચાયતના સભ્ય દર્શન નાયકે જણાવ્યું હતું કે જો આગામી દિવસોમાં ભાટીયા ટોલનાકાના પ્રશ્નનું નિરાકરણ નહીં આવશે ધીરજ રાખીને બેઠેલી પ્રજા નેશનલ હાઈવે ૮ અને ૬ તથા હજીરા-ધુલીયા હાઈવે ઉપર અનેક જગ્યાએ ચક્કાજામ કરશે. આગામી દિવસોમાં ચક્કાજામ કરવા માટે સંઘર્ષ સમિતિના આગેવાનો ઠેર ઠેર બેઠકોનો દોર શરૂ કરી લીધો છે. આ ચક્કાજામનો કાર્યક્રમ ક્યારે અને ક્યાં રાખવા એ અંગે બેઠકોની ચર્ચા કરવામાં આવી રહી છે.

રાજપીપળા કોર્ટમાં પણ થર્મલ ચેકીંગ શરૂ કરાયું: વકીલો અસીલોને ટેસ્ટિંગ બાદ કોર્ટમાં પ્રવેશ

તા.૧૭ થી ૩૧ માર્ચ સુધી કોરોના વાયરસના પ્રસારને અટકાવા અદાલતના તમામ કેસો મુલત્વી રાખવા, અરજન્ટ મેટર સીવાયની કોઈ કાર્યવાહી હાથ નહિ ધરાય તેવી સૂચના



(ભરત શાહ દ્વારા) - રાજપીપળા :

કોરોના વાયરસના કારણે હાઇકોર્ટના આદેશ મુજબ રાજપીપળા ખાતે આવેલી કોર્ટમાં પણ તા.૧૭ થી ૩૧ માર્ચ સુધી કોરોના વાયરસના પ્રસારને અટકાવા અદાલતના તમામ કેસો મુલત્વી રાખવા તેમજ અરજન્ટ મેટર સીવાયની કોઈ કાર્યવાહી હાથ નહિ ધરાય તેવો નિર્ણય કરાયો હોય હાલ અરજન્ટ મેટર માટે આવતા વકીલો તેમજ અસીલોનું પણ કોર્ટના મુખ્ય ગેટ ઉપર થર્મલ ચેકીંગ ચાલુ કરાયું છે કોર્ટમાં આવતા તમામને ટેસ્ટિ બાદ પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.

હાઈકોર્ટના આદેશ મુજબ અરજન્ટ મેટર સીવાયની કોઈ કાર્યવાહી હાથ નહી ધરવી તથા કોર્ટમાં પક્ષકારોએ ભેગા ન થવા સુચના આપવામાં આવી હોઈ કોઈ પણ પક્ષકારે કોર્ટમાં બીન જરૂરી બેસવું નહિ તેવી પણ સૂચના મારવામાં આવી છે તેમ નર્મદા બાર એસોસિયેશનના પ્રમુખ કું.વંદનાબેન ભટ્ટે જણાવ્યું હતું.

કોરોના દહેશત વચ્ચે સુરક્ષાના કારણે રાજપીપળા નગર પાલિકા પુસ્તકાલય પણ ૩૧ તારીખ સુધી બંધ

શાળા, કોલેજો, સ્ટેચ્યુ સહિતની જગ્યાઓ સુરક્ષાના કારણે બંધ હોય ત્યારે પુસ્તકાલયમાં પણ વાંચકોની ભીડ વધતા આ નિર્ણય લેવાયો

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા :

કોરોનાની દહેશતે વિશ્વને હચમચાવી નાખ્યું છે. સરકારના આદેશ મુજબ તમામ જિલ્લામાં સુરક્ષાના ભાગરૂપે શાળા, કોલેજો સહિતની શૈક્ષણિક સંસ્થા કે ભીડ વાળી જગ્યાઓ બંધ કરાઈ હોય નર્મદા જિલ્લામાં પણ આ તમામની સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી પણ બંધ રાખવા નિર્ણય લેવાયો છે ત્યારે રાજપીપળા નગરપાલિકા સંચાલિત લાયબ્રેરી પણ સુરક્ષાના કારણે ૩૧ માર્ચ સુધી બંધ કરવામાં આવી છે.



મોટી જગ્યા અને વધુ વાંચકો આવતા હોય સુરક્ષા માટે નિર્ણય લેવાયો : ચીફ ઓફિસર

રાજપીપળા શહેરમાં દરબાર રોડ સ્થિત નગરપાલિકા સંચાલિત પુસ્તકાલયમાં અન્ય લાઈબ્રેરી કરતા મોટી જગ્યા હોય જેમાં વાંચકોની સંખ્યા વધુ હોવાથી તેમજ હાલ શૈક્ષણિક સંસ્થાઓ બંધ હોય વાંચકોની સંખ્યા પણ ઘણી વધતા સુરક્ષાના કારણે અને ઉપર થી હુકમ થતાં હાલ આ પુસ્તકાલય બંધ કરાઈ છે તેમ ચીફ ઓફિસર જયેશ પટેલે જણાવ્યું હતું.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રી ૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટરઃ** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટરઃ** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટરઃ** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટરઃ** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)